'સસ્તું' સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

# સંત તુકારામ

[ ચરિત્ર ]



ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨

Scanned by CamScanner

I-3587

'સસ્તું' સાહિત્ય' એટલે ભાવમાં ઊંચું સાહિત્ય

# સંત તુકારામ

[ સંક્ષિપ્ત ચરિત્ર ]

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨

1081/1417

★

સવા રૂપિયો.

Scanned by CamScanner

સંવત ૨૦૨૩ : : ઈ. સ. ૧૯૬૬

શ્રી લક્ષ્મણ રામચંદ્ર પાંગારકરના મરાઠી પુસ્તકના આધારે
શ્રી જયન્ત પરમારે તૈયાર કરેલી સંક્ષિપ્ત આવૃત્તિ

Serving JinShasan
031320
gyanmandir@kobatirth.org

(c)
[ સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે. ]

1500-12-'66

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ લ૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ : : અમદાવાદ

# નિવેદન

ગુજરાતમાં જે સ્થાન નરસિંહ મહેતાનું છે તે સ્થાન બલકે તેથીય વિશેષ મહારાષ્ટ્રમાં સંત તુકારામનું છે. નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં ગાનારને જે આંતરિક આનંદ મળે છે તેવો જ બલકે તેથી યે વિશેષ આનંદ સંત તુકારામના અભંગોના ગાનારને મળે છે. સાક્ષાત્કાર પામેલા સંત તુકારામનું આ સંક્ષિપ્ત ચરિત્ર મુમુક્ષુઓને પ્રેરણાદાયી થઈ પડશે.

'સંત તુકારામ' નામે મૂળ મરાઠી પુસ્તક ઉપરથી શ્રી લક્ષ્મણ નારાયણ ગર્દેએ હિંદી ભાષાંતર કરેલું અને તે ગીતાપ્રેસ ગોરખપુરથી પ્રસિદ્ધ થયેલું. તેનું ગુજરાતી ભાષાંતર સંવત ૧૯૯૩માં આ સંસ્થા તરફથી પ્રગટ થયેલું. તે ઘણા સમયથી અપ્રાપ્ય છે. એ ગ્રંથ ખૂબ વિસ્તૃત હોવાથી મૂળ મરાઠી ગ્રંથ ઉપરથી જ ટૂંકાવીને કરાવેલા ભાષાંતરની આ સંક્ષિપ્ત આવૃત્તિ નવેસરથી તૈયાર કરાવીને પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સંત તુકારામનાં પુસ્તકો 'તુકારામ ગાથા,' 'તુકા મ્હણે' અને 'સાક્ષાત્કારને પંથે તુકારામ' પણ સંસ્થાએ અગાઉ પ્રકટ કર્યાં છે, તે પૈકી છેલ્લું પુસ્તક હાલ મળે છે.

વલ્લભવિદ્યાનગર, તા. ૧૯-૧૨-'૬૬ } 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ વતી
એચ. એમ. પટેલ (પ્રમુખ)

Scanned by CamScanner

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | પૂર્વજીવન ... ... | ૭ |
| ૨ | વારકરી સંપ્રદાય ... ... | ૧૯ |
| ૩ | ધર્મગ્રંથોનો અભ્યાસ ... | ૨૫ |
| ૪ | ગુરુકૃપા અને કાવ્યસ્ફુરણ ... | ૩૨ |
| ૫ | મનની શુદ્ધિનો ઉપાય ... | ૩૮ |
| ૬ | સગુણ ભક્તિ ... ... | ૫૧ |
| ૭ | વિઠ્ઠલ સ્વરૂપ ... ... | ૫૬ |
| ૮ | સગુણ સાક્ષાત્કાર ... | ૫૯ |
| ૯ | નૈઘવૃષ્ટિ ... ... ... | ૭૫ |
| ૧૦ | સંત–પત્ની જિજાઈ ... | ૮૮ |
| ૧૧ | સદેહે વૈકુંઠ પ્રયાણ ... ... | ૯૬ |
| ૧૨ | શિષ્ય સમુદાય ... ... | ૯૯ |


Scanned by CamScanner

# સંત તુકારામ

Scanned by CamScanner

# ૧ : પૂર્વજીવન

મહારાષ્ટ્રમાં તીર્થોના રાજા જેવું પંઢરપુર ગણાતું એ તેરમી સદીમાં જ્ઞાનેશ્વરે આળંદીનું માહાત્મ્ય વધાર્યું. એકનાથને લીધે સોળમી સદીમાં પૈઠણ જાણીતું થયું અને સત્તરમી સદીમાં સંત તુકારામે દેહુને વિશ્વવિખ્યાત કર્યું. દેહુ પૂના જિલ્લામાં ઇંદ્રાયણી નદીને કિનારે આવેલું નાનકડું ગામ છે. દેહુ ગામની સામે થોડે જ છેટે નાના-મોટા થોડાક ડુંગરા આવેલા છે.

સંત તુકારામના જન્મ સમયના મહારાષ્ટ્ર વિષે તુકારામનાં જ શિષ્યા બહિણાબાઈ આમ કહે છે: 'જ્ઞાનદેવે જેનો પાયો નાખ્યો, નામદેવે જેને ચોતરફ ફેલાવ્યો, એકનાથે જેના પર ધજા ફરકાવી એ ભાગવતધર્મના મંદિરનો કળશ સંત તુકારામ બન્યા.'

ભાગ્યશાળી પિતા બોલ્હોબા અને પુણ્યશાળી માતા કનકાઈને ત્રણ પુત્રો થયા: સાવજી, તુકોબા અને કાન્હોબા. બોલ્હોબા પૂરા વેપારી, ખેતીવાડી અને ધીરધારમાં પારંગત હતા. બીજા પુત્ર તુકોબા(તુકારામ)ના જન્મ વખતે કનકાઈને વૈરાગ્યનું દોહદ થવા લાગેલું. એકાંતમાં બેસવું, કોઈની સાથે બહુ બોલવું નહિ, દુન્યવી પ્રપંચો તરફ ધ્યાન આપવું નહિ વગેરે પ્રકારની ઉદાસીનતા આવી ગઈ. કનકાઈને પેટે મહાન વિષ્ણુભક્ત અવતરવાનો હતો એટલે જ હોય કે

Scanned by CamScanner

કોણ જાણે પણ એ સંત નામદેવનાં ભજનો સાંભળતી, કીર્તનોમાં જતી અને વિઠ્ઠલ ભગવાનના મંદિરમાં વિઠોબા-રખુમાઈની (કૃષ્ણ-રુક્મિણીની) મૂર્તિ સામે કલાકો સુધી ધ્યાન ધરી બેસી રહેવાનું એને મન થતું. એ કનકાઈએ સંવત ૧૬૬૫માં તુકોબાને જન્મ આપ્યો. તે પછી કાન્હોબાનો જન્મ થયો. સાવજી, તુકોબા અને કાન્હોબા જેવા ત્રણ પુત્રોની બાળલીલા જોઈને બોલ્હોબા અને કનકાઈના આનંદનો પાર નહોતો.

તુકોબાની જિંદગીનાં શરૂનાં તેર વર્ષ માતપિતાની સુખશીતળ છાયામાં ખૂબ આનંદથી પસાર થયાં. બહારના છોકરાઓ સાથે રમવાનો તેમને ખૂબ શોખ હતો એમ લાગે છે. શ્રીકૃષ્ણની અને તેમના સાથીઓની બાળલીલા ખૂબ ઉત્સાહથી અને કુશળતાથી તેમણે વર્ણવી છે. ગેડીદડા, ગિલ્લીદંડા, લંગડી, આટાપાટા, ખો-ખો, મારદડી, આમલી-પીપળી વગેરે વિષે લખેલા અભંગોમાં તેઓ ખૂબ ખીલ્યા છે. આ બધા પરથી લાગે છે કે બાળપણમાં એ કોઈ એકલદોકલ છોકરા જેવા નહિ, પણ ખૂબ હોંશથી રમતમાં ભાગ લેનાર ઉત્સાહી ખેલાડી હોવા જોઈએ. પણ એથી કોઈ એવું ન માની બેસે કે તુકોબાનું બાળપણ ખેલવા-કૂદવામાં જ વીત્યું હતું. ખેલાડીપણાનો રંગ તેમની ભાષામાં દેખાય છે એટલું જ કહેવાનું છે. પાંડુરંગ ભગવાનના ભજન તરફ તો એ મૂળથી જ ઢળેલા હતા.

એ સમયના રિવાજ મુજબ બોલ્હોબાએ એમના ત્રણે પુત્રોનાં લગ્ન સમયસર કરી નાખ્યાં. આ લગ્નો બાળ-પણમાં જ થયાં. તુકોબાના પહેલા લગ્ન વખતે તેમનું વય

Scanned by CamScanner

ચૌદ વર્ષનું હશે. તેમની પત્નીનું નામ રખુમાઈ હતું, પણ એક જ વરસમાં, રખુમાઈ દમથી પીડાય છે એવી જાણ થતાં તુકોબાનાં મા-બાપે, પૂનાના આપ્પાજી ગુળવે નામના એક ધનવાન શાહુકારની પુત્રી સાથે તુકોબાને બીજી વાર પરણાવ્યા. તુકોબાની આ બીજી પત્નીનું નામ જિજાઈ હતું. આમ ઘેર વહુઓ આવવાથી કનકાઈના સંસાર-સુખનો પાર રહ્યો નહિ હોય! પહેલી પત્ની હોવા છતાં બીજી પત્ની કરવાનો ગુનો તુકોબાને દેખાતો નથી એ આથી સ્પષ્ટ થાય છે.

બધી રીતે સુખમાં મહાલતાં માતપિતાએ એક દિવસ મોટા દીકરા સાવજીને બોલાવીને કહ્યું : 'તમને આ બધું સોંપીને અમે મુક્ત થવા માગીએ છીએ.' પણ સાવજીએ નમ્રતાપૂર્વક છતાં ચોખ્ખું જણાવી દીધું કે, 'મારે આ જંજાળમાં પડવું નથી. જાત્રા કરીને માનવદેહને સાર્થક કરવાનો મેં નિર્ણય કર્યો છે.' બોલ્હોબાએ તેને ખૂબ સમજાવી જોયો પણ કશો અર્થ સર્યો નહિ.

આમ મોટા પુત્ર તરફથી નિરાશા સાંપડી એટલે પિતાએ બીજા પુત્ર તુકોબા ઉપર સંસારનો બધો બોજ નાખ્યો. તુકોબાએ તેર-ચૌદ વર્ષની કિશોર વયે ગળે પડેલી આ સંસાર-ધૂંસરી સ્વીકારી લીધી. હિસાબ-કિતાબ, ખેતી અને જાગીર તરફ ધ્યાન આપવાનું, દુકાનની વ્યવસ્થા બરોબર જોવી વગેરે બધાં કામો ધીમે ધીમે શીખી લઈને કુશળતાપૂર્વક ચલાવ્યાં. આમ શૂદ્ર જાતિમાં જન્મ્યા છતાં ધંધે વેપારી એવા પિતાનો આ પુત્ર ખૂબ હોશિયાર, કુશળ, મહેનતુ અને પ્રામાણિક છે એવું બધા કહેવા લાગ્યા.

Scanned by CamScanner

ચોપડા તપાસીને બધી મૂડી પહેલી જાણી લીધી. પિતાએ ઉપદેશ આપ્યો કે, 'જાતે લેવડદેવડ કરવી અને નફા–નુકસાનનું ધ્યાન રાખવાથી જ છેવટે આપણું હિત થાય છે.' પોતે એનું બરોબર પાલન કરશે એવી તુકોબાએ ખાતરી પણ આપી દીધી! તુકોબા આવું બોલી તો ગયા, પણ તેમના અંતરાત્માને તો 'સંસારમાં જે કંઈ લાભ છે તે શ્રીહરિ છે અને અશાશ્વત એવો ધનસંચય નુકસાન છે. આ લાભ–નુકસાન ધ્યાનમાં રાખીને શ્રીહરિપદરૂપી પરમ લાભ પ્રાપ્ત કરી લે' એવો ઉપદેશ કોઈક અદૃશ્ય શક્તિએ આપી દીધો. આમ ચાર વર્ષ સંસાર સારી રીતે ચલાવીને તુકોબાએ લોકો પાસે વાહવાહ કહેવડાવી.

આ ગાળામાં માબાપનું સુખ–ખાસ કરીને માતાનું સુખ–ખૂબ સારી રીતે તુકોબાને સાંપડ્યું છે એવું તેમના અભંગો ઉપરથી લાગે છે. ભગવાનને માતા અને પિતા બન્ને આપણે કહીએ છીએ; છતાં તેમણે ભગવાનને મોટે-ભાગે માતૃભાવે જ ભજ્યા છે. માતપિતાના એકસરખા જ ઉપકાર હોય છે; છતાં શ્રુતિમાં માતાનો ઉલ્લેખ પહેલો છે. 'માતા' એ શબ્દમાં જે માધુર્ય છે, જે જાદુ છે, જે પ્રેમભંડાળ છે તે બીજા કોઈ શબ્દમાં નથી.

આમ સુખમાં કેટલાંક વર્ષો વીત્યાં, પણ ભગવાનની ઇચ્છા તુકોબાને સંસારરૂપી બંધનમાંથી મુક્ત કરીને લોકોનો ઉદ્ધાર કરવાના કામમાં પરોવવાની હતી, એટલે તેમની ઉપર એક પછી એક એવાં કારમાં સંકટો નાખ્યાં અને સંસાર માટે રચાતા સ્નેહબંધની પાળ તોડી નાખી. તુકોબા સત્તર વરસના થયા ત્યાં તો પિતાનું અવસાન થયું, અને

Scanned by CamScanner

મોટા ભાઈ સાવજીની પત્ની પણ મોતના મોંમાં ઝડપાઈ ગઈ. આથી તેમને ખૂબ દુઃખ થયું અને શોકમાં ગરકાવ થઈ ગયા. બીજે વરસે સાવજી પણ જાત્રા કરવા ચાલ્યો ગયો. શરૂથી જ સાવજી સંસાર પ્રત્યે ઉદાસ હતો. તેમાં પત્નીનો પાશ છૂટતાં એ વધારે વિરક્ત બની બેઠો. એ વખતે સાવજીની ઉંમર પણ બહુ મોટી નહોતી. પૂરાં વીસ વર્ષ પણ નહિ થયાં હોય; તોપણ બીજું લગ્ન કરીને ફરીથી એ જંજાળમાં ફસાવાની એની તૈયારી નહિ હોવાથી હવે શેષ જીવન હરિભજનમાં ગાળવું છે એમ વિચારીને તેણે દેહુ ગામ છોડયું. સાત પુરી (નગરી), બાર જ્યોતિર્લિંગ, પુષ્કર વગેરે તીર્થોની જાત્રા કરતાં કરતાં એ કાશીએ પહોંચ્યો અને ત્યાં સત્સંગમાં અને આત્મચિંતનમાં તેણે બાકીનું જીવન વિતાવ્યું.

આ તરફ તુકોબાને મોટા ભાઈના વિયોગનું ભારે દુઃખ સાલ્યું. પિતાનું અવસાન અને મોટા ભાઈનું ચાલ્યા જવું તેમને અસહ્ય થઈ પડ્યાં. સંસારમાં એમનું ધ્યાન ખૂબ ઓછું થઈ ગયું. તેમની આ ઉદાસીનતાનો ફાયદો લેણદારોએ લીધો અને પૈસા માટે તકાદો કર્યો. જેમને પૈસા ધીરેલા એ બધાંએ દેવાળાં કાઢ્યાં એટલે એ પૈસા તો જતા રહ્યા. આમ બાપીકી મિલકત હતી-નહતી થઈ ગઈ. બે પત્ની, એક બાળક, નાનો ભાઈ, બહેન વગેરે કુટુંબને પોષવા પૈસા તો મેળવવા જ પડે. એટલે ચૌટામાં તુકોબાએ પરચૂરણ ચીજોની એક દુકાન ખોલી. મોંએ 'વિઠ્ઠલ-વિઠ્ઠલ' બોલ્યા કરવું, જૂઠું બોલવું નહિ, દગા-બાજીનો વેપાર કરવો નહિ, બધા પર દયા રાખીને છૂટે હાથે માલ આપવો અને ધંધાની ચિંતા ન કરવી. એ

Scanned by CamScanner

રીતે ચાર વરસ નીકળી ગયાં. પણ આવી નીતિને કારણે દુકાનમાંથી ચાર પૈસા મળવાને બદલે એ ખોટનો ધંધો થઈ પડ્યો. ટાઢ, તડકો, ઊંઘ કે આળસને ગણકાર્યા વિના રાત–દિવસ દુકાનમાં વિતાવે છતાંય પૈસો ન મળે. ઊલટાનું દેવું વધવા લાગ્યું. લેણદારો ઘરમાં પેસીને ચીજ–વસ્તુઓ પણ લઈ ગયા. દેવાળું કાઢવાનો વખત આવ્યો. સગાં-સંબંધીઓ એકાદ વાર બચાવી શકે કે એકાદ વાર સસરા પણ મદદ કરે, પણ ક્યાંય મેળ ન બેઠો. પહેલી પત્ની ગરીબ હતી, પણ બીજી પત્ની જિજાઈ ખૂબ તેજ સ્વભાવની હતી. ઘરમાં તેણે ધોલ–ધપાટ અને કર્કશતા શરૂ કરી દીધી.

સંસારનો આ તડકો તુકોબા ઉપર સવાર થઈ બેઠો. ઘરમાં પત્નીનો કકળાટ અને બહાર લેણદારોના તકાદાને લીધે તેમની સ્વસ્થતા હરાઈ ગઈ. મન કકળી ઊઠ્યું. જે કરે એ બધું જ ઊંધું થવા લાગ્યું. એક વખત રાતે બળદ ઉપર અનાજ લાદીને આવતી વખતે એક આખી ગૂણી રસ્તામાં પડી ગઈ. ઘરમાંનાં ચાર ઢોરમાંથી ત્રણ કોઈ રોગથી અકસ્માત મરી ગયાં. જે પ્રસંગ ટાળવા માટે એ મથતા એ જ આવી પડ્યો. તેમનું દેવાળું નીકળ્યું. પછી તો ગામ આખું તેમની પાછળ પડ્યું. 'તું વિઠોબાનું નામ ઉચ્ચારે છે તેનું જ આ ફળ' એમ કહીને બધાં તેમને ચીડવવા લાગ્યાં. કોઈ તેમના સામું જોતું પણ નહિ. ઉછીનું કે ઉધાર કોઈ તેમને આપતું જ નહિ.

ત્યાર પછી એકવાર તુકારામે ખૂબ હિંમત ભેગી કરીને મરચાં વેચાતાં લીધાં અને કોથળાઓ ભરીને એક દિવસ કોંકણ તરફ ગયા. ત્યાં પણ તેમના ભોળપણને લીધે લુચ્ચાઓએ લૂંટી લીધા અને પૈસા ડૂબ્યા. ભગવાનની

Scanned by CamScanner

દયાથી થોડા પૈસા વસૂલ થયા. એ લઈને પાછા ફરતાં રસ્તામાં એક ધુતારાએ પિત્તળનું ઢાળ ચડાવેલું કડું સોનાનું કહીને તુકારામને વેચ્યું અને રૂપિયા લઈ ગયો. તુકારામ ગામમાં આવ્યા તે પછી એ કડું સોનાનું નહિ પણ પિત્તળનું છે એવી ખબર પડી, એટલે લોકોએ તેમને ફજેત કર્યા; અને પત્નીએ તો તેમને બરાબર ઉધડે લીધા. આ રીતે પૈસાને બદલે લોકનિંદા મળી.

આમ બનવા છતાં વધુ એક વાર જિજાઈએ પોતાને નામે બસો રૂપિયા લાવીને તુકોબાને આપ્યા. તુકોબા એનું મીઠું ખરીદીને દૂર દેશાવર લઈ ગયા અને બસોના અઢીસો કર્યા. પણ પાછા વળતી વખતે રસ્તામાં ગરીબીને લીધે નંખાઈ ગયેલો એક બ્રાહ્મણ મળ્યો અને તે મદદ માટે ખૂબ કાકલૂદીઓ કરવા લાગ્યો. એટલે તુકારામને મનમાં દયા આવવાથી તેમણે બધા રૂપિયા તેને આપી દીધા. ઘેર આવતાંની સાથે જ જિજાઈએ તેમની બરાબર ખબર લઈ નાખી.

એવામાં આખા પૂના જિલ્લામાં ભયંકર દુકાળ પડ્યો. માણસો અને બાળકો ધાન વિના હેરાન થવા લાગ્યાં. વરસાદ પડ્યો નહિ, પીવાનું પાણી પણ દુર્લભ બની ગયું, ઘાસ વિના ઢોરો ટપોટપ મરવા લાગ્યાં. તુકારામની પહેલી પત્ની બીજા લોકોની જેમ ભૂખે મરી ગઈ. તેઓ ફજેત તો થયા હતા અને ઘરમાં અનાજનો એક દાણો પણ નહોતો. તેમને કોઈ બારણે ઊભા રહેવા નહોતા દેતા. બજારમાં રૂપિયે શેર અનાજ વેચાયું. અનાજ વિના મોટી અને લાડકી પત્ની મરી ગઈ એ વાતથી તેમને ભારે દુઃખ થયું. પત્નીની પાછળ પાછળ તેમનો પહેલો અને લાડકો

Scanned by CamScanner

પુત્ર સંતોબા પણ મરી ગયો. માતા પણ મરી પરવાર્યાં, આમ દુઃખની અવધિ ન રહી. પિતાના અવસાન પછીનાં ચાર–પાંચ વરસમાં તો તુકારામનો સંસાર છિન્નભિન્ન થઈ ગયો. ઢોર–ઢાંખર, પત્ની, પુત્ર, આબરૂ–એ બધાંને સાથે ગુમાવવાથી તુકારામ પર જાણે દુઃખનો ડુંગર તૂટી પડ્યો. એમનું અંતઃકરણ કકળી ઊઠ્યું. દેહુ ગામમાં રહેવા પગ ના પાડતો હતો. આમ તેમનો સંસાર છિન્નભિન્ન થઈ ગયો.

સંસારમાં સુખ–દુઃખ સૌ કોઈને આવે છે. તુકોબાએ આ દુનિયામાં માંડ ચાર સારાં વર્ષો ગાળ્યાં ત્યાં જ મિલકતનો નાશ, અપમાન, દુકાળ અને આપ્તજનોનાં મૃત્યુ વગેરે એક પછી એક દુઃખોનો ખડકલો થઈ ગયો. સંસારનું ભયંકર સ્વરૂપ આથી તેમને દેખાયું. મા, બાપ, ભાભી, પત્ની અને પુત્ર બધાં ખપી ગયાં અને કપરા કાળમાં બધાં દુઃખો એકી સાથે પોતાના પર આવી પડ્યાં, તેથી તેમના મનને પહેલો અને મોટો ધક્કો લાગ્યો. ચોમેર ઉદાસીનતા વ્યાપી ગઈ. આવે વખતે જો જિજાઈ શાંત સ્વભાવનાં હોત તો તેમણે પતિનું દિલ પ્રેમથી બહેલાવ્યું હોત, પોતાના આંતરનાદ પ્રમાણે વર્તીને સંસારવૃક્ષ ઉપરથી ઊડી જનારા પંખીની જેમ ઊડી જતા તેમના મનને જિજાઈના મીઠા બોલે કદાચ સંસારમાં જકડી લીધું હોત, પણ આ આપણો તરંગ શા કામનો ?

ભગવાને નક્કી કર્યા પ્રમાણે દુનિયાનો ક્રમ ચાલે છે. સામાન્ય માણસો દુઃખના બોજથી ચગદાઈ મરે છે, પણ એ જ દુઃખ સદ્ભાગી મનુષ્યોના ઉદ્ધારનું કારણ બને છે. તુકોબાને પણ આ સદ્ભાગીની કોટીમાં મૂકી શકાય. આવા કપરા કાળમાં પણ તેમણે અપાર ધીરજ દાખવી.

Scanned by CamScanner

દુઃખના પ્રસંગો જ આપણા હિતનાં બારણાં ખોલે છે. આપણે શાણપણ કેળવી શકીએ તે માટે ભગવાન સારા-ખોટા પ્રસંગો વડે આપણી કસોટી કરે છે અને ડહાપણના પાઠ શીખવે છે. પણ એ શીખવાને બદલે આપણે મૂઢ અને ઠોઠ નિશાળિયાની જેમ વારંવાર ભગવાનના હાથની લાકડીનો માર ખાઈએ છીએ. કોઈક પુણ્યશાળી જ આવા પ્રસંગોમાંથી ભગવાનની ઇચ્છા જાણીને વધુ ને વધુ ડાહ્યા બને છે. સર્વજ્ઞ ભગવાન જે કરે છે તે આપણા હિત માટે જ કરે છે એવો અડગ વિશ્વાસ પુણ્યશાળી લોકોને હોય છે.

**'જે કાંઈ થશે તે મારા હિત માટે.'**

જેવું સુખદાયક સૂત્ર, તત્ત્વવાક્ય તે ઉચ્ચારે છે અને તેને આધારે જ મહાન આપત્તિ વખતે પણ એ અડગ રહી શકે છે.

સામાન્ય માણસોમાં અને મહાત્માઓમાં આ જ મોટો ફરક છે. દુઃખોના ડુંગરા જેમ જેમ વધુ ખડકાય છે, તેમ તેમ તેમની નિષ્ઠા વધુ મજબૂત થાય છે. તુકોબા ઉપર આટલાં બધાં દુઃખ આવી પડ્યાં અને દુકાળમાં હજારો માણસોને ટપોટપ મરતાં તેમણે જોયાં ત્યારે મૃત્યુ-લોકની રીત સમજાઈ, અને તેમના મનમાં વૈરાગ્ય પેદા થયો. આ ભવસાગરમાંથી પાંડુરંગ સિવાય કોઈ તારનાર નથી એવો તેમને નિશ્ચય થયો.

માતા–પિતા અને પત્ની–પુત્ર મરી ગયાં ત્યારે પણ આ ધીર પુરુષે,

**'વિઠો ! તારું–મારું રાજ,**
**નહિ બીજા કો'નું કાજ.'**

ગાઈને ભજન-સુખનો સંતોષ માન્યો. દેવાળું નીકળ્યું, દુકાળે કાળો કેર વર્તાવ્યો, પત્ની કર્કશા મળી, અપમાન થયું, પૈસો અને ઢોર-ઢાંખર ગયાં એટલે લોક-લાજ છોડીને તેઓ ભગવાનને શરણે ગયા અને કહ્યું કે આ બધું 'સારું થયું'; કારણ કે 'સંસાર વમન (ઊલટી) થઈને નીકળી ગયો અને તારું જ ચિંતન રહી ગયું.'

શરીર નાશવંત છે, મોતને ભેટવાનું જ છે, સંસાર હમેશાં દુઃખરૂપ છે. સુખમાં બધાં સાથ કરે છે એવો અનુભવ થતાં તુકોબા પ્રપંચો છોડીને અવિનાશી સુખ માટે મથ્યા. વૈરાગ્ય સહેલો નથી, ભગવાનની કૃપા વિના એ કોઈને મળતો નથી. જેના પર કૃપા કરવાની હોય છે તેને વૈરાગ્યનું દાન ભગવાન પહેલું આપે છે. આવો પરમ અને શુદ્ધ વૈરાગ્ય તુકોબાને મળ્યો અને પરમાર્થ માટે તે વાપરવાની તેમણે શરૂઆત કરી.

વૈરાગ્ય સાથે તદાકાર થવા માટે તેમણે એકાંત સેવ્યું. ભામનાથના ડુંગર ઉપર તે પહેલી વાર ગયા અને ત્યાં પંદર દિવસ રહ્યા. ભગવાનના ધ્યાન અને નામના જાપમાં એ બધો સમય તેમણે વિતાવ્યો.

**'પંદરમે દિને મને થયો સાક્ષાત્કાર,**
**વિઠોબા ભેટી પડ્યા મને નિરાકાર.'**

—આ અભંગમાં તુકોબા કહે છે: 'આ ભામગિરિ ઉપર બેસીને મેં ભગવાનનું ધ્યાન ધરવાનું શરૂ કર્યું. સાપ, વીંછી જેવાએ શરીરને ચટકા ભર્યા તેની વેદના થવા લાગી, પણ શરીર વિહીનતાનો થોડો અનુભવ થયો એટલે પંદરમે દિવસે વિઠોબાનો સાક્ષાત્કાર મને થયો.'

Scanned by CamScanner

આ બાજુ તુકોબા ઘેરથી ચાલ્યા ગયાની ખબર પડતાં જ જિજાઈ બેચેન બની ગયાં. જિજાઈનો સ્વભાવ ઉતાવળિયો હતો, છતાં તેઓ ભારે પતિવ્રતા હતાં. તુકોબા સિવાય તેમને કશું સૂઝતું નહિ. કાન્હોબાને તેમની શોધ-ખોળ માટે જિજાઈએ મોકલ્યા. અંતે ભામનાથ ઉપર તુકોબા મળી આવ્યા. ખૂબ આગ્રહ કરીને તુકોબાને ઘેર લઈ આવ્યા. તેમને જોઈને જિજાઈની ખુશીનો પાર ન રહ્યો. વડીલો તરફથી વારસામાં મળેલા બધા દસ્તાવેજો તુકોબા ઇંદ્રાયણીના વહેણમાં મૂકી દેવા લાગ્યા. એટલે કાન્હોબા નમ્રતાથી બોલ્યા: 'તમે તો હવે સાધુ થયા, પણ મારે સ્ત્રી–બાળકોનો નિભાવ કરવાનો છે. આ બધું ફેંકી દેશો તો મારા માટે શું રહેશે?' આ સાંભળીને તુકોબાએ કહ્યું: 'ખરી વાત છે. આમાંના અડધા દસ્તાવેજો લઈને તું જુદો થા અને તારો સંસાર ચલાવ. અમારો બધો ભાર હવે વિઠોબા ઉપર છે. મેં હવે આ મારો રસ્તો નક્કી કર્યો છે. પાંડુરંગ મારી સંભાળ રાખશે. તારા ઉપર હવે અમારો બોજો પડવા નહિ દઉં. તું તારો ભાગ લઈને જુદો થા. અમારી ચિંતા કરીશ નહિ.' અને અડધા દસ્તાવેજો તેમણે કાન્હોબાને હવાલે કર્યા અને પોતાના ભાગના તરત ઇંદ્રાયણીને અર્પણ કરી દીધા.

તુકોબાએ પોતાની બધી વૃત્તિઓ હવે પાંડુરંગ તરફ વાળી દીધી. આ વૃત્તિને પાછી ખેંચી લેનારી કે જકડી રાખતી એકકેય ખોટી આશા તેમનામાં રહી નહીં.

**'દેવાના બોજાથી જડ થયું શરીર,**
**સંસારમાં તરફડ્યો ખૂબ.'**

કરજનો આ અનુભવ તે મેળવી ચૂક્યા હતા. હવે

લેણદેણની કડાકૂડમાંથી કાયમનું છૂટીને નિશ્ચિંતપણે હરિભજનમાં મગ્ન રહેવા માટે દસ્તાવેજો પણ નદીમાં નાખી દીધા. આ પછી તેમણે કદી ધનનો સ્પર્શ સુદ્ધાં કર્યો નથી. ગરીબીએ બેહાલ બનાવ્યા, જરૂર પડયે ભિક્ષા ઉપર નિભાવ કર્યો, પણ જીવનભર ધનનો સ્પર્શ કરવાનો નિશ્ચય કરેલો એટલે સુવર્ણપાશમાંથી એ હમેશ માટે મુક્ત થયા.

ઘણા લાંબા સમય સુધી તુકોબાનો નિત્યક્રમ આવો હતો: સવારમાં પ્રાતઃક્રિયાથી પરવારીને વિઠોબાના મંદિરમાં જઈ પૂજા કરવી અને ઇંદ્રાયણીમાં થઈને સામે કિનારે ભામનાથ, ભંડારા કે ગોરાડા એ ત્રણમાંથી કોઈ પણ ડુંગર ઉપર જઈને જ્ઞાનેશ્વરી ગીતા કે એકનાથી ભાગવતના વાચનમાં કે ભગવાનના નામના જાપમાં આખો દિવસ એકાંતમાં ગાળવો. રાત પડે એટલે ગામમાં આવીને મંદિરમાં કીર્તન-શ્રવણમાં અને પછીના કીર્તન કરવામાં અડધી રાત ગાળીને પાછલી રાતે થોડી ઊંઘ લેવી.

આવી વિરક્તાવસ્થામાં રહેતાં રહેતાં તેમણે ભૂખ-તરસને જીતી લીધાં. ઊંઘ અને આળસ બન્ને ચાલ્યા ગયાં. આહારવિહાર જરૂર મુજબ થતા એટલે ઇંદ્રિયજિત થયા. આ બધું ધીમે ધીમે સાધ્ય બન્યું. સારા ગ્રંથોનું સેવન, નામસ્મરણ, કીર્તન, ધ્યાન અને અભ્યાસ આ જ અરસામાં થયો.

આમ સંસારનો અનુભવ લઈ અને તેની અસારતા જાણી લઈ તુકોબાએ પરમાર્થનો આ માર્ગ પકડ્યો.

Scanned by CamScanner

# ૨ : વારકરી સંપ્રદાય

પ્રપંચોથી થાકેલું તુકોબાનું મન સહજ રીતે જ પરમાર્થ તરફ વળ્યું. વૈરાગ્યથી શુદ્ધ થયેલા દિલમાં જ જ્ઞાનનાં બી રોપાય છે, એટલે વૈરાગ્ય સ્વીકાર્યા પછી તુકોબાએ કઈ સાધના દ્વારા ભગવાનની કૃપા મેળવી એ આપણે જોઈએ.

તુકોબાનું કુળ (વારકરી) જાત્રાળુઓનું. એટલે જાત્રાળુઓની રીતભાતો ઘરમાં તેમને જન્મથી જ શીખવા મળતી. આષાઢી અને કાર્તિકી એકાદશીની પંઢરપુરની જાત્રાઓ ઘરમાં ચાલુ હતી. વૈરાગ્ય પ્રાપ્ત થયા પહેલાં કેટલીય વખત એ પઢંરપુર જઈ આવ્યા હતા. જ્ઞાનેશ્વરી ગીતા અને એકનાથી ભાગવત, નામદેવ અને એકનાથના અભંગો તેમણે બાળપણથી જ ઘરમાં અને બહાર સાંભળ્યા હતા. એકનાથ મહારાજ આળંદીથી ગયા ત્યારથી આળંદીની જાત્રા વધી અને વારકરી સંપ્રદાયનો પ્રચાર પૂના જિલ્લામાં વધવા લાગ્યો. આળંદીમાં, પૂનામાં, દેહુમાં અને આસપાસનાં ગામોમાં એકાદશીનો ઉપવાસ, ભજનો, કીર્તનો વગેરેનું વાતાવરણ ખૂબ હતું. આવી પરિસ્થિતિમાં તુકોબાના મન ઉપર સહજ રીતે જ ઘરના વારકરી પંથની પકડ જામી. એ પંથનો જ ક્રમ તેમણે સ્વીકાર્યો અને આખરે પોતાના તપોબળથી એ પંથના જ્યોતિર્ધર થયા. કામ–ક્રોધ–લોભરૂપ સંસારમાંથી જીવ હટે એટલે માણસ મોક્ષમાર્ગી સજ્જનનો સંગ પહેલો કરે છે. સતત

Scanned by CamScanner

સત્સંગ, સારાં શાસ્ત્રોનો અભ્યાસ, ગુરુની કૃપા અને આત્મારામ સાથે મિલન—આ ક્રમથી જીવ સંસારની ગરબડમાંથી મુક્ત થાય છે.

વારકરી સંપ્રદાય ખૂબ જૂનો છે—સંત જ્ઞાનેશ્વરની પણ પહેલાંનો. મહારાષ્ટ્રનો એ ભાગવતધર્મ ગણાય. એના સિદ્ધાન્તો ટૂંકમાં આ પ્રમાણે છે :

( ૧ ) વિષ્ણુ ભગવાનના બધા અવતારો માનવા છતાં મુખ્ય શ્રીવિઠ્ઠલ( ગોપાળકૃષ્ણ )ની ઉપાસના.

( ૨ ) ગીતા, ભાગવત, રામાયણ, મહાભારત અને સંપ્રદાયપ્રવર્તક સંતોનું સાહિત્ય વાંચવું—સાંભળવું.

( ૩ ) અભેદભક્તિ, અદ્વૈતભક્તિ કે મુક્તિ માટેની ભક્તિનું ધ્યેય.

( ૪ ) અખંડ નામસ્મરણ એ મુખ્ય સાધન.

( ૫ ) 'રામકૃષ્ણહરિ' મુખ્ય મંત્ર હોવા છતાં શ્રીહરિનાં અનંત નામોનું સ્મરણ.

( ૬ ) ગરુડ, હનુમાન અને પુંડરીક જેવા ભકતોને માનવા.

( ૭ ) શંકરને આદ્યગુરુ માનવા.

( ૮ ) નારદ, પ્રહ્લાદ, ધ્રુવ, અર્જુન અને તેમણે સ્વીકારેલા બધા સંતોને માનવા.

( ૯ ) સંતોએ ઉચ્ચારેલા નામમંત્રોનું સ્મરણ કરવું.

( ૧૦ ) સંતો, ગાય, બ્રાહ્મણ અને અતિથિને પૂજ્ય ગણવાં.

( ૧૧ ) એકાદશી અને સોમવારનું મહાવ્રત કરવું.

Scanned by CamScanner

(૧૨) ચંદ્રભાગા, પંઢરપુર, ત્ર્યંબકેશ્વર, આળંદી, પૈઠણ, સાસવડ, ગંગા–ગોદા–યમુના અને કાશી–દ્વારકા–જગન્નાથ વગેરે મહાતીર્થ ગણવાં.

(૧૩) પરસ્ત્રી, પરધન, પરનિંદા, મદ્યમાંસ અને હિંસા વગેરે છોડી દેવાં.

(૧૪) વર્ણધર્મ, જાતિધર્મ, કુળધર્મ અને આશ્રમ-ધર્મનું પાલન કરવું.

(૧૫) સર્વ પ્રત્યે દયા, સમતા દાખવીને બધાંને ઉપયોગી થઈ પડવાનું પરોપકારવ્રત સ્વીકારવું.

વારકરી સંપ્રદાયના આ મુખ્ય સિદ્ધાન્તો છે. તુકોબાની પહેલાં આ જ સિદ્ધાન્તો જાત્રાળુઓમાં પ્રચલિત હતા. તુકોબાએ પણ પોતાના ચારિત્ર્યથી તેમ જ ઉપદેશોથી આ જ સિદ્ધાન્તોનો પ્રચાર કર્યો.

મહેનત કરીને શરીર થાકે ત્યાં સુધી પરોપકાર કરવાની તુકોબાની તત્પરતા હતી. ખેતરનું રખોપું કોઈ સોંપે તો તે કરતા. બોજ ઉપાડવાનું કોઈ કહે તો મોટો ભારે બોજ પણ એ ઉઠાવી જતા. કોઈ ઘોડાને ખરેડો કરવાનું કહે તો કરી દેતા. આવો મફતનો નોકર મળે તો કોણ છોડે? બધા તુકોબાને બોલાવવા લાગ્યા. એ બધાંને નારાયણનાં સ્વરૂપો માનીને તુકોબા તેમની સેવા કરતા. આ સેવાભક્તિનો મર્મ દેહુ ગામના લોકોને કે જિજાઈને નહોતો સમજાયો. તુકોબા નકામાં કામોમાં વખત બગાડે છે, એમ માનીને તેને આમ નકામો રખડવા ન દેવો એવું પણ ઘણાએ વિચાર્યું હશે, પણ જિજાઈને તો, તુકોબાને પોતાના ઘર સિવાય બીજાનું ગમે તેવું કામ

પણ કરતા જોઈ ખૂબ નાનમ લાગી. એનો પક્ષ લઈ કોઈ બોલતું પણ ખરું: 'ગામના લોકોનાં કામ તુકોબા કરે છે, તો ઘરનાં માણસોનાં કામ કરવામાં તેમનું શું જાય છે?' આના જવાબમાં એમ કહી શકાય કે ઘરનાં માણસો-નાં કામ તો આપણે બધાં હમેશાં કરીએ જ છીએ; પણ તે આપણાં પ્રેમ અને મમતાનો જ એક પ્રકાર હોવાથી આખરે તે આપસેવા જ ગણાય. પરોપકાર એટલે તો આપણો જરા પણ સંબંધ ન હોય એવા પારકા ઉપર ઉપકાર કરવો તે અને ઉપકાર એટલે બદલાની, વખાણની કે આશીર્વાદની પણ અપેક્ષા રાખ્યા વિના ભગવાન તરફના ભાવને લીધે કાયા, વાચા અને મનથી સુખડની જેમ ઘસાવું તે. આ પરોપકારમાં કે લોકસેવામાં અનેક લાભ હોય છે. નિષ્કામ કર્મ કરવાની ટેવ પડે છે. આત્મભાવના વિકસિત થઈને આ સાડાત્રણ હાથમાં જ દેહ સમાયેલો છે એવા સંકુચિત ભાવમાં વ્યાપકતા આવે છે; શરીરનું મહત્ત્વ ઘટે છે અને સર્વવ્યાપી ભગવાન ખુશ થાય છે.

ઘરનાં લોકોને બદલે પારકાંની સેવા કરવાથી આ લાભ વધુ મળે છે. તેથી બની શક્યો તેટલો પરોપકાર તુકોબાએ શરીરને થકવીને પણ કર્યો. પોતાના સાધન માર્ગનું એક અંગ તેને ગણ્યો.

કોઈ વટેમાર્ગુ રસ્તે અચાનક મળી જાય કે તુકોબા તેનો બોજ પોતે ઉપાડી લે અને પેલાને થોડી વાર વિસામો લેવા દે. કોઈ વરસાદમાં ભીંજાઈ ગયું હોય તો તેને કોરું કપડું આપે અને બધી સગવડ કરી આપે. જાત્રાળુના પગ સૂજી ગયા હોય તો ગરમ પાણી કરીને

Scanned by CamScanner

જાતે શેક કરી આપે. ગાય–બળદ નકામાં અને ઘરડાં થઈ જાય એટલે તેમને નિર્દય માલિકો ઘરમાંથી કાઢી મૂકે છે, એવાં ઢોરને ચારોપાણી આપે. કીડીના દર ઉપર ખાંડ ભભરાવે. હિંસાનો વિચાર સરખોય ન કરે. ચાલતી વખતે પગ નીચે કોઈ જીવ ચગદાઈ ન જાય એ માટે સંભાળીને ધીમેથી ડગલાં મૂકીને ચાલે. કીર્તનમાં ખૂબ ઉકળાટ હોય ત્યારે શ્રોતાઓને જાતે વીંઝણો ઢોળે. નદીએથી પાણી ભરી લાવતાં કોઈ થાકી ગયું હોય તો તેની ગાગર ઊંચકીને ઘેર પહોંચાડી દે. કોઈ જાત્રાળુ માંદું પડે તો તેને મંદિરમાં લઈ જઈને એની સારવારની વ્યવસ્થા કરે. માણસ અને પશુ–પંખીમાં ભેદભાવ રાખ્યા વિના બધા જીવોને સરખા માનીને બધાનાં શરીર ભગવાનનાં જ માને અને મન વચન તથા કાયાથી અને પાસે હોય તો ધનથી બધાંને ઉપયોગી થાય. તુકોબાનો આવો જીવનક્રમ શરૂ થઈ ગયો.

આને લીધે તુકોબા બધાંને ખૂબ પ્રિય થઈ પડ્યા. એક દિવસ એક ઘરડાં ડોશીના કહેવાથી તુકોબાએ તેમને તેલ લાવી આપ્યું. એ તેલ દર વખત કરતાં વધારે દિવસ ચાલ્યું. આ વાત ગામમાં ફેલાતાં તેલ લાવવા માટેનાં વાસણોના ઘેરઘેરથી તુકોબા સામે ઢગલા થવા માંડ્યા. એ બધાંયને તેમણે તેલ લાવી પણ દીધું !

એક બળદની જેમ ભારે બોજની ધુંસરી તુકોબા ખેંચી રહ્યા છે એથી જિજાઈ ખૂબ ગુસ્સે થયાં. એક દિવસ એક ખેડૂતે તુકોબાને પોતાને ખેતરે શેરડીનો રસ પીવા બોલાવ્યા. આ નિમંત્રણ જિજાઈએ સાંભળેલું એટલે જતી વખતે તુકોબાને યાદ દેવડાવ્યું કે ‘ એ ખેડૂતો વળતી

Scanned by CamScanner

વખતે તમને શેરડીના સાંઠાનો જે ભારો આપે તે મારાં છોકરાંઓ માટે ઘેર લેતા આવજો.'

તુકોબા ખેતરે ગયા ત્યાં ખેડૂતે તેમને પેટ ભરીને રસ પિવડાવ્યા પછી શેરડીના સાંઠાનો મોટોભારો ઘેર લઈ જવા બાંધી આપ્યો. શેરડી ઊંચકીને ગામમાં આવતા તુકોબાને જોઈને ગામનાં બધાં છોકરાં તેમની પાસે શેરડી માગવા લાગ્યાં. બધાં છોકરાંને શેરડી વહેંચી દીધા પછી ત્રણ જ સાંઠા બાકી રહ્યા તે લઈને તે ઘેર આવ્યા. જિજાઈને થયું કે એમણે ગામનાં છોકરાંને શેરડી વહેંચી દીધી લાગે છે. તુકોબાએ સાચી વાત કહી: 'બધાં બાળકો આપણાં જ છે. તારાં ત્રણ બાળકો માટે ભગવાને ત્રણ સાંઠા બાકી રહેવા દીધા. બાકીની શેરડી જેની હતી તેને વહેંચી દીધી.'

તુકોબા આવા ઉદારદિલ હતા. પોતાનું અને પારકું તેમનામાંથી જતું રહ્યું હતું. તેમની આખી જિંદગી તેમના જીવનની દરેક પળ ભગવાનના ભજનમાં અને પરોપકારમાં વીતી. તેમના પ્રયાણ પછી તેમની અભંગવાણી આજે પણ જડ જીવોના ઉદ્ધારનું કામ કરી રહી છે. આ અભંગવાણી તેમના પરોપકારી જીવનનું ચિરંજીવ સ્મારક ગણી શકાય.

Scanned by CamScanner

I-3587

# ૩: ધર્મગ્રંથોનો અભ્યાસ

'તુકારામ જેવાને ગ્રંથોના અભ્યાસની શી જરૂર હતી? એ ક્યાં કોઈ નિશાળમાં ભણવા ગયા હતા? ભગવાનની કૃપા થઈ અને આપોઆપ અભંગવાણી તેમના મુખમાંથી સરી પડી હતી.' કેટલાક વાચકો ઉપરનું મથાળું વાંચીને દલીલ કરે પણ ખરા. આ દલીલ સાચી પણ ગણાય. પણ સ્વયંસ્ફુરણા થઈ તે પહેલાં તુકારામે કંઈ અભ્યાસ કર્યો હતો કે નહિ? સ્વયંસ્ફુરણા તેમને જ શા માટે થઈ? દેહુમાં અને બીજે પણ એ વખતે અનેક ભક્તો હતા. વાવ્યા વિના ઊગતું નથી અને સહન કર્યા વિના કંઈ મળતું નથી. એ કર્મનો મુખ્ય સિદ્ધાંત છે. ભગવાન મેળવવા માટે તુકારામે જે સાધના કરી તેમાં ધર્મગ્રંથોનો અભ્યાસ પણ હતો. તેમની નિશાળ એટલે પંઢરીનાથનો ભાગવત-સંપ્રદાય અને તેમના શિક્ષક એટલે તેમની પૂર્વે થઈ ગયેલા સંતોનું મંડળ. તુકારામ વારકરી સંપ્રદાયની શાળામાં તૈયાર થયા અને આ સંપ્રદાયના મુખ્ય ગ્રંથોનો તેમણે ભક્તિપૂર્વક અભ્યાસ કર્યો.

ભાગવત ધર્મના મુખ્ય બે ગ્રંથો છે: ગીતા અને ભાગવત. વેદશાસ્ત્રનું રહસ્ય ગીતામાં અને ગીતા-ગાયક શ્રીકૃષ્ણનું સુમધુર ચરિત્ર ભાગવતમાં કહેવાયું છે. શ્રીકૃષ્ણના જ્ઞાનના અધિકારી ભક્તો બે: એક અર્જુન અને બીજા ઉદ્ધવ. શ્રીકૃષ્ણે અર્જુનને ગીતામાં અને ઉદ્ધવને ભાગવતના અગિયારમા સ્કંધમાં ભાગવત ધર્મનું રહસ્ય સમજાવ્યું

Scanned by CamScanner

હોવાથી તેનું જ જ્ઞાનેશ્વર અને એકનાથે સરળ અને સર્વ લોકોને સમજાય એવું ભાષાંતર કર્યું. ગીતા પ્રવૃત્તિમાર્ગને સમજાવે છે અને ભાગવત નિવૃત્તિમાર્ગને–એવું કેટલાક વિદ્વાનો માને છે; પણ બન્ને ગ્રંથો પ્રવૃત્તિ–નિવૃત્તિના પડદા હટાવનારા છે. જ્ઞાન અને ભક્તિનો સુમેળ બન્ને ગ્રંથોમાં થયેલો છે.

ગીતાના મૂળ શ્લોકોનો તુકારામ રોજ પાઠ કરતા, એટલે ગીતાની છાયા તેમના અભંગો ઉપર ઠેર ઠેર દેખાય છે. પરમાર્થના માર્ગ વિષે જે કોઈ તેમને પૂછવા જતું તેમને તે ગીતાનો પાઠ કરવાનું કહેતા. તેમના જમાઈ અને શિષ્ય માલજી ગાડે યેલવાડીકરને તેમણે ગીતાનો પાઠ કરવાનું કહ્યું હતું. બહિણાબાઈને તેમણે સ્વપ્નમાં 'રામ-કૃષ્ણહરિ' એ મંત્રનો જાપ અને ગીતા–પાઠ કરવાનું કહ્યું હતું.

ગીતાની જેમ મૂળ ભાગવત પણ તુકારામે બરોબર વાંચ્યું હતું. તુકારામની કવિતામાં પણ બીજા બધા સંતોની જેમ ભક્તોનો ઉલ્લેખ આવે છે. આ બધા ભક્તો ભાગવતમાં આવેલા છે તે જ છે. તુકારામે અનેકવાર ભાગવત સાંભળ્યું છે, વાંચ્યું છે અને તેનું કીર્તન કર્યું છે. ભાગવતના અનેક શ્લોકો તેમને મુખપાઠ થઈ ગયા હતા. તેમાંના કેટલાય સિદ્ધાંતો એમના દિલમાં ઊતર્યા હતા, તેમાંની કેટલીય ભક્તકથાઓ તેમની ભક્તિજ્યોતથી ઝળહળી ઊઠી. ભાગવતનો તેમણે ખૂબ અભ્યાસ કર્યો હતો એ તેમના અનેક અભંગો-માંથી જોઈ શકાય છે.

ભાગવત સિવાયનાં બીજાં પુરાણો પણ તુકારામે

Scanned by CamScanner

ખૂબ હોંશથી વાંચેલાં અને તેમાં આવતી ભક્તકથાઓની તેમના મન ઉપર ભારે અસર થઈ, એવો ઉલ્લેખ અનેક વાર તે કરી ચૂક્યા છે. પુરાણો ઉપરાંત ષડ્દર્શન પણ તેમણે જોયાં હતાં, પણ ભગવાન નારાયણ સિવાય બીજું કોઈ સમર્થ નથી એવો જ સાર તેમણે એમાંથી લીધો.

પુરાણો વિષેનો પ્રેમ ઘણે ઠેકાણે તુકારામે વ્યક્ત કર્યો છે. પુરાણોના ભક્તોની કથાઓ વાંચીને એ તલ્લીન થઈ જતા. એના જેવી ઉત્કટ ભક્તિ પોતે ક્યારે કરી શકશે એ માટે તલપતા. આમ ગીતા, ભાગવત વગેરે પુરાણો તુકારામના અભ્યાસનાં કેટલાં મહાન અંગો છે, તે આપણે તેમના અભંગો ઉપરથી જોઈ શકીએ છીએ.

ભાગવતધર્મીઓને વિષ્ણુસહસ્રનામ પહેલેથી જ વહાલું છે અને તેના નિત્યપાઠની પરંપરા પણ ખૂબ જૂની છે. તુકારામ પણ વિષ્ણુસહસ્ર–નામનો પાઠ કરતા. તેમણે એક લાખ પાઠ કર્યા હતા એવું વારકરી મંડળીઓમાં મેં સાંભળ્યું છે. સાત–આઠ ઠેકાણે તેમના અભંગોમાં પણ વિષ્ણુસહસ્રનામનો ઉલ્લેખ આવેલો છે.

તુકારામના અભંગોમાં ક્યાંક ક્યાંક જાણીતા સંસ્કૃત શ્લોકોનાં પ્રતીકો અને ભાષાંતરો આવે છે. તે પરથી પણ તેમનું બહુશ્રુતપણું અને પાઠ કરવાની શક્તિનું અનુમાન કરી શકાય છે.

એટલે કે ગીતા, ભાગવત, કેટલાંક પુરાણો અને મહિમ્નઃસ્તોત્ર વગેરે તુકારામે પહેલેથી જ સારી રીતે જોયેલાં હોવાં જોઈએ. તુકારામને વાંચતાં–લખતાં નહોતું આવડતું એવું માનનારાઓને આ વાંચીને નવાઈ લાગશે, પણ

Scanned by CamScanner

ભંડારાના ડુંગર ઉપર તેમણે જ્ઞાનેશ્વરી ગીતા અને એકનાથ ભાગવત વગેરે ગ્રંથોનું કેટલીય વાર પારાયણ કર્યું હતું, અને 'બાળલીલા'ના અભંગ પણ પોતે લખ્યા હતા. આમ તે સારી રીતે વાંચી-લખી જાણતા હતા. એમાં તો શંકા જ નથી.

તેમને સંસ્કૃત આવડતું કે નહિ અથવા કેટલું આવડતું એ પ્રશ્ન રહે છે. પણ ગીતા અને ભાગવતના શ્લોકો સાથે સરખાવી શકાય એવું તેમના અભંગોમાંથી ઘણું મળી આવે છે. એથી આ પ્રશ્ન ઉકલી જ જાય છે. સંસ્કૃત ભાષાનું સારું એવું જ્ઞાન તેમને હોવું જોઈએ જેથી સહજ સ્ફુરતા અભંગોમાં મૂળ સંસ્કૃત શ્લોકોનો ભાવાર્થ અને કેટલાક દાખલામાં તો સંસ્કૃત શ્લોકોનાં ભાષાંતર પણ આપણને જોવા મળે છે.

કોઈ કહે છે કે વૈરાગ્ય થયા પછી તુકારામ થોડા મહિના માટે પૈઠણમાં જઈને રહ્યા અને ત્યાં કોઈ વિદ્વાન શાસ્ત્રીને મુખેથી તેમણે સાર્થ ભાગવત સાંભળ્યું. તે પછી ભંડારા ઉપર આવીને પોતાની બુદ્ધિથી ભાગવતનો અર્થ-બોધ મેળવવા ખૂબ પારાયણો કરી. ભાગવત સંપ્રદાયની ભાગવત-સંહિતાનાં સપ્તાહ ઘણાંએ જોયાં હશે અથવા ભાગવત ઉપર ચાતુર્માસમાં પુરાણો પણ સાંભળ્યાં હશે. આ રિવાજ ખૂબ જાણીતો છે. વારંવાર સાંભળવાથી કેટલાય શ્લોકો ઘણાને મુખપાઠ થઈ જાય છે તેમ તુકારામને પણ થઈ ગયા હોય.

આ બધાનું બહુજનસમાજ ઉપર સારું પરિણામ આવ્યું. તુકારામની આ ભગવદ્ભક્તિનો ચોમેર ડંકો વાગ્યો.

Scanned by CamScanner

સંસ્કૃતની જેમ પોતાની માતૃભાષા મરાઠીનું પણ સુંદર અધ્યયન તેમણે કરેલું જણાય છે. જ્ઞાનેશ્વરી ગીતા અને એકનાથી ભાગવતના એ બારે અભ્યાસી હતા.

ભાગવત ધર્મપરંપરાના પ્રાચીન અને અર્વાચીન સાધુ-સંતોની જે કથાઓ તુકારામે વાંચી અને કીર્તનપુરાણો-માંથી સંતોના મુખેથી સાંભળી તેની તેમના મન ઉપર ઊંડી છાપ પડી હતી. તેમના સિદ્ધાંતો દૃઢ બન્યા, વિચારો સ્થિર થયા, ભગવાન પ્રત્યેનો પ્રેમ ખૂબ વધ્યો અને તેમની રહેણીનું સ્વરૂપ નક્કી થયું. સંતોનું પીઠબળ તેમને મળ્યું. સંતોની કથા કામધેનુની ગરજ સારે છે, ઉત્કટ ઈશ્વર–પ્રેમ દાખવે છે, સન્માર્ગ બતાવે છે, નિશ્ચયબળ આપે છે અને સિદ્ધાંતો સમજાવે છે. તુકારામે આ બધી સંત–કથાઓ-માંથી જરૂરી અર્થ સ્વીકારીને પોતાની મેળે અભંગોમાં ગૂંથ્યો. શીલવાન, તત્ત્વદર્શી અને ધર્મનીતિપરાયણ એવા સંત સજ્જનોનાં ચરિત્રોમાંથી આત્મકલ્યાણની વાતો તુકારામે લીધી છે.

વહેતી જ્ઞાનગંગાનું પાણી પીને તરસ છિપાવવાનો બધાંને હમેશ અધિકાર છે. આ વાત તુકારામ પોતે શૂદ્ર હોવા છતાં ધર્મગ્રંથોનું અધ્યયન કરીને તેમણે સાબિત કરી છે. જો કે જ્ઞાનગંગાનું પાણી પીવાની આવડત બધામાં હોય તેવું નથી.

તુકારામના અભ્યાસ વિષે જૂના લોકોની કલ્પના જેમ ભૂલભરેલી છે તેમ હાલના વિદ્વાનો તેમને જ્ઞાને-શ્વર–એકનાથ કરતાં ઊતરતી કોટિના ગણવાનું કહે છે તે પણ એટલું જ ભૂલભર્યું છે. કોઈ પણ લેખક એના પુરો-

Scanned by CamScanner

ગામીઓની મહત્તા બરાબર સ્વીકારીને તેમાં બ્રને તેટલો ઉમેરો કરે છે. આમાં કોઈ જાતની નાનમ નથી. બાપ-દાદાએ ભેગી કરેલી મિલકત પોતાના કબજામાં રાખી ભોગવવી અને આપબળથી એમાં વધારો કરવો એ સુપુત્રની ફરજ છે. જ્ઞાનેશ્વરે વ્યાસ ભગવાનની ગીતા પર પોતાની પ્રતિભાનો ઓપ ચઢાવ્યો, એકનાથે જ્ઞાનેશ્વરી ગીતા અને ભાગવત પચાવીને તેને આધારે પોતાની વાણી રંગી, તુકારામને જ્ઞાનેશ્વર અને એકનાથે બનાવેલાં રત્નોની ખાણની માલિકી મળી અને તેમાંથી પોતાના અભંગોના હીરાને પહેલ પાડીને એના તેજથી દુનિયામાં પ્રકાશ પ્રસરાવ્યો. આદિ કાળથી આમ થતું જ આવ્યું છે.

આ ભાગવત સંપ્રદાયના મહારાષ્ટ્રના મુખ્ય પ્રસારક તરીકે જ્ઞાનેશ્વર, નામદેવ, એકનાથ અને તુકારામ છે. જે કોઈ પરમ કૃષ્ણભક્ત હોય તેને આ સંપ્રદાય માટે માન છે, એની નાત–જાત કોઈ પૂછતું નથી. જ્ઞાનેશ્વર બ્રાહ્મણ તરીકે પૂજાતા નથી, પણ પરમ કૃષ્ણભક્ત હોવાથી જ પૂજાય છે.

ભાગવત સંપ્રદાયમાં નાતજાતનાં બંડ નથી કે વર્ણ-દ્વેષ કે વર્ણસંકરતા પણ નથી. એમાં સોની, ચમાર, કસાઈ, કુંભાર, પિંજારા, સ્ત્રી, માળી, વણિક વગેરે બધી જ જાતના ભક્તો માનપાત્ર બને છે. એમાં હરિના ભક્તોની નાતજાત, ધંધો કે એમનું પૂર્વજીવન જોવાતાં નથી.

આમ ગીતા, ભાગવત, કેટલાંક પુરાણો, ભર્તૃહરિનાં શતકો અને મહિમ્નઃસ્તોત્ર વગેરે સંસ્કૃત ગ્રંથોના તેમ જ જ્ઞાનેશ્વરી, નાથભાગવત, નામદેવ, કબીર વગેરે સંતોના

Scanned by CamScanner

પ્રાકૃત ગ્રંથોના અભ્યાસની તુકારામના આચારવિચાર અને ભાષા ઉપર ખૂબ અસર થઈ હતી. જે જે ગ્રંથોની તેમણે વિશ્વાસ અને આદરપૂર્વક પારાયણો કરી, જેમાંના વિચાર સાથે રાતદિવસ તલ્લીન રહ્યા, જેમાં વર્ણવાયેલા ભક્તિ જ્ઞાન વૈરાગ્યની કથા સાથે તેમનું તાદાત્મ્ય સધાયું, એ જ વિચારસરણી અને પદ્ધતિનું તેમનું સર્જન થાય તેમાં નવાઈ પામવા જેવું નથી. આ તો થવાનું હતું તે જ થયું. પરમાર્થની સૂઝ આવવાથી કુળપરંપરાથી મળેલો અને સહજપ્રાપ્ય એવો પંઢરીનો વારકરી સંપ્રદાય તુકારામે અંતઃકરણપૂર્વક સ્વીકાર્યો અને એ જ સંપ્રદાયના ગ્રંથોનું અધ્યયન કરીને અને એના જ ચીંધેલા માર્ગે જઈને તુકારામ ભગવત્કૃપાને પૂરી મેળવી શકયા. અને અંતે ભક્તિના ઉત્કર્ષથી, સદ્ધર્મના આચરણથી તથા નિર્મળ જીવનથી એ જ માળામાં પરોવાઈ રહ્યા.



# ૪ : ગુરુકૃપા અને કાવ્યસ્ફુરણ

ખૂબ ઉત્સાહપૂર્વક તુકારામની સાધના ચાલુ હતી. 'ભગવાનની મહેર મારા પર ઊતરશે? શું તેઓ મારી લાજ રાખશે?' જેને તેને આ જ પૂછ્યા કરવાનું તેમને મન થતું. 'મારો ઉદ્ધાર થશે કે નહિ?' એવું કોઈ સંત-મહાત્માને પૂછવા અને તેમની પાસેથી આશ્વાસન મેળવવા એ ખૂબ અધીર બની ગયા હતા. મારી બુદ્ધિ ક્યારે સ્થિર થશે, હરિનો મર્મ હું ક્યારે સમજીશ, આ દેહ પડ્યા પહેલાં મને ભગવાન શી રીતે ભેટશે, એના પગ હું ક્યારે પકડી શકીશ, એને માટે ગદ્ગદિત થઈને હું મારા દેહનું ભાન ક્યારે વીસરીશ, એ તેના ચારેય હાથથી મને ક્યારે પંપાળશે, મારી આંખો તેમનું સ્વરૂપ જોઈને ક્યારે ઠરશે એવી તીવ્ર ઝંખના તુકારામને ક્યારનીય થઈ હતી. ભગવાનનાં જેમણે પ્રત્યક્ષ દર્શન કર્યાં છે એવા સત્પુરુષ મને ભેટશે કે નહિ એવું પોતાની જાતને જ તે પૂછતા. જેને માટે બધા પ્રપંચો ફગાવી દીધા, દસ્તાવેજો ઇંદ્રાયણીના વહેણમાં સમર્પીને પૈસો ગોમાંસ સમાન માનવાના સોગંદ લીધા, ઘરસંસારનો લોભ તજી દીધો, સગાંવહાલાં આગળ ખરાબ બની બેઠો, એકાંતમાં રહીને ગ્રંથોનું અધ્યયન અને રામકૃષ્ણહરિનું ભજન ચલાવ્યું એ વિશ્વવ્યાપક પાંડુરંગ ક્યાંક ક્યારેય પણ મળશે એ કહેનાર, એમને પ્રત્યક્ષ જોયેલા મહાત્માને હું ક્યારે મારી સગી આંખે જોઈશ, એની જબરી ચિંતા તુકારામને રાતદિવસ કોરી રહી. અને સાથે સાથે પરમાત્મા કલ્પવૃક્ષ છે, ચિંતામણિ છે, ઇચ્છેલું આપનારા છે, એવું બધા ભક્તોએ અનુભવેલું આ વખતે તુકારામે પણ અનુભવ્યું.

Scanned by CamScanner

તેમને મહાત્મા ભેટ્યા. સ્વપ્નમાં ભેટ્યા અને તેમણે તુકારામના માથે હાથ મૂકયો, મનગમતો મંત્ર 'રામકૃષ્ણ' જ દીધો. તુકારામના પ્રિય ઉપાસ્ય પાંડુરંગ ઉપર જ નિષ્ઠા રાખવાનું તેમણે કહ્યું. આથી પોતે ચાલી રહ્યા છે એ સાચો માર્ગ છે એવો તેમનામાં વિશ્વાસ આવ્યો. અધિકૃત મહાત્માએ રાહ ચીંધ્યો એથી સંતોષ થયો. પોતે રસ્તો ભૂલ્યા નથી એની ખાતરી થઈ.

સદ્ગુરુની કૃપા વિના કોઈનેય પરમાર્થ ક્યારેય સિદ્ધ થયો નથી. જેમને એમ લાગતું હોય છે કે, આપણે ખૂબ પુસ્તકો વાંચ્યાં, ઘણું જ્ઞાન મેળવ્યું, યોગાભ્યાસ કર્યો, પોતાની બુદ્ધિથી જ્ઞાનનું રહસ્ય સમજ્યા, હવે બીજા ગુરુની આપણે શી જરૂર છે, ગુરુ વધુ શું કહેવાના હતા, આવા લોકો છેવટે અહંકારના જાળામાં ફસાઈ જાય છે. ગુરુકૃપા વિના આત્મજ્ઞાનમાં દૃઢ નિષ્ઠા ઉદ્ભવતી નથી, જ્ઞાનનો સાક્ષાત્કાર થતો નથી. ખૂબ સૂક્ષ્મ અને નિર્મળ બુદ્ધિથી જ્ઞાનસંપાદન કર્યું હોય તોય જેમ દીવાના પેટમાં મેશ હોય તેમ જ્ઞાનના પેટમાં પેદા થતો અહંકાર દૂર કરવા માટે સદ્ગુરુના ચરણ પકડવા જોઈએ. રામ અને કૃષ્ણ જેવાને પણ ગુરુચરણનો આશ્રય લેવો પડેલો તો બીજાની શી વિસાત!

તુકારામનો પરમાર્થ બાહ્ય નહોતો એટલે દેખાદેખીથી ગુરુ કરી લેવાની ઉતાવળ તેમણે કરી નહિ. ઘણી ખોજ કરી પણ કોઈ મળ્યું નહિ. સંતો દુર્લભ હોવા છતાં મળે છે, નથી મળતા એવું ક્યારેય નથી બન્યું. સત્સંગ દુર્લભ છે, અગમ્ય છે; છતાં અમોઘ પણ છે. ભગવાનની કૃપા વિના આ લાભ મળતો નથી. ભાગ્યશાળી જીવને ઊંચે લાવવા જ સંતનો ભેટો થાય છે. મુમુક્ષુને ગુરુ શોધવા



Scanned by CamScanner

જવું પડતું નથી. જેમ ઉત્તમ શિષ્ય સાચા ગુરુને ઝંખે છે, તેમ સાચા ગુરુ પણ પોતે શિષ્યને શોધતા–ઝંખતા હોય છે. કયું પાત્ર છે એ ગુરુ તરત જાણી લે છે. ફળ પાકવા આવે કે તરત જ પંખી આવીને તેને ચાંચ મારે છે, એવી જ રીતે અધિકારી મુમુક્ષુ જીવને જોઈને કૃપાળુ સદ્‌ગુરુ દોડતા આવીને તેને કૃતાર્થ કરે છે. બધા સંતો સદ્‌ગુરુરૂપ જ છે તોપણ બધી સ્ત્રીઓ માતા સમાન હોવા છતાં સ્તનપાન કરાવનારી તો એક જ હોય એવી ભગવાન-ની યોજના હોય છે, તેમ બધા સંતો ગુરુ હોવા છતાં સ્વાનુભવનું અમૃત પાનાર તો પોતાના સદ્‌ગુરુ જ હોય અને તે મુમુક્ષુ પાસે તરત પહોંચી જાય છે, જ્યાં હોય ત્યાંથી દોડી આવે છે. ગુરુ અગાઉથી નક્કી થયેલા જ હોય છે. ગુરુશિષ્યનો સંબંધ ખૂબ પહેલાંનો હોય છે અને નિયત સમયે નિયત શિષ્યને તેઓ કૃતાર્થ કરે છે. તુકા-રામના સદ્‌ગુરુ બાબાજી ચૈતન્યે આવી જ ભગવદિચ્છા અનુ-સાર યથાકાળે અને યથોચિત રીતે સ્વપ્નમાં આવીને તુકારામને સંતોષ્યા. ભગવાન પાંડુરંગે જ બાબાજી ચૈતન્ય-રૂપે તુકારામ ઉપર દયા કરી. તુકારામના ગુરુ કેટલાંય વરસો પહેલાં સમાધિસ્થ થયા હતા; છતાં ધ્યાનમાં, ચિંતન-માં, જાગતાં ને સ્વપ્નમાં પણ પાંડુરંગ રટનાર તુકારામને પાંડુરંગદર્શનની ઝંખના હોવાથી તેમને તે દર્શન સાંપડયું.

મહાત્માઓ બીજાને સ્વપ્નમાં શી રીતે બોધ આપે છે, એ સામાન્ય માણસને ન સમજાય તેવી વાત છે; છતાં આ વાત તુકારામ પોતે જ કહે છે એટલે એમાં અવિશ્વાસ લાવવાનું કોઈ કારણ નથી. આવી બાબતમાં વિશ્વાસ રાખ્યા સિવાય પ્રતીતિ થતી નથી, અને પ્રતીતિ થયા વિના વિશ્વાસ આવતો નથી એટલે ભાવિક માણસ પહેલાં

Scanned by CamScanner

વિશ્વાસ મૂકે છે અને તેના સદ્‌ભાગ્યે અથવા ભગવાનની કૃપાના જોરે પ્રતીતિનો દિવસ ક્યારેક તો ઊગવાનો સંભવ હોય છે. સ્વપ્નમાં તો શું પણ ગર્ભમાંય ઉપદેશ આપ્યાની કથા પુરાણોમાં છે. એ ખોટી માનવાને કોઈ કારણ નથી. બાબાજી ચૈતન્યે સ્થૂળ શરીર છોડ્યું હોવા છતાં સૂક્ષ્મદેહે આવીને ભંડારા પર પોતાના ઉદ્ધાર માટે અહોનિશ ઝૂઝનારા તુકારામની શુદ્ધ દાનત અને અધિકાર જાણીને તેમના પર કૃપા કરી અને તુકારામે ચાલુ રાખેલી ઉપાસનાને જ ચાલુ રાખવાનું પ્રોત્સાહન આપ્યું. આવું પ્રોત્સાહન ઉચ્ચ કોટિના જીવો પાસેથી નીચલી કોટિના મુમુક્ષુ જીવોને મળે છે. ખરેખર તો ગુરુ અને શિષ્યમાં તો ઉપલી અને નીચલી કોટિના ભેદ હોતા જ નથી, કોઈ પથિક જે રસ્તે ચાલી રહ્યા હોય તે જ રસ્તે ચાલતા રહીને મુકામે પહોંચે અને પાછળ રહી ગયેલાને ઉત્સાહ આપવા પાછા આવે ત્યાં જ કોઈ માર્ગદર્શક રસ્તામાં મળી જાય છે. આ જ ગુરુ. એ મળે પછી મોક્ષમાર્ગના પથિકને હિંમત આવે છે અને પોતે ઘોર જંગલમાં નહિ પણ સીધે રસ્તે ચાલે છે એવો વિશ્વાસ બેસે છે. આવા મોક્ષમાર્ગે અનેક ગુરુઓ ભેટે છે. સંત મહાત્મા આવા માર્ગદર્શકનું જ કામ કરે છે. છેવટે જે ગુરુ ભેટે છે તે શિષ્યની બધી ઇચ્છા પૂરી કરે છે અને પોતાનું અનુભવસુખ એના ખોળામાં મૂકીને એને કૃતાર્થ કરે છે. આ જ સદ્‌ગુરુ ગણાય છે. સદ્‌ગુરુનું કામ ઘણું નાનું લાગે છે, પણ તે ખૂબ ઉપકારક હોય છે. જીવાત્માને તે પરમાત્મા સાથે મેળવી દે છે.

તુકારામના ગુરુ બાબાજી ચૈતન્ય હતા એ બાબત કોઈ શક નથી. બીજાની જેમ તુકારામના અભંગોમાં અવારનવાર

ગુરુનું નામ આવતું નથી એ વાત સાચી છે, પણ આ ઉપરથી તુકારામે ગુરુનો ઉપદેશ લીધો નથી પણ પાંડુરંગે જ તેમને સ્વપ્નમાં ઉપદેશ દઈને પોતાનું નામ બાબાજી ચૈતન્ય રાખ્યું એવું કેટલાક માને છે, પણ એ બરાબર લાગતું નથી.

ગુરુની આજ્ઞા અને તુકારામની પોતાની સૂઝ એકરૂપ થઈ, ધ્યાનનિષ્ઠા દૃઢતર થઈ, નામસંકીર્તન-સાધન સ્થિર થયાં. તુકારામને સ્વપ્નમાં ઉપદેશ મળવાથી બીજા સંતોની જેમ ગુરુસહવાસ પ્રત્યક્ષ થયો નહિ. એટલે સ્વપ્નમાં ગુરુએ માગેલું પાશેર ઘી આપવાનું પણ તેમને ભાન ન રહ્યું, તેમ સેવા કરવાનો અવસર મળ્યો નહિ. આ જ કારણે તુકારામના અભંગોમાં ગુરુવર્ણન આવ્યું નહિ, પણ બેચાર ઠેકાણે ફક્ત તેમનો નામોલ્લેખ જ થયો છે.

પાંડુરંગનું ધ્યાન, સગુણ સાક્ષાત્કાર અને નિર્ગુણ બોધ એવા ક્રમે ગુરુ ચીંધેલા માર્ગે તુકારામ જઈ રહ્યા હોવાથી પાંડુરંગમાં જ તુકારામનો ગુરુભાવ ભળી ગયો. વળી પાંડુરંગની સેવા કરવાની ગુરુની જ આજ્ઞા હતી, એટલે પાંડુરંગભક્તિમાં જ ગુરુભક્તિ સમાઈ ગઈ.

બાબાજી ચૈતન્યે તુકારામને સ્વપ્નમાં ઉપદેશ આપ્યો હતો એમ કહેવાય છે, પણ એ વિષે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. મહા સુદી દશમ ને ગુરુવારે સંવત ૧૬૮૯ માં તુકારામને ગુરુનો ઉપદેશ મળેલો મનાય છે, એટલે આ તિથિને વારકરી મંડળ પવિત્ર માને છે અને તે દિવસે બધે કીર્તન-ભજનો થાય છે. તુકારામના ગુરુ કોણ હતા, એ ક્યાં રહેતા હતા, તેમણે સમાધિ ક્યારે લીધી એની પરંપરા પાછળથી કેવી રીતે ચાલી આવી એ વિષે વારકરી મંડળમાં કોઈ નિશ્ચિત માહિતી કે એવો કોઈ ગ્રંથ પણ નથી. તુકારામને સ્વપ્નમાં થોડીવાર માટે જ

Scanned by CamScanner

ગુરુદર્શન અને ઉપદેશ થયા. ગુરુએ રાઘવચૈતન્ય, કેશવ ચૈતન્ય એ નિશાની કહી અને પોતાનું નામ બાબાજી કહ્યું, તુકારામને ગમતો રામકૃષ્ણ હરિ મંત્ર તેમને આપ્યો અને અંતર્ધાન થઈ ગયા. આટલી જ વાત પ્રચલિત છે.

'સ્વપ્નમાં ગુરુનો ઉપદેશ મળ્યા પછી મને કાવ્ય-સ્ફુરણ થયું' એમ તુકારામે આત્મકથાના અભંગમાં કહ્યું છે. આ ઉપરથી તે પહેલાં તેમણે કવિતા લખી નહોતી એ ચોખ્ખું સમજાય છે. આ કાવ્યસ્ફુરણ તેમનામાં નામદેવની પ્રેરણાથી થયું. તુકારામ આ વિષેના એક અભંગમાં કહે છે :

પાંડુરંગ સાથે નામદેવ સ્વપ્નમાં આવ્યા. સ્વપ્નમાંથી તેમણે મને જગાડ્યો અને કહ્યું : 'કવિતા લખ, વાણી નકામી વેડફી ન નાખ. હવેથી લોકો સામે નકામું ભાષણ કરવામાં વાણીનો વ્યય કરવાને બદલે તેને કવિતા રચવામાં વાપરજે. અભંગો રચતો જા. પાંડુરંગે તારું અભિમાન લઈ લીધું છે. એ તારી પાછળ ઊભા છે. તારી વાણીમાં પ્રેમ, પ્રસાદ અને સ્ફૂર્તિ ભગવાનને દેખાયાં છે.'

તુકારામને આમ સ્વપ્નમાં પણ ભગવાન ભેટ્યા એ માટે તેઓ નામદેવનો ઉપકાર માનતાં કૃતજ્ઞતાપૂર્વક કહે છે કે, 'સ્વપ્નમાંથી જાગ્યા પછી મેં મારી જાતને જોઈ તો આ સ્વપ્ન અનેક મિથ્યા સ્વપ્નો જેવું નહિ, પણ ભગવાન અને ભક્તના મિલનનું હતું અને ભગવાનની કૃપાનો આનંદ મારા હૃદયમાં વિચરી રહ્યો છે. એની કૃપા મારા ઉપર ખાસ થઈ છે એની મને જાણ થાય છે.'

એટલે કે પાંડુરંગની કૃપાથી કવિત્વસ્ફૂર્તિ થવાથી જ તુકારામ પોતાના અભંગ કીર્તનોમાં ગાવા લાગેલા. આવા ભગવત્પ્રસાદની વાણી એ જ પ્રાસાદિક વાણી ગણાય.

Scanned by CamScanner

# ૫ : મનની શુદ્ધિનો ઉપાય

તુકારામ આમ નક્કી કરેલા સાધનમાર્ગ પર ચાલતા હતા. પંઢરપુરની જાત્રા, એકાદશી વ્રત, કથા–કીર્તન શ્રવણ, ધર્મગ્રંથોનો અભ્યાસ વગેરે બધું બરોબર ચાલતું હતું. ગુરુપ્રસાદ મળ્યો હતો. કીર્તન વખતે અને અન્ય સ્થળે પણ એમના મુખવાટે એક પછી એક અભંગો નીકળતા હતા. શ્રોતાઓ શાબાશી આપતા હતા. ચોમેર કીર્તિ પણ ફેલાઈ ગઈ હતી. કેટલાય તેમને સંત તરીકે માનતા થઈ ગયા હતા. કોઈ તેમના વક્તૃત્વની, કોઈ કવિત્વશક્તિની તો વળી કોઈ તેમની સાધુતાની તારીફ કરતું હતું.

ત્રીસી વટાવ્યા પહેલાં આટલી બધી લોકપ્રિયતા મેળવવાનું સદ્ભાગ્ય થોડાને જ હોય છે. તુકારામે મન સાથે કેવી બાંધછોડ કરી, ભગવાનની મદદ વડે અને કૃપા-વડે મનને ઠેકાણે લાવવા માટે શું શું મહેનત કરી, આશા, મમતા, તૃષ્ણા, પ્રતિષ્ઠા, ગર્વ, લોભ વગેરે વૃત્તિઓને સાવ-ધાનીથી કેવી રીતે જીતી અને એ રીતે મનની શુદ્ધિનો માર્ગ ધૈર્ય અને પ્રયત્નપૂર્વક શી રીતે ખુલ્લો કર્યો એ હવે આપણે જોઈએ.

તુકારામે પોતાનું દિલ ખૂબ મોકળાશથી ખોલ્યું છે. તુકારામે પોતાના મનને કેટલું બધું મનાવ્યું છે? મનને જીત્યા વિનાનો પરમાર્થ નકામો છે. દુનિયા જીતી શકાશે પણ મનને જીતવું ખૂબ અઘરું છે. માણસ એની મર્યાદિત

Scanned by CamScanner

બુદ્ધિથી આ ચંચળ મનને શી રીતે સાચવી શકે? કેટલી સાવધાની રાખે? પળવારમાં તો પચાસ ઠેકાણે દોડી જનારું મન ભગવાનની કૃપા થાય તો જ સીધું રહે.

ધન, સ્ત્રી અને પ્રતિષ્ઠા એ પરમાર્થમાર્ગ વચ્ચે આવતા ત્રણ મોટા ખાડા છે. આમેય એ માર્ગના મુસાફરો થોડા. એ થોડામાંથી કેટલાક પહેલા ખાડામાં ફસાઈ જાય છે. એમાંથી બચીને આગળ વધે ત્યાં બીજા ખાડામાં પડે છે. આ બન્નેમાંથી નીકળીને કોઈ કદાચ આગળ વધે એટલે ત્રીજો પ્રતિષ્ઠાનો ખાડો તૈયાર જ હોય. આ ત્રણે ખાડા વટાવી જાય એ જ ભગવાનની કૃપા મેળવવા લાયક ઠરવાનો સંભવ છે, પણ આવા વીરલા ભાગ્યે જ હોય છે. તુકારામનું મન સંયમ શીખેલું એટલે પહેલા બે ખાડા વટાવી ગયું, પણ ત્રીજો પ્રતિષ્ઠાનો ખાડો વટાવતાં થોડી વાર લાગી એવું દેખાય છે. તુકારામ પરમ વૈષ્ણવવીર હતા એટલે પહેલેથી જ ચેતેલા. તેથી બધી લીલાઓમાંથી પાર નીકળી ગયા.

ધનનો પહેલો લોભ તેમણે વૈરાગ્યની પ્રથમ દશામાં જ છોડ્યો. ધનને પથ્થરને બદલે 'ગોમાંસ સમાન' માનવાવાનો નિશ્ચય કર્યો. બીજો મોહ સ્ત્રીનો કહેવાય પણ એ બાબતમાંય પહેલેથી એ નિર્લેપ રહ્યા. પોતાની પત્ની પણ જેને યાદ નહોતી રહેતી એ પરસ્ત્રીનો તો વિચાર પણ શાના કરે? રાતે વિઠ્ઠલમંદિરમાં કીર્તન પૂરું થયા પછી તુકારામ ઘેર જઈને કલાક બે કલાક ઊંઘતા. કેટલીક વાર તો મંદિરમાં જ ઊંઘી જતા. પરોઢિયે ઊઠીને પ્રાતઃક્રિયા કરી તેમાંથી પરવારીને વિઠ્ઠલ ભગવાનની પૂજા કરતા અને

Scanned by CamScanner

સૂર્યોદય થતામાં તો ઇંદ્રાયણી પાર કરીને ડુંગરામાં જતા રહેતા, તે વહેલી પડે રાત. અને ગામમાં પાછા ફરીને તો સીધા કીર્તનમાં જઈ ઊભા રહે. આખો દિવસ ભંડારા ઉપર રહી ગ્રંથોનું અધ્યયન અને નામસ્મરણ કર્યા કરે. આમ દિવસે પણ પોતાની પત્નીનેય મળવાનું થાય નહીં તો પછી બીજી સ્ત્રીઓ સાથે ટોળટપ્પાં કરવાની ફુરસદ એમને મળે જ શાની? ચાર–ચાર મહિનાથી તુકારામ મળ્યા નથી એવું નદીએ અને ઘેરઘેર જઈને કહેનારી જિજાઈ દેખાય! આવો પ્રખર વૈરાગ્ય જે પુરુષનો હોય એને સ્ત્રી-ઓનો મોહ કેમ હોય?

એક દિવસ તુકારામ ભંડારા ઉપર હરિચિંતનમાં નિમગ્ન થઈ ગયા હતા હતા ત્યાં એક સ્ત્રી તેમની પાસે ગઈ. કોઈએ તેને તુકારામની કસોટી માટે મોકલી હશે કે કોઈ કામુક સ્ત્રી એકાંત સમજીને તુકારામને ભોળવવા ગઈ હશે, ગમે તે હોય, તુકારામે તેને મા કહીને સંબોધી અને પરસ્ત્રી તો વિષ્ણુદાસોને માટે રુક્મિણી માતા જેવી ગણાય એવો પોતાનો ઘણા સમય પહેલેથી કરેલો નિર્ણય તેને જણાવ્યો. તે સ્ત્રી નિર્વિકાર થઈને ત્યાંથી પાછી ફરી.

કહેવાનું એ કે પરમાર્થને વિસરાવનાર કનક અને કાન્તા તુકારામના મનમાં કદી પેસી જ ન શક્યાં. એટલે એ બાબત મનને મારવાનું કારણ તેમને કદી મળ્યું નથી. એ સદ્‌ગુણી અને વિરક્ત થઈ ગયા. પરધન અને પરસ્ત્રીની ઇચ્છા પામર માણસોના મનમાં હોય છે. આ વૃત્તિને જેઓ વિવેક અને વૈરાગ્યપૂર્વક મનને રોકી રાખે છે એમની બહાદુરી ઓછી નથી, પણ જેના હૃદયમાં આવી હીનવૃત્તિ

Scanned by CamScanner

ઊગતી જ નથી એને જ સાચો સદાચારી કહેવાય. પાપ કરવાની કલ્પનાનો સ્પર્શ પણ જે પુણ્યપુરુષના મનને થતો નથી, એ જ સાચો પવિત્ર ગણાય.

તુકારામ આવા પવિત્ર હતા. જેમની અપાર પવિત્રતાને લીધે દેહુ ગામને તીર્થપદ મળ્યું અને ઇંદ્રાયણીને પણ પવિત્ર નદીનું માન મળ્યું, જેનાં દર્શનથી હજારો લોકોનો ઉદ્ધાર થઈ ગયો, જેના નામસ્મરણથી પાપીઓ પણ પસ્તાઈને પુણ્યશાળી થયા એ તુકારામ ખરેખર પુણ્ય-રાશિનો એક પુંજ હતા.

માણસ માત્રને માન મેળવવાની ઇચ્છા હોય છે. તુકારામે સત્યાસત્ય માટે મનને સાક્ષી બનાવ્યું અને પરમાર્થ માર્ગ આડે આવતા લોકોને છોડી, એકાંતવાસ સ્વીકાર્યો અને નિંદા કે વખાણ તરફ બેધ્યાન બન્યા.

પારમાર્થિક જીવનવાળા મનુષ્યો સંસારીઓની જાળમાં કદી ફસાતા નથી. લોકોને બે મોઢાં હોય છે એવું તુકા-રામે અભંગમાં કહ્યું છે, એટલે જે પોતાનું હિત ચાહતું હોય તેણે લોકસમુદાયથી દૂર રહેવું. હરિભક્તિનો સ્વચ્છ માર્ગ સ્વીકારવો. બહારના લોકો જ શા માટે, ઘરનાં પણ ધન હોય તો જ માન રાખે છે એવો અનુભવ કોને નથી?

આમ અશાશ્વત તરફની નફરત અને શાશ્વત પરમાત્માનું સુખ મેળવવા માટેની તુકારામે તૈયારી કરી અને લોકોને એ વહેંચી દેવા માટે ભગવાનને શરણે ગયા. એકાંતમાં ભગવાનનું નામ સારી રીતે લેવાય છે અને લોકોની ડખલ પણ ત્યાં નથી હોતી એટલે એકાંતમાં જ એ ખૂંપી ગયા. કીર્તન પૂરતો જ તુકારામે ગામ સાથે સંબંધ રાખ્યો

Scanned by CamScanner

હતો. પણ એ પણ તેમને નહોતો ગમતો. તુકારામને એવી લગની લાગેલી એટલે તેમને થતું કે બધા જ લોકોએ કીર્તનમાં આવવું જોઈએ, જેથી ભગવાનનું નામ લઈને તેમનો ઉદ્ધાર થઈ જાય. પણ કેટલાય આળસુ લોકો ઘેર રહીને ઊંઘી જતા ત્યારે કેટલાક મન દઈને સાંભળતા જ નહિ! તો કેટલાક તર્કવિતર્ક કરીને દ્વેષબુદ્ધિથી ચર્ચા કરતા કે શંકા પૂછવા તુકારામ પાસે જતા અને તેમને સતાવતા. આવો લોક–સંસર્ગ તુકારામને ગમતો નહિ.

તેમના એક અભંગમાં આવે છે કે 'સંતોની આજ્ઞા પ્રમાણે હું ભગવાનના ગુણ ગાઉં છું. હું શાસ્ત્રજ્ઞ કે વેદોનો જાણકાર નથી, સામાન્ય શૂદ્ર છું. આ લોકો આવીને મને હેરાન કરે છે, મારી બુદ્ધિને ચકાસે છે. ભગવાન જેમ નિરાકાર છે તેવો જ નિર્ગુણ છે એમ કહેવાય છે તો તેનું ભજન કરું કે નહિ?'

કહેવાતા કેટલાય વિદ્વાનો અથવા ભગવાનની નિંદા કરનારા અને ભજનનો વિરોધ કરનારા પાખંડીઓ તુકારામ પાછળ જ જાણે પડ્યા હતા. તેમને હેરાન કરવાનું એ લોકોએ જાણે બીડું જ ઝડપ્યું હતું. મોટે ભાગે દરેક સાધકને આવા લોકો તરફથી હેરાનગતિ થાય છે. સાધકનો વૈરાગ્ય દઢ કરવા અને ભક્તિપ્રેમ વધારવા માટે જ આ પાખંડીઓનો ઉપયોગ થતો હોય છે. સાધકને પોતાની અંદરનો દોષ શોધી કાઢવા માટે પણ આ લોકોનો ઉપકાર ઓછો નથી હોતો. પડોશી નિંદક હોવો જોઈએ તે આ માટે નિંદા કરનાર, છળકપટ કરનાર, ઝઘડનાર, કુતર્કો કરનાર અને સંશયી જીવોનું ભલે જે થવાનું હોય

Scanned by CamScanner

તે થાય પણ સાધકોની શુદ્ધિમાં એ રીતે તેઓ ઉપકારક થતા હોય છે. આ લોકો એક રીતે સાધકોના ગુરુને સ્થાને છે. આવા લોકોની સોબતમાં તુકારામની સ્વસ્થતા-ધીરતા પણ ક્યારેક ક્યારેક ડગી જતી અને ક્રોધનો આવેગ આવી જતો. એકવાર આવા જ પ્રસંગે એ ભગવાન ઉપર પણ ચિડાઈ ગયા હતા. એવા લોકો ઉપર કોઈ પ્રસંગે એક દિવસ તુકારામ ખૂબ ચિડાઈ ગયા. પણ પાછળથી એ માટે પશ્ચાત્તાપ થયો અને ક્રોધ ટાળવા માટે એ નામ જપવા લાગી ગયા. ભક્તોથી જ્યારે કોઈ દોષ થઈ જાય છે ત્યારે તેના પ્રાયશ્ચિતરૂપે તેઓ વધુ ને વધુ નામસ્મરણ કરે છે.

તુકારામ માટે આ દુર્જનોની સોબત ત્રાસદાયક થઈ પડી. ભક્તો અને ભાવિકોની જ સોબત તેમને મોટે ભાગે હતી. આપણને ગમતા અને ન ગમતા એમ બન્ને પ્રકારના લોકો તો હોય છે, પણ આપણને તેમના ગુણદોષ વિષે મનમાં વિચાર આવે છે, દ્વૈતભાવ પણ જાગ્રત રહેતો હોય છે, પોતાના-પારકાનો ભેદ પણ આપણાથી છોડી શકાતો નથી. ઘરની અને બહારની આ બધી કડાકૂટ ટાળવા માટે તુકારામે એકાંતવાસ સ્વીકાર્યો.

એકાંતવાસનો લાભ અને આનંદ પણ અપાર છે. એકલું એકાંત એ તો અડધી સમાધિ છે. જનસમુદાયથી કંટાળવાથી કે તંગ આવી જવાથી તુકારામને એકાંત વધુ ગમવા લાગ્યું. ભગવાનની સાચી લગની લાગે તે માટે બીજા લોકોની લગની છોડી દેવી જોઈએ. એકનિષ્ઠ ભાવ એકાંતમાં જ રાખી શકાય છે, ભગવાનનો પ્રેમ વધવા માંડે

Scanned by CamScanner

છે. બહુ બોલનારાને પોતાનું હિત તો નથી જ સમજાતું, પણ તેમને હરિપ્રેમી માણસ દુશ્મન જેવો લાગે છે.

આમ એકાંતસુખની મીઠાશ શબ્દોથી કહી શકાય નહિ. જાતે જ એનો સ્વાદ ચાખવો રહ્યો. એકાંત ગમે એ જ્ઞાનપ્રાપ્તિનું મોટું લક્ષણ ગણાય. તુકારામમાં આ બધાં જ્ઞાનનાં ચિહ્નો દેખાય છે. તેમણે લોકોથી કંટાળી જઈને ગામનો તો મોટે ભાગે ત્યાગ જ કર્યો. ગોરાડા, ભામનાથ અથવા ભંડારા એ ત્રણમાંથી કોઈ પણ એક ડુંગર ઉપર તે આખો દિવસ ધામા નાખતા. ભંડારા ઉપર આથમણી દિશાએ એક ગુફાની પાસે પાણીનો ઝરો છે ત્યાં તે રહેવા લાગ્યા. ડુંગરની ટોચ ઉપરથી ચારે તરફના નાના–મોટા ડુંગરા, લીલાંછમ રમણીય ખેતરો, ઇંદ્રાયણી નદીનું વહેણ વગેરે કુદરતની નાની મોટી અનુપમ શોભા દેખાય છે. એવા ડુંગર ઉપર તુકારામનો આવાસ થવાથી એ તપોવન જેવો લાગવા માંડ્યો. તેમનો વિઠ્ઠલ-ના નામકીર્તનનો ઘોષ આખાય ડુંગરમાં પડઘા પાડવા લાગ્યો. ત્યાંનાં ઝાડપાન અને પશુ–પંખીઓને તુકારામની પુણ્યમૂર્તિનો પરિચય થયો અને તુકારામ પણ તેમના સાન્નિધ્યમાં પ્રસન્નતા અનુભવવા લાગ્યા. વિઠ્ઠલસ્વરૂપથી રંગાયેલા આ ભંડારા પર્વત ઉપરના ઋષિની મૂર્તિને જોનારી આંખો ધન્ય થઈ ગઈ હશે; બીજું તો કોણ પણ ત્યાંનાં ઝાડ અને વેલાઓ, વન્ય પ્રાણીઓ, એ પુણ્ય-ધામમાં યથેચ્છ વિહાર કરનારાં પંખીઓનાં ટોળાં અને ત્યાંના પથરા પણ ધન્ય થયા.

તુકારામને એકાંતવાસ ખૂબ ગમ્યો અને તેનો તેમણે ઉપયોગ પણ કર્યો. નિર્મળી જેમ અસ્વચ્છ પાણીને

Scanned by CamScanner

સ્વચ્છ કરે છે તેમ મનની મલિન વૃત્તિઓ એકાંતવાસથી શુદ્ધ બની અને તેમનું અંતઃકરણ પ્રસન્ન થઈ ગયું. ભગવાનના પ્રેમની લહરીઓ સાથે રમતાં રમતાં આત્મભાન ભૂલાતાં અખંડ આનંદનો અનુભવ મળે એ માટે પણ સાધુસંતો પહાડો, ગુફાઓ અથવા નદીકિનારે નિવાસ કરે છે. ગામમાં રહીને વેદાંતના ગમે તેટલા ગ્રંથો વાંચીએ, લખીએ, વ્યાખ્યાનો આપીએ કે સાંભળીએ અથવા એ અંગે ચર્ચા–વિચારણા કરીએ તેથી વાચાળતા સિવાય બીજું કશું આપણે મેળવી શકતા નથી, અને અનુભવ તો મળતો જ નથી હોતો. લોકોથી ખદબદતા ગામમાં ગુણદોષ આપણે શીખીએ છીએ, શબ્દોની સાઠમારી શીખીએ છીએ, પણ મૌનની શક્તિ અનુભવી શકતા નથી. એકાંત સિવાય જ્ઞાન પચતું નથી કે મળતું નથી, અનુભવનું દિવ્ય સુખ પ્રાપ્ત થતું નથી. દરેક સત્પુરુષે પોતાના જીવનનાં થોડાંક વરસો તો એકાંતમાં ગાળ્યાં હોય છે. એકાંત સિવાય પરમાર્થ સધાતો નથી, વૃત્તિઓ શુદ્ધ થતી નથી. તુકારામે મોટા ભાગનો અભ્યાસ એકાંતમાં કર્યો. દેહુ ગામ સાથે થોડોઘણો સંબંધ એ રાખતા એટલાથી પણ તેમને લોકોનો ત્રાસ થતો અને મન દુભાતું હતું. આથી તેમાંથી છૂટવા તેઓ એકાંતમાં રહ્યા.

અહંકાર બધામાં સહજ હોય છે. આત્મસ્વરૂપને ઢાંકીને એ રહે છે. જેમજેમ અહંકારનો એક એક પડદો હઠાવાય તેમ તેમ ભગવાન આપણી સામે દેખાય છે, બધા પડદા હટી જતાં તેમને મળી શકાય છે. વિદ્વાનોમાં પણ વિદ્વત્તાનો ભારે અહંકાર હોય છે અને તે દૂર કરવો વધારે મુશ્કેલ હોય છે.

Scanned by CamScanner

તુકારામ માટે પણ લોકોમાં પૂજ્યભાવ વધ્યો, તેમનો સત્કાર થવા લાગ્યો, તેમનાં કીર્તનોની છાપ લોકો પર પડવા લાગી ત્યારે તેમને પણ થોડીક મુશ્કેલી પડી. પણ એ જાગ્રત પુરુષે ભગવાનને ધા નાખીને અહંકારવૃત્તિને ઓગાળી દીધી. ભગવાનનો પ્રેમ જેમ જેમ વધતો જાય છે. એ જ કર્તા છે, હું નહિ; જે છે તે બધું ભગવાનનું છે, મારું કાંઈ નથી, એવો ભાવ જેમ જેમ બળવાન બનતો જાય છે તેમ તેમ અહંકારનું બળ ધીમું પડતું જાય છે. તુકારામે ભક્તિના જોરે વૃત્તિઓ જીતી લીધી. અહંકાર, લોકપ્રિયતા, પ્રતિષ્ઠા, બહુમાન અને મોટાપણાની બુદ્ધિનાં વાદળાં ભક્તિરૂપી સૂર્યનો ઉદય થતાંની સાથે જ વીખેરાઈ ગયાં.

તુકારામ સંતોને વિનવે છે કે, કૃપા કરીને તમે મારાં વખાણ કરશો નહિ. વખાણરૂપી અભિમાનનું ઝેર મારો નાશ કરશે અને ભગવાનને અભિમાન ગમતું નહિ હોવાથી હું અભિમાની થઈશ તો મારો વિઠોબા મને છોડી દેશે અને તેથી તમે પણ મને છોડી દેશો.

સત્સંગ વિષે વિચાર કરતાં જણાય છે કે તુકારામને કીર્તન વખતે સત્સંગ સાંપડ્યો. ભગવાનનાં ગુણગાન ગાતાં અને સાંભળતાં સાંપડ્યો. વાદ કરનારા, નિંદા કરનારા, છળકપટ કરનારા અને પાખંડીઓની સોબતથી થાકેલા તુકારામને સજ્જનોની સોબતથી શાંતિ મળી.' દુનિયામાં પ્રેમાળ, ભાવિક અને સ્વસ્થ લોકો પણ હોય છે. જે ભાવિકો કીર્તન વખતે તુકારામ પાસે ખેંચાઈ આવ્યા તેમની મીઠી સોબતથી તુકારામના આનંદની અવધિ ન રહી.

Scanned by CamScanner

તુકારામના અભંગોમાં આવતા 'સંત' શબ્દનો અર્થ બરોબર સમજી લેવો જોઈએ. તુકારામના જમાનામાં સંતોનો આટલો મોટો સમૂહ હતો? કે પછી તુકારામે ભોળા ભાવે જ બધાંને 'સંત'નું સંબોધન કર્યું છે? આ બન્નેમાંથી એકેય કલ્પના સાચી નથી. સાચો સંત તો વિરલ જ હોય છે. બધા વારકરી કંઈ તુકારામ નહોતા. કોઈ પણ સંપ્રદાયમાં સામાન્ય જનસમૂહ આવો જ હોય છે, પણ પ્રવર્તકને પોતાનો સંપ્રદાય ફેલાવવાનો હોવાથી બધામાંથી ઉત્સાહી એવા થોડાક કાર્યકરો હોય તેમને માન આપીને વધુ કાર્યક્ષમ બનાવવા જોઈએ. નામદેવ–એકનાથથી માંડીને ગળામાં હાર પહેરીને પંઢરપુરની નિયમિત જાત્રા કરનાર, કથાકીર્તન અને ભજનમાં લીન થઈને પ્રેમથી વિઠ્ઠલની ઉપાસના કરનાર વારકરી, હરિદાસ અને ભજનમંડળીઓના મોવડી 'સંત' જેવી ગૌરવભરી પદવી પામતા. તુકારામે આ શબ્દ અનેક અભંગોમાં ઠેરઠેર આ અર્થમાં વાપર્યો છે.

તુકારામે પોતાના સાથીઓને આમ પ્રિય અને પૂજ્ય સમજીને તેમની સોબતમાં રહીને પરમેશ્વરપ્રેમ વધાર્યો. એમાં કેટલાક તો સાવ સામાન્ય અને કેટલાક પીઢ ગુણીજનો પણ હશે. તેમના સંકીર્તન અને સંભાષણનો લાભ તુકારામને પણ મળ્યો હશે. આવા સદ્‌ગુણીઓનો સહવાસ તેમને ઘેર, ભંડારા ઉપર, કીર્તનોમાં અને મંદિરોમાં અવારનવાર સાંપડ્યો. સંત નહોતા તેમને પણ સંત માની લઈને અને તેમના ગુણ લઈને પોતાના પ્રેમમાં વધારો કરવાનો અભ્યાસ તેમણે મનથી કર્યો. સંતના હૃદયમાં પ્રેમ હોય છે, દુઃખ જરા પણ દેખાતું નથી, તેમનું સાચું

Scanned by CamScanner

ધન વિઠ્ઠલ હોય છે, પ્રેમના સુખની એ લેવડદેવડ કરે છે, અમૃતરસનું પાન એ જ તેમનું ભોજન હોય છે, આવા દયાળુ સંતો હમેશાં આપણને જાગ્રત રાખે છે, તેમનો ઉપકાર કેટલો માનવો એવું સંત તુકારામે વારંવાર કહેલું છે. હરિકથારૂપી માતાના અમૃત–ક્ષીરનો આસ્વાદ આવા સંતોની સોબતમાં તુકારામે લીધો. પ્રેમળ હરિ-ભક્તોના દાસના પણ દાસ તુકારામ છે, એવું તેઓ વારંવાર કહે છે. આમ સત્સંગનો લાભ ખરેખરા સંત બનીને તુકારામે લીધો.

તુકારામે સાવધ રહીને મેળવેલાં સુખોમાં નામ-સ્મરણનો અભ્યાસ પણ એટલો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. બીજાં બધાં સુખો એને લીધે જ મળ્યાં છે એમ કહી શકાય. એકલા એકાંતથી ચિંતા દૂર થાય ખરી, પણ પ્રત્યક્ષ સુખનો જે ઝરો સાંપડ્યો એ તો નામ-સંકીર્તનના અભ્યાસથી મળ્યો ગણાય. કીર્તન અને ભજન વખતે સમાનધર્મી સાધુસંતોની અને ભાવિકોની સોબતમાં તો નામસ્મરણનો લાભ અત્યાર સુધી લેતા જ હતા, પણ એકાંતમાં રહેવાથી બધો સમય નામરટણ માટે મળવા લાગ્યો. કથામાં સજ્જનોની સોબત અને કીર્તનકારોની મદદથી મળતો નાદબ્રહ્મનો આનંદ ભોગવ્યા વિના મનની શુદ્ધિ થતી નથી. આખો પહોર કીર્તનમાં તન્મય થયા પછી બાકીના સમયમાં મનને ક્યાંય પણ એકાગ્ર કર્યા વિના ભક્તથી છૂટી શકાતું નથી. વિષ્ણુસહસ્રનામનો પાઠ તુકારામ કરતા જ હતા પણ અખંડ નામસ્મરણની ધૂન શરૂ કરી એ તેમનું સાધન સર્વસ્વ ગણાય.

મહામહેનતે નામસ્મરણ વાણી સ્વીકારે છે, પણ

Scanned by CamScanner

એકવાર સ્વીકાર્યા પછી વાણી નામને પળવાર માટે પણ વીસરતી નથી. મનમાં નામ–રૂપનું ધ્યાન અને મોંએ હરિનું નામ–એ નામસ્મરણ કહેવાય. અંતર્યામીમાં ધ્યાન કેન્દ્રિત કરતા જવું અને ધ્યાનમાં મનને રંગી નાખવું એ અખંડ નામની નિશાની છે. કુળાચાર, સંપ્રદાયપરંપરા, પુરાણો–સાધુસંતોના ગ્રંથો અને ગુરુના ઉપદેશથી પણ નામસ્મરણ ચડે છે એમ તુકારામ કહે છે. સાંભળીએ તો ઘણું, પણ આચરણમાં મૂકવું જોઈએ ને! તુકારામે નામસ્મરણનો અભ્યાસ કર્યો અને એ ધન્ય થઈ ગયા. ભગવાન પાંડુરંગનું સ્વરૂપ જોઈને કે એમનું ધ્યાન ધરીને તુકારામના મનમાં પ્રેમસુખની લહરીઓ ઊઠતી અને તેમાં એ લીન થઈ જતા.

વિઠ્ઠલ ભગવાનના રૂપમાં આટલી બધી તન્મયતા કેળવી, પાંડુરંગને હ્રદયમાં ઠસાવવાનો અભ્યાસ દૃઢ કરવા માટે અખંડ નામસ્મરણ વગેરેનાં ચિંતન કરતાં બીજું સાધન કોઈએ ક્યાંય કહી કહ્યું છે? નામનું સ્મરણ ખૂબ સુલભ છે. જીભને નામના ગળપણનો એકવાર ચટકો લાગ્યો હોય પછી જીવ જતાં સુધી તે એને છોડશે નહિ. સાકર અને ગળપણ જેવી જ એકરૂપતા નામ અને નામ લેનાર વચ્ચે હોય છે.

તુકારામે નામસ્મરણનું ખૂબ સુખ ભોગવ્યું અથવા તો અખંડ નામસ્મરણનું સુખ ભોગવવા માટે અને લોકોને એ શીખવવા માટે તેમનો અવતાર હતો. બેસતાં, ઊઠતાં, જમતાં અને સૂતાં તેમનું નામસ્મરણ–ચિંતન ચાલતું અને ચિંતન વખતે તેઓ એકાકારતા અનુભવતા.

નામનો આનંદ કેવો મળ્યો, સંસારનાં બંધન કેવી



Scanned by CamScanner

રીતે તૂટ્યાં, હરિપ્રેમની લગનીથી જીભમાં કેવી મીઠાશ વ્યાપી, ઇંદ્રિયોનું આક્રમણ કેવી રીતે અટક્યું, સામે ચાલીને સુખ કેવી રીતે આવ્યું એ વિષે તુકારામે અભંગોમાં વર્ણન કર્યું છે. ભગવાનનું સ્વરૂપ જોતાં કે ધ્યાન ધરતાં નામનો રંગ મનમાં ઊમટે છે અને એમાં રંગાતાં શ્રીરંગ અંતરમાં પ્રગટ થાય છે અને તુકારામ લીન થઈ જાય છે. તુકારામના ઘરનો આવો અમૃતભોજન સમારંભ જોઈને જેના મોંમાં પાણી ન છૂટે એવો પથ્થર હૃદયનો કોણ હશે!

નામસ્મરણથી ન સમજાયેલું સમજાઈ જાય, ન દેખાયેલું દેખાય, અબોલને વાચા મળે, ન મળેલું મળી જાય, આ અલભ્ય અને અપાર લાભ ઘેર બેઠાં મળે છે એવું તુકારામે સ્વાનુભવથી કહ્યું છે. આ અનુભવથી જ સમજાય છે. નામ વિના ભવસાગર તરવા માટે બીજો કોઈ ઉપાય નથી એવું તુકારામે 'વિઠોબાની આણ' દઈને કહ્યું છે.

નામનું માહાત્મ્ય અનેકે ગાયું હશે પણ તુકારામના અભંગોની અમૃત રસતરંગિણી બીજે ક્યાંથી મળવાની હતી? તુકારામરૂપી ગોમુખથી ખળખળ વહેતી આ નામ-મંદાકિનીથી આખી દુનિયાને તેમણે પોતાના પવિત્ર ઉદરમાં સમાવી દીધી છે. નામામૃતના સેવનથી તુકારામની જીભની મીઠાશ વધી અને તુકારામ તેમ જ નામ એક થયાં. પછી ભક્તને છોડીને ભગવાન દૂર રહે જ શાના? ભગવાન, ભક્ત અને નામસ્મરણનો ત્રિવેણીસંગમ થયો. તુકારામની અપાર નામપ્રીતિ જોઈને તુકારામને મળવા માટે તેમને ગમતા રૂપે ભગવાનને આવવું પડ્યું. સાધનની સીમા આવે એટલે સાધ્ય સામે ચાલીને આવે છે.

Scanned by CamScanner

# ૬ : સગુણ ભક્તિ

મનુષ્યજન્મ ધારણ કર્યાનું સાર્થક્ય ઈશ્વરપ્રાપ્તિમાં છે એ સંતોનાં વચનો સાંભળ્યા પછી એ માટે કયો માર્ગ લેવો અથવા આપણી પ્રકૃતિને કયો માર્ગ અનુકૂળ અને સહજ સુલભ છે એ વિચાર કરીને મુમુક્ષુઓ એક માર્ગ સ્વીકારે છે. ઈશ્વરપ્રાપ્તિ માટેના યોગમાર્ગ, કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ–આ ચાર મુખ્ય માર્ગો છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતા અને ભાગવતમાં ભક્તિમાર્ગનો જ મુખ્યત્વે ઉપદેશ આપ્યો છે. ગીતા અને ભાગવત એ બન્ને ભક્તિમાર્ગના આધારસ્થંભ છે. પહેલાંના જમાનામાં બીજા માર્ગો હતા, પણ આ કળિયુગમાં તો ભક્તિમાર્ગ ઇચ્છનીય છે. ભક્તિપંથ બધાથી સરળ છે. તેમાં બધાં કર્મો શ્રીહરિને અર્પણ થાય છે, એટલે પાપ–પુણ્યનો પાશ લાગતો નથી અને જન્મમરણનાં બંધનો તૂટી જાય છે અને બીજું એ કે યોગમાર્ગ, જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગનું આચરણ કરતી વખતે પોતાના બળ ઉપર ચાલવું પડે છે. ભક્તિ-માર્ગમાં એવું નથી. આ માર્ગે જીવ ચાલવા લાગે એટલે ભગવાન તેને સહાય કરે જ છે.

આથી જપ, તપ, વ્રત, અનુષ્ઠાન વગેરેને તુકારામ ધિક્કારે છે એવું નથી. આ સાધનો ભગવાન પાસે મૂકી દઈએ અને પછી ભક્તિમાર્ગ આચરીએ એટલે ભક્ત થવાય.

અભેદ નથી ગમતો એવું અભેદનો અનુભવ લીધા સિવાય તુકારામ ખાસ બોલ્યા નથી. ભક્તિનું પગથિયું નીચેનું અને જ્ઞાનનું ઉપરનું એવું તો ફક્ત જ્ઞાનમાર્ગી જ

Scanned by CamScanner

કહે છે. પણ જ્ઞાનેશ્વર, એકનાથ કે તુકારામ જેવા જ્ઞાની ભક્ત ભક્તિના સુખને વધુ મહત્ત્વ આપે છે. 'મોક્ષ અમારે મન અઘરો નથી, એ તો અમે ગાંઠે બાંધ્યો છે. ભક્તોને મોક્ષ દુર્લભ નથી હોતો. મોક્ષ તો અમારા બારણે રમે છે, ભક્તના બારણે મોક્ષ કાકલૂદી કરતો પડ્યો છે' આવું તુકારામ અનેકવાર કહ્યા કરે છે, પણ એથી મોક્ષ સાથે તેમણે વેર બાંધ્યું હતું એવું નથી. પણ એ સહજ છે એવી ખાતરી થયા પછી જ તેમણે ભક્તિસુખને આટલું બધું મહત્ત્વ આપ્યું છે. જ્ઞાનયુક્ત ભક્તિ કે જ્ઞાનવિનાની ભક્તિ એ બન્નેમાં જ્ઞાનનું સ્વરૂપ ઓળખ્યા પછી જ તુકારામે ભક્તિનો પરમ આનંદ ભોગવવાનું નક્કી કર્યું.

આમ યોગમાર્ગની, જ્ઞાનમાર્ગની કે કર્મમાર્ગની અવહેલના કરીને ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા તુકારામ વગેરે ભક્તશ્રેષ્ઠોએ ગાઈ છે એવું કોઈ સમજી ન બેસે. આ માર્ગો ઉત્તમ જ છે, પણ ભક્તિમાર્ગને અનુસરવાથી આ બધા માર્ગે જવાનું ફળ મળે છે. ઉપરાંત પ્રેમના સુખનો લાભ મળે છે. યોગ એટલે મનની વૃત્તિઓ ઉપર કાબૂ અને એ સાધવાનો ઉપાય ઈશ્વરપ્રણિધાન. તુકારામે ઈશ્વરપ્રણિધાનથી મનની વૃત્તિઓ ઉપર કેટલો બધો કાબૂ મેળવ્યો હતો એ જોઈએ તો એ યોગી નહોતા, એવું કોઈ કહી શકશે? તેવું જ આસક્તિ અને ફળની આશા છોડીને કર્મ કરવું એ નિષ્કામ કર્મયોગનો જો સાર હોય તો કેવળ ભગવતપ્રીતિ અર્થે કર્મોનું આચરણ કરનાર તુકારામ કર્મયોગી નહોતા એવું પણ કોઈ કહી શકશે ખરું? જીવનો અને પરમાત્માનો યોગ એ જો જ્ઞાનમાર્ગનું અંતિમ સાધ્ય છે તો ભગવાન અને પોતે બન્ને એક છે એવો અનુભવ લેનાર

તુકારામ જ્ઞાની નહોતા એવુંય શી રીતે કહેવાય? એટલે કે કર્મ, જ્ઞાન અને યોગનો વિરોધ ભક્તિ કરતી નથી. આ બધા શબ્દો જુદા જુદા છે એટલું જ, પણ ખરી રીતે તો એ બધા એકસરખો જ અનુભવ કરાવે છે.

તુકારામ કર્મયોગી અને જ્ઞાની હતા એટલે તેમના મનમાં અને વાણીમાં અપાર પ્રેમરંગ ભરેલો હતો. ભક્તિનું આ સ્વરૂપ શબ્દોથી વર્ણવવાનું શક્ય નથી. જે ભક્તિથી કર્મ–જ્ઞાનયોગમાં પૂર્ણત્વ આપે છે, કર્મ–જ્ઞાનયોગની સાર્થકતા જે પ્રેમથી થાય છે તે ભક્તિ, એ પ્રેમ, એવી લગની તુકારામના હૃદયમાં પૂરેપૂરાં હતાં.

કર્મ–જ્ઞાનયોગમાં જે જે ખૂટતું હોય તેની પૂર્તિ હરિપ્રેમથી થાય. એટલે ભક્તિયોગ જ સહુથી શ્રેષ્ઠ છે. તુકારામે જીવનભર ભક્તિસુખ ભોગવ્યું અને ભક્તિનું નગારું પીટીને ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો. નારાયણ ભક્તિથી વશ થાય છે. ભક્તિમાર્ગ જ શ્રેષ્ઠ છે, એ જેમને ગળે ન ઊતરે તેમને તુકારામ સૌમ્યતાથી જવાબ આપે છે કે મને આ માર્ગ ગમ્યો એટલે મેં તેને સ્વીકાર્યો છે. ભક્તિનું સુખ અપાર છે, ફરી ફરી એ સુખ મેળવવાનું મન થાય છે.

સગુણ અને નિર્ગુણ એક છે એવો તુકારામનો સિદ્ધાંત છે. તોપણ તેમણે ભક્તિનો મહિમા ખૂબ ગાયો છે. અદ્વૈતમાં દ્વૈત અને દ્વૈતમાં અદ્વૈત, નિર્ગુણ એ જ સગુણ અને સગુણ એ જ નિર્ગુણ, એવો તેમનો નિશ્ચય અને અનુભવ હોવાથી બંને પ્રકારનો આનંદ તેમની વાણીમાં ભરેલો છે. સંત દ્વૈતવાદી પણ નથી અને અદ્વૈતવાદી પણ નથી. શુદ્ધ પરબ્રહ્મ સાથે તે સમરસ થયેલ હોય છે.

તુકારામે ભગવાન સાથે વિનોદ કર્યો છે, પ્રસંગ આવ્યે

Scanned by CamScanner

વખાણુ સાથે નિંદા પણુ કરી છે, ગમે તેવી કલ્પનાઓ પણુ કરી છે, પ્રેમથી ગાળો પણુ દીધી છે, પણુ ભગવાન સાથેનું પોતાનું ઐક્ય ઓળખ્યા વિના નથી કર્યું.

તુકારામ અને બીજા સંતો પંઢરપુરની વિઠ્ઠલ ભગવાનની મૂર્તિના ઉપાસક હતા. પરંપરાગત એ રિવાજ ભગવાન વિઠ્ઠલની રોજ પૂજાઅર્ચામાં પરિણમ્યો હતો. વિઠ્ઠલ મંદિરનો જીર્ણોદ્ધાર જાતે કરનાર અને વિઠ્ઠલ મંદિરમાં જ છેવટ સુધી કીર્તન કરનાર તુકારામ મૂર્તિપૂજક હતા. તુકારામના શિષ્ય નારાયણે દેહુની એમની સનદમાં 'તુકારામ શ્રી ભગવાનની મૂર્તિની પૂજા સ્વહસ્તે કરતા હતા' એવું ચોખ્ખા શબ્દોમાં લખ્યું છે.

વિઠ્ઠલ ભગવાનની મૂર્તિની પૂજા, અર્ચા, ધ્યાન, ધારણા અને અખંડ નામસ્મરણ ચાલુ હતાં છતાં ભગવાનના સાક્ષાત્કાર માટે તુકારામ બધા પ્રયત્નો કરતા હતા. જે મૂર્તિની પોતે રોજ પૂજા કરે છે એની પ્રત્યક્ષ મુલાકાત ક્યારે થશે એવું તેમને થયા જ કરતું. પ્રહ્લાદ અને ધ્રુવ જેવાએ બાળપણમાં જ ભગવાનના સગુણ રૂપનું દર્શન કર્યું. નામદેવ સાથે ભગવાન પ્રત્યક્ષ બોલતા ચાલતા, જનાબાઈ સાથે દળવા બેસી જતા, એવા મારા પંઢરીરાય મને દર્શન ક્યારે દેશે એવી તાલાવેલી તેમને લાગી. પ્રત્યક્ષ દર્શન વિના બ્રહ્મજ્ઞાન તેમને કોરું લાગતું, બ્રહ્મજ્ઞાનની ખાલી વાતો સાંભળવાથી કે કહેવાથી તેમને સંતોષ થતો નહોતો. પોતાના હાથે જ ભગવાનને ભેટવાનું મળે, બન્નેની નજર મળે, આંખે ભગવાન ન દેખાય તો આ આંખ ન હોય તોય શું, આંખથી ભગવાનના ચરણ ન દેખાય એના કરતાં અંધાપો શો ખોટો એવા વિચારો તેમને થતા.

Scanned by CamScanner

એ વિષેના અભંગોમાં તુકારામ કહે છે: 'ભગવાન, તારું નિરાકાર રૂપ જેને ગમતું હોય તેની પાસે તું નિરાકાર ભલે રહેતો, પણ મારે તો તારું સગુણ સાકાર રૂપ જ જોઈએ છે. મારી ઇચ્છા તારા ચરણનાં દર્શન કરવાની છે. જ્ઞાનીઓ સાથે મારા જેવા અજ્ઞાની શા માટે હરીફાઈ કરે ? બાળક મોટું થાય એટલે માતા એને છૂટું મૂકે છે પણ નાનું હોય છે ત્યાં સુધી એ માતાનો ખોળો છોડતું નથી. બ્રહ્મજ્ઞાની હોય એને તારી મુક્તિ આપજે, મારે તે નથી જોઈતી. તારા નામની મીઠાશ જીભને લાગી છે, તારા ચરણ જોવાની આંખને તરસ લાગી છે. મારો આ ભાવ ક્યારેય બદલાવાનો નથી. મારા આ ભાવમાં તું ખોટ લાવીશ નહિ કે મને ચળાવીશ નહિ. ભગવાન, મારે તારી મુક્તિ નહિ પણ તું જ જોઈએ છે.

ભગવાનનાં દર્શન માટે મન તડપતું હતું તોપણ તુકારામ ક્યારેક ભગવાન ઉપર ઊકળી ઊઠતા તો ક્યારેક પ્રેમભરી યાચના કરવા લાગી જતા. આમ તુકારામ ભગવાન સાથે પ્રેમભર્યો વિનોદ–વાર્તા કરતા. પણ એ બધાંમાં ભગવાન માટેનો પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે એવું વ્યક્ત થાય છે. ભગવાન તેમને પોતાનું સગુણ રૂપ બતાવે એ એક જ ઉત્કટ ભાવના તેમના મનમાં રમ્યા કરતી હતી.

ભગવાન સાથે ભેટવાની તુકારામની લાલસા જેમ જેમ વધતી ચાલી તેમ તેમ ભગવાન પોતાને કેવી રીતે મળે એ વિષે જાગ્રત સ્વપ્નો તુકારામ જોવા લાગ્યા. પ્રત્યક્ષ મિલન કરતાં પ્રિય વસ્તુ મળ્યે શું શું થશે એની કલ્પનાઓ કરવામાં વધુ સુખ મળે છે, મિલન થતાં જ એક વાર પ્રેમનો ઘૂંટડો ભરીને બધી ઉત્કંઠા તરત શમી જાય છે

Scanned by CamScanner

# ૭ : વિઠ્ઠલસ્વરૂપ

તુકારામને ભગવાનનું સગુણ દર્શન કરવું હતું એટલે તે માટે કયા સ્વરૂપનો તેઓ આગ્રહ રાખતા હતા તે પણ જોવું જોઈએ. જે સ્વરૂપનું ધ્યાન ધરે છે તેને તે જ રૂપે ભગવાન મળે છે એ સિદ્ધાંત છે, એટલે તુકારામ કયા સ્વરૂપને ધ્યાન સામે રાખતા હતા, કયું સ્વરૂપ તેમને ખૂબ પ્રિય હતું, કયા સ્વરૂપનાં તેમણે વખાણ કર્યાં; ખાતાં, પીતાં, બેસતાં, ઊઠતાં, ઘરમાં, બહાર, સમાધિ અવસ્થામાં, જાગતાં કે સ્વપ્નમાં ભગવાનનું કયું સ્વરૂપ તેમણે ધ્યાન સામે રાખ્યું હતું ? કેટલાક વાચકો કહેશે કે તુકારામ તો પાંડુરંગને (વિઠ્ઠલને) જ ઝંખતા હતા, પણ એ અંગે કરેલું સંશોધન બધાને ગમશે.

તુકારામના કુળદેવ વિઠ્ઠલ હતા. તેમણે નાનપણથી જ વિઠ્ઠલની ઉપાસના કરી હતી. તેમના અભંગોમાં પણ બધે વિઠ્ઠલ અને પાંડુરંગનો જ પોકાર છે, એટલે વિઠ્ઠલની જ તેમને ઝંખના હતી એ દેખીતું છે. જિજ્ઞાસુઓ માટેનો શ્રીકૃષ્ણનો ગીતાનો ઉપદેશ છે અને કથાપ્રેમી માટે મહાભારત. પણ આજ સુધી ભરતખંડમાં ભગવાનના બધા ભક્તો અને સાધુસંતો શ્રીકૃષ્ણ ઉપર મોહી પડ્યા છે તેનું કારણ શ્રીકૃષ્ણના બાળપણનું ચરિત્ર દિવ્ય પ્રેમમય ગણાય છે.

શ્રીકૃષ્ણનું એ બાળસ્વરૂપ મીઠામાં મીઠું છે. ગાયો અને ગોવાળો સાથેનું બાળસ્વરૂપ જ તુકારામે પણ ગાયું છે. અંદર હરિ છે, બહાર પણ છે અને હરિથી જ આખું

Scanned by CamScanner

ઘર ભરાયેલું છે વગેરે. અભંગોમાં આ જ બાળકૃષ્ણને તેમણે ભજ્યા છે. તુકારામના અભ્યાસનો અને કીર્તનનો આ બાળકૃષ્ણ ચરિત્ર પણ વિષય હતો. આ બાળસ્વરૂપે તુકારામનું મન હરી લીધું હતું અને તેના જ દર્શન માટે મન સદાય ઝૂરતું હતું.

વિઠ્ઠલ એટલે શ્રીકૃષ્ણનું બાળરૂપ. એ ધ્યાનમાં આવે તો આપણા સાધુસંતોએ શ્રીકૃષ્ણ ચરિત્રમાંથી બાળલીલા જ વિલક્ષણ પ્રેમથી શા માટે ગાઈ છે એનો ઉકેલ મળી રહે છે. સુરદાસ, મીરાંબાઈ, નરસિંહ મહેતા એ પશ્ચિમના કૃષ્ણભક્તો અને જ્ઞાનેશ્વર, નામદેવ, એકનાથ, તુકારામ વગેરે મહારાષ્ટ્રના કૃષ્ણભક્તો શ્રીકૃષ્ણના બાળચરિત્રનું જ પ્રેમપૂર્વક વર્ણન કરનારા છે.

તુકારામે પોતાના ઉપાસ્ય વિઠ્ઠલની જે બાળલીલા ગાઈ છે તેમાં પણ ગોપગોપીની ઉત્કટ ભક્તિનું અને શ્રીકૃષ્ણની ભક્તવત્સલતાનું મધુરું વર્ણન કરેલું છે. ગોપાળ કૃષ્ણ સખાઓ સાથે ગાયો ચરાવવા મધુવનમાં જાય છે ત્યાં બધાએ પોતપોતાનાં ભાતાં છોડીને જે ભોજન કર્યું, જે વિવિધ રમતો રમ્યા તેનું વર્ણન તુકારામે કર્યું છે. બાળલીલાના આ અભંગોમાં તુકારામે અધ્યાત્મ પણ સૂચવેલું છે. ગોપીઓએ રાસ રમતી વખતે જે તન્મયતા કેળવી તેવી જ રીતે આપણે આપણી બધી વૃત્તિઓને કૃષ્ણપ્રેમમાં રમતી કરી દેવી અને એવી જ તન્મયતાનું સુખ ભોગવવું એવો તેમાંથી મળતો બોધ દરેકે મનમાં ઉતારવા જેવો છે. આમ કૃષ્ણભક્તિની લગની તુકારામને લાગેલી હતી.

Scanned by CamScanner

પંઢરપુરની વિઠ્ઠલમૂર્તિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીએ તો એ બાળમૂર્તિ છે એવું નક્કી થાય છે. ભગવાન ઈંટ ઉપર ઊભા છે. ભગવાનનાં ઈંટ ઉપરનાં પગલાં મૃદુ છે. આ જ પગ ઉપર કરોડો ભાવિકોએ પોતાનાં શીશ નમાવ્યાં છે, પ્રેમાશ્રુથી હજારો વાર પગ ભીંજવ્યા છે અને તેમાં પોતાનું ચિત્ત સમર્પિત કર્યું છે. ભગવાનના ડાબા પગ ઉપર એક જખમ છે.

મુક્તકેશી નામની એક ગોપી હતી. ભગવાન માટે એને ઘણો પ્રેમ હતો. એ ખૂબ કોમળ હતી અને એ કોમળતાનું તેને ભારે અભિમાન હતું. તેણે ભગવાનના પગ ઉપર પોતાના જમણા હાથની આંગળીઓ મૂકી તો તે ભગવાનના અતિ સુકુમાર પગમાં ખૂંપી ગઈ. ભગવાનના 'સૌકુમાર્ય' પાસે આપણી શી વિસાત એ સમજાતાં એ શરમાઈ ગઈ. એના ગર્વનું ખંડન થયું. પગ ઉપરનો એ જખમ આજે પણ એ વિઠ્ઠલમૂર્તિ ઉપર છે.



Scanned by CamScanner

# ૮ : સગુણ સાક્ષાત્કાર

સગુણ દર્શનની તુકારામની ઉત્કંઠા કેટલી તીવ્ર હતી તે જોયા પછી એ ઉત્કંઠાનું પ્રત્યક્ષ ફળ કેવી રીતે મળ્યું તે હવે જોઈએ. જીવ માત્રને પોતાની ઇચ્છા પ્રમાણે ફળ મળે છે. માણસની ઇચ્છાશક્તિ એટલી બધી પ્રબળ છે, તેના સંકલ્પનું બળ એટલું બધું વિલક્ષણ છે કે, તે જે કાંઈ કરવા માગે તે થાય છે. જે જે કરવાની ઇચ્છા તે કરે તે થાય છે. પણ ઇચ્છાશક્તિને શુદ્ધ આચરણનો, દૃઢ નિશ્ચયનો, સદ્‌ભાવનાનો અને અભ્યાસનો ટેકો હોવો જોઈએ. સંકલ્પ સિદ્ધ થવા માટેનો બધો આધાર આ સંકલ્પની શુદ્ધતા અને તીવ્રતા ઉપર હોય છે. ચોમેરથી બંધાયેલ જગ્યામાં પાણીનું એક એક ટીપું પડતાં સરોવર થઈ જાય છે, એક એક પૈસો ભેગો કરનાર વેપારી લક્ષાધિપતિ થઈ જાય છે, સૂર્યોનાં કિરણોને એકકેન્દ્રિત કરવાથી અગ્નિ ચેતાવી શકાય છે, તેવી જ રીતે મનને એક જ ધ્યેયમાં સ્થિર કરવાથી બ્રહ્મપદ પમાય છે. મન એ જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે. પંચભૂતોના ખોળિયામાં તેને ફાવે તેમ વિહરવા દેવાથી એ થાકીને દુર્બળ બની જાય છે અને ઈશ્વર તરફ વાળવાથી એ જ પરમાત્મારૂપ બની જાય છે. ભગવાન બધે છે એવું શાસ્ત્રવચન છે અને સંતોની પ્રતીતિ પણ છે.

તુકારામે એ અનામ, અરૂપ, અચિંત્ય પરમાત્માને નામ અને રૂપથી ચિંત્ય બનાવ્યા. ગોકુળનાં ગોપગોપીઓને રમાડનારી શામળી બાળમૂર્તિનું તેમણે ચિંતન કર્યું. મન

Scanned by CamScanner

તેના પર જ સ્થિર કર્યું, ઇંદ્રિયોને એના જ ધ્યાનના સુખમાં પરોવી દીધી. બાહ્ય શરીર પણ એની જ સેવામાં રોકી દીધું અને આ પ્રમાણે મન, વચન અને કાયાથી એ કૃષ્ણમય બની ગયા. એટલે કૃષ્ણનું સ્વરૂપ જોવાની ઉત્કટ ભાવના સફળ થાય જ ને? નિશ્ચયનું બળ એટલે જ ફળ. અહંકારનો પવન લાગે નહિ એટલે સત્યનારાયણ બધા મનોરથ પૂરા કરે છે એવું ભક્તો કહે છે તે સાચું છે. આપણો શુદ્ધ સંકલ્પ અથવા નિશ્ચયનું બળ અને નારાયણની કૃપા એ બે વચ્ચે ભેદ ક્યાં છે?

શ્રીકૃષ્ણ પ્રગટ થાય એવો શુદ્ધ અને તીવ્ર સંકલ્પ તુકારામે કર્યો અને નારાયણને પ્રગટ થવું પડ્યું. આ ભક્તના સંકલ્પ બળનું ગૌરવ કે ભગવાનની ભક્તવત્સલતા? કે બંનેના ઝઘડામાંથી દુનિયાને કૌતુકભર્યો પ્રસંગ જોવા મળ્યો એ માટે દુનિયાના ભાગ્યને વખાણવું?

ભગવાને તુકારામની દર્શનભૂખ પણ એક પ્રસંગનું નિમિત્ત બનીને ભાંગી. રામેશ્વર ભટ્ટે તુકારામને બધા અભંગો લખેલી વહીઓ ડૂબાડી દેવા કહ્યું. અને આ સત્પુરુષે એ બ્રાહ્મણની આજ્ઞા શિરોમાન્ય ગણીને ડૂબાડી દીધી અને પછી ભગવાને પાણીમાંથી એ વહીઓ બચાવી લીધી એવી સુપ્રસિદ્ધ લોકવાયકા છે.

રામેશ્વર ભટ્ટ નામના એક પીઢ અને મહાવિદ્વાન બ્રાહ્મણ પૂનાથી ઈશાનમાં નવ માઈલ દૂર આવેલ વાઘોલી ગામમાં રહેતા હતા. તુકારામનાં ગુણગાન તેમના કાન સુધી આવ્યાં હતાં. તુકારામ શૂદ્ર જાતિના હોવા છતાં બ્રાહ્મણો પણ તેમને પગે પડે છે અને તેમનાં ભજનોમાંથી

Scanned by CamScanner

શ્રુતિના અર્થો મળી આવે છે એ લોકમુખથી તેમણે સાંભળ્યું, ત્યારથી તુકારામ વિષે અને સામાન્ય રીતે વારકરી સંપ્રદાય વિષે તેમનો અભિપ્રાય ફરી ગયો.

રામેશ્વર ભટ્ટનો વિચાર પણ સમજવા જેવો છે. તુકારામ જે ભાગવતધર્મની ધજા નીચે ભક્તિપ્રચારનું કામ કરતા હતા, ભાગવતધર્મની કેટલીક બાબતો સાથે તેમનો પ્રામાણિક વિરોધ હતો. સાચું કહીએ તો જ્ઞાનેશ્વરના સમયથી જ વૈદિક કર્મકાંડી બ્રાહ્મણો ભાગવતધર્મ તે વર્ણાશ્રમનાં ધર્મબંધનો ઢીલાં કરનારો એક બંડખોર સંપ્રદાય છે એવું માને છે. ખરી રીતે એ તેવો નથી. ઊલટાનું વૈદિક ધર્મનું ખૂબ ઉજ્જવળ, વ્યાપક અને લોકોદ્ધારક સ્વરૂપ જ ભાગવતધર્મમાં જોવામાં આવે છે. આ ચર્ચાનો જવાબ ભાગવતધર્મી સંતોનાં ચરિત્રોએ જ આપી દીધો છે. વારકરીઓ જાતિભેદ ભૂલીને એકમેકને પગે લાગે છે. સંસ્કૃતમાં રહેલું જ્ઞાનરહસ્ય પ્રાકૃતમાં કહેવામાં આવે છે અને તેથી દેવવાણીની પાયમાલી થાય છે. કર્મમાર્ગ ઉપર થોડોઘણો કટાક્ષ કરીને ભક્તિનું અને નામનું જ માહાત્મ્ય સૌથી વધારે કહેવાય છે. આ વાત જૂના વિચારના કેટલાય શાસ્ત્રી–પંડિતો અને વૈદિક કર્મકાંડીઓ આજે પણ સ્વીકારતા નથી. બધા શાસ્ત્રી–પંડિતો આ મતના હતા એવું નથી, પણ આ મતના અભિમાનીઓથી ભાગવતધર્મ પ્રચારક જ્ઞાનેશ્વરને અને એકનાથને જેમ અગાઉ હેરાન કરવામાં આવ્યા હતા એવી જ રીતે તુકારામને રામેશ્વર ભટ્ટે હેરાન કર્યા.

વૈદિક સંપ્રદાય અને ભાગવત સંપ્રદાય જુદા જુદા છે. સંસ્કૃત ભાષામાં જ બધું ધર્મરહસ્ય રહેવું જોઈએ અને

Scanned by CamScanner

તે બ્રાહ્મણોના મુખથી જ અન્ય જાતિના માણસોએ સાંભળવું જોઈએ એમ વૈદિકો માને છે. બીજો મુદ્દો જાતિસંબંધોનો છે. જાતિબંધનો કડક રહેવાં જોઈએ. અંત્યજથી લઈને બ્રાહ્મણ સુધીના ઉચ્ચ-નીચના ભેદ વૈદિક સંપ્રદાયમાં છે, જ્યારે ભાગવતધર્મમાં તો મનુષ્ય ગમે તે જાતિમાં જન્મ્યો હોય પણ જો તે શુદ્ધાચરણી અને ભગવદ્‌ભક્ત હોય તો તે માટે તે વંદનીય અને શ્રેષ્ઠ છે એવો સિદ્ધાંત છે. આથી શ્રેષ્ઠતા ફક્ત જાતિમાં જ ન રહેતાં 'ભગવાનનો ભક્ત તે સર્વશ્રેષ્ઠ' એવો સિદ્ધાંત થયો. અને તેમાં સો ટચના સોનાનો કસ જાતિ ઉપર નહિ પણ સંત ઉપર લાગ્યો. એથી ભાગવત સંપ્રદાય બ્રાહ્મણોનું મહત્ત્વ ઘટાડનારો છે એવું જૂના મતવાદીઓ માની બેઠા.

જ્ઞાનેશ્વર–એકનાથને હેરાન કરવામાં આ બે જ મુદ્દા હતા, પણ તુકારામને હેરાન કરતી વખતે ત્રીજો એક મુદ્દો પણ આગળ આવ્યો. સંત સર્વશ્રેષ્ઠ મનાય એટલે મહત્તા બ્રાહ્મણ પાસે ન રહેતાં સહજ રીતે જ સંત પાસે ચાલી જાય. તુકારામનું સંતપણું જેમ જેમ સિદ્ધ થવા લાગ્યું, તેમના શુદ્ધ આચરણની, ઉપદેશોની, ભક્તિ–પ્રેમની પકડ જેમ જેમ લોકોના મન ઉપર મજબૂત થવા લાગી તેમ તેમ લોકોનો સમૂહ તેમના ભજનમાં સામેલ થયો. આ મુમુક્ષુ લોકોમાં દેહુના કુલકર્ણી મહાદાજી પંત, ચીખલીના કુલકર્ણી મલ્હાર પંત, પૂનાના કોંડો પંત, તળેગામના ગંગારામ વગેરે કેટલાય બ્રાહ્મણો પણ હતા. તુકારામની અમૃતવાણી સાંભળીને એ ભ્રમરની જેમ તુકારામના ભક્ત બની ગયા. લોકોને શુદ્ધ ધર્મજ્ઞાન જોઈતું હતું, સાચું પ્રેમસુખ જોઈતું હતું; એવે વખતે તેમને તુકારામ મળ્યા અને તેમની

Scanned by CamScanner

સાથે ભજનમાં ભળ્યા.

સાચું અને ખોટું લોકોના ધ્યાનમાં આવી જતું જ હોય છે. તુકારામની પડોશમાં જ મંબાજીબુવા પોતાની મોટાઈની દુકાન માંડીને બેઠા હતા, પણ તેમની પાસે લોકોને જે જોઈતું હતું તે નહોતું એટલે તેમના ભજનમાં કોઈ ભળ્યું નહિ. મંબાજી અને તુકારામ–એક ખોટું અને ખરું નાણું–બંનેની લોકોએ બરોબર પરખ કરી. તુકારામના ગુણ અને પ્રેમને લોકો સમજ્યા. તુકારામ શૂદ્ર જાતિના હતા, પણ તે બ્રાહ્મણ હોય તોપણ લોકોને એટલા જ ગમ્યા હોત. મંબાજી બ્રાહ્મણ હોવા છતાં તેમની રીત બ્રાહ્મણોને પણ ન ગમી. એટલે તુકારામને હેરાન કરવામાં ત્રીજો મુદ્દો તેમની જાતિ વિષેનો પણ હતો. તુકારામ શૂદ્ર હોવાથી બ્રાહ્મણો તેમને પગે પડે છે અને તેમને ગુરુ માને છે, તે રૂઢિચુસ્તોને રુચ્યું નહિ.

રામેશ્વર ભટ્ટ રૂઢિચુસ્ત તરીકે તુકારામ સાથે લડવા માટે આગળ આવ્યા ન હોત તો બીજો કોઈ પણ વેદશાસ્ત્રસંપન્ન બ્રાહ્મણ આગળ આવ્યો હોત. ધર્મનું રહસ્ય સંસ્કૃત સિવાયની પ્રાકૃત ભાષામાં સમજાવવામાં પણ કોઈ દોષ નથી, એ વાત જ્ઞાનેશ્વર અને એકનાથે સિદ્ધ કરી દીધી હતી. હવે પ્રાકૃત ભાષામાં અધિકારી શૂદ્ર પણ ધર્મરહસ્ય કહી શકે છે, કારણ કે ધર્મરહસ્ય ભગવાનની કૃપાથી કોઈ પણ જાતિના શુદ્ધચરિત માણસમાં પ્રગટ થાય છે. એ માટે તુકારામને હેરાન કરવામાં આવ્યા. અને આ હેરાનગતિ કરવાનું માન મળે છે રામેશ્વર ભટ્ટને! જ્ઞાનેશ્વર અને એકનાથના અલૌકિક પ્રભાવની અસર બધા બ્રાહ્મણો ઉપર થઈ. જનસમાજમાં ભાગવત

Scanned by CamScanner

ધર્મનો જયજયકાર થયો. તેનો ખૂબ પ્રચાર થયો. આમ ભાગવત ધર્મને એક ડગલું આગળ વધારવાનું શ્રેય તુકારામને પણ મળ્યું.

તુકારામના ભાગવત ધર્મનાં તત્ત્વો રામેશ્વર ભટ્ટે માન્ય ન રાખવાથી તેમણે ગાઢ જંગલમાં પગ મૂકયો. દેહુમાં તુકારામનાં ભજન-કીર્તનોનો રંગ જામે છે અને ત્યાં જ એમના પ્રિય વિઠ્ઠલનું સ્થાન છે એટલે દેહુમાંથી જ તુકારામને કાઢી મૂકવાનો કુવિચાર તેમના મનમાં આવ્યો અને તેમણે ગામના મુખિયાઓને ભંભેર્યા. દેહુમાંથી તુકારામને હાંકી કાઢવાનું એ મુખિયાઓને લખી નાખ્યું. આ હુકમનામું મુખિયાઓએ તુકારામને વાંચી સંભળાવ્યું.

તુકારામ તરત જ રામેશ્વર ભટ્ટને ગામ વાઘોલી ગયા અને રામેશ્વર ભટ્ટ સંધ્યામાં બેઠા હોવા છતાં તેમની પાસે જઈને દંડવત્ પ્રણામ કરીને તેમની સામે જ કીર્તનનો પ્રારંભ કરી દીધો! કીર્તનમાં પ્રાસાદિક અભંગો એક પછી એક સ્ફુર્યાં તેમ તુકારામ બોલવા લાગ્યા, એટલે રામેશ્વર ભટ્ટે કહ્યું: 'તારા અભંગોમાંથી શ્રુતિઓનો અર્થ નીકળે છે અને તું શૂદ્ર હોવાથી શ્રુતિઓના અર્થ કહેવાનો તને અધિકાર નથી. તારી વાણી શાસ્ત્રવિરુદ્ધ હોવાથી શ્રોતાઓ અને વક્તાને નરકમાં પહોંચાડનારી છે, એટલે તું આજથી કવિતા રચીશ નહિ.'

એના જવાબમાં તુકારામે કહ્યું: 'પાંડુરંગે આજ્ઞા કરી છે, તેથી હું આ અભંગો રચું છું. એ બધી વાણી નકામી ખરચાઈ ગઈ. આપ બ્રાહ્મણ હોવાથી ઈશ્વરમૂર્તિ છો. આપની આજ્ઞા મુજબ હું હવેથી કવિતા રચીશ નહિ. પણ આજ સુધી રચાયેલા અભંગોનું શું કરું?'

Scanned by CamScanner

રામેશ્વરે કહ્યું : 'તું તારા અભંગોની બધી વહીઓ લઈને પાણીમાં ડુબાડી દે.'

આ સાંભળી 'આપની આજ્ઞા માન્ય છે' એમ બોલીને તુકારામ દેહુ ગયા અને અભંગોની વહીઓ ઉપર તથા નીચે મોટા પથ્થરો રાખીને કપડામાં બાંધી અને એ પોટલું ઇંદ્રાયણીના વહેણમાં મૂકી દીધું.

પાણીમાં વહીઓ ડુબાડી દીધાની વાત જોતજોતામાં ચોમેર ફેલાઈ ગઈ. આથી પ્રેમળ ભાવિકોને ભારે દુ:ખ થયું; અને કુટિલ, નિંદા કરનારા, લુચ્ચા લોકો હરખાઈને તાળીઓ પાડવા લાગ્યા. તુકારામ પાસે એવા લોકો જઈને તેમની ઠેકડી ઉડાડવા લાગ્યા. અગાઉ ભાઈ સાથે વિરોધ કરીને દસ્તાવેજો ડૂબાડી દીધા હતા, હવે રામેશ્વર ભટ્ટ સાથેની ચર્ચામાં કવિતા ડુબાડી દીધી!

બીજું કોઈ હોત તો આવી બન્ને તરફની માનહાનિ થવાથી એણે લોકોને મોં ન બતાવતાં આપઘાત જ કર્યો હોત. તુકારામે પોતાના વિષે જ વિચાર કરીને જાતને કહ્યું : 'લોકોનું કહેવું સાચું છે. હું પ્રપંચી હોવાથી જ આગ ચાંપીને બહાર નીકળી ગયો છું. એટલે મારી ફજેતી થઈ. પણ ભગવાન માટે આ બધી માથાકૂટ કરી છતાં ભગવાન પ્રત્યક્ષ થયા નહિ, આઘાતમાંથી મને ઉગાર્યો નહિ, દુર્જનોનાં મોં બંધ કર્યાં નહિ, અને ભક્ત-વત્સલ તરીકેનું પોતાનું બિરુદ સાચું પાળ્યું નથી એટલે જીવતા રહેવાની પણ શી જરૂર? અન્ન અને પાણીનો ત્યાગ કરીને હું ભગવાનના ચરણે તેમનું ચિંતન કરતો પડ્યો રહું એટલે એને યોગ્ય લાગશે તે કરશે.'—આમ વિચાર કરીને તુકારામ મંદિર સામે તુલસીકયારા પાસેના



Scanned by CamScanner

એક પથ્થર ઉપર તેર દિવસ સુધી પડ્યા રહ્યા.

એ વખતે તેમના મુખમાંથી પ્રગટેલા ઓગણીસ અભંગોમાં એ વખતની તેમના મનની હાલત ઉત્કૃષ્ટ રીતે પ્રતિબિંબિત થઈ છે:

હે ભગવાન! દરેક પ્રાણીમાં એકસરખો ભાવ રાખનાર તું હોવા છતાં અને તારું અખંડ ચિંતન કરવા છતાં તેમાં બીજાની ડખલ થાય એ કેવી નવાઈ! આજ સુધી કરેલી ભક્તિ ઉપરનો આ કળશ છે! તારી ભક્તિનું એ ફળ મળ્યું કે લોકો દ્વેષ કરી શકે એવો દોષ મારાથી થયો, પણ એ માટે તને દોષ દેવા કરતાં એમ લાગે છે કે મારી સેવા જ સાચી નહિ હોય, તેમાં ખામી હશે.

તારી સેવામાં મેં મારું સર્વસ્વ અર્પણ કર્યા વિના તને હું દોષ આપું એ યોગ્ય નથી. હવે કાં તો તારી સાથે રાખ, અથવા મારો નાશ કર.

તુ જાતે આવીને જે કહીશ તે હવે હું કરીશ. તારા દર્શન માટે અનેક ઉપાયો કર્યા. કેટલી રાહ જોઉં? આશાનો અંત આવ્યો છે. છેવટનો છુટકારો કરી દે હવે. મારા શબ્દો તને ગમતા નથી, પછી બોલવાની શી જરૂર? તારું દર્શન થાય એ મારો સત્ય-સંકલ્પ પૂરો ન થયો. તને પ્રસન્ન કરવા ખૂબ મથ્યો, પણ એ બધા શબ્દો નકામા ગયા.

હવે બીજા બધા માર્ગો છોડીને તને ભેટવાની જ લગની લાગી છે. તું ઉદાર અને ભક્તવત્સલ છે એવું કહેવાનો મેં મફતનો વેપાર માંડ્યો, પણ એ વેપાર સમેટી લેવો પડ્યો. એક જીવનો ઉદ્ધાર તું કરીશ જ.

Scanned by CamScanner

પણ આખી દુનિયાનો ઉદ્ધાર થાય એ માટે મેં આ બધો પસારો કર્યો છે. પણ ભક્તને લાગેલો આ આઘાત તું નિવારીશ નહિ તો તારી આબરૂ જશે અને તારી નિંદા થશે એ મારા કાનથી સંભળાશે નહિ.

તારી નિંદા દુનિયામાં ન થાય અને તારા વિષે લોકોની અશ્રદ્ધા વધે નહિ એ સિવાય બીજું કશું મારે જોઈતું નથી. અગાઉ જે જ્ઞાની ભક્તો થઈ ગયા તેમણે નિષ્કામ ભક્તિનો જે સુંદર ચીલો પાડ્યો છે એ જ ચીલે મેં ચાલવા પ્રયત્ન કર્યો છે. શરીરની બધી ઉપાધિ તુચ્છ ગણીને તારી સેવા માટે બુદ્ધિ દૃઢ કરીને રહ્યો છું. આ શરીરનાં છત્રીસ તત્ત્વોને વહેંચીને હું અલગ થયો અને તારા ઉપકાર માટે જ હવે જીવી રહ્યો છું.

તારા બિરુદ અને નામને કલંક ન લાગે અને લોકોની શ્રદ્ધા દૃઢ થાય એ માટે જ હું તને પ્રગટ થઈને મને દર્શન દેવાની અને તને એ આઘાતમાંથી ઉગારવાની પ્રાર્થના કરું છું. આવી જાતનો ત્રાસ તને દેવાનો અધિકાર શું મને નથી ? શું હું તારો દાસ નથી ?

તારા ચરણ માટે જ મેં પ્રપંચોની હોળી કરી છે. મારું સર્વસ્વ મેં તારે ચરણે ધરી દીધું છે; છતાં મારા પર આવું વાદળું ઘેરાઈ વળે એ ઉચિત છે ? પાંડુરંગ, મને ભેટીને મારો તલસાટ નિવાર. તારી મહેર નથી લાગી એટલે મારાં વચનો ખાતરીલાયક છે કે નહિ તે આ લોકોને સમજાતું નથી. આ જ સુધીનો મારો બધો બડબડાટ નકામો ઠર્યો. બોલાયેલા બધા શબ્દો હવામાં ઊડી ગયા છે એ જોઈને હું તો છક થઈ ગયો છું. તારા

Scanned by CamScanner

ચરણુમાં મારું ચિત્ત રમતું મૂક્યું છે, હવે તું મને ભેટ એટલે આ ભવબંધનની ગાંઠ છૂટી જાય.

આમ સાક્ષાત્ દર્શન માટે ઉત્કંઠિત થઈને તુકારામ દેહુના પાંડુરંગના મંદિર સામેના પથ્થર ઉપર ચિંતન કરતાં તેર દિવસ સુધી આંખો ફાડીને પડ્યા રહ્યા. તેર દિવસ સુધી ભૂખ કે તરસનું તેમને ભાન જ ન રહ્યું. હૃદયમાં પાંડુરંગનું ધ્યાન તપસ્વી ધ્રુવની જેમ તેમણે ધર્યા કર્યું.

આ બાજુ વાઘોલીમાં રામેશ્વર ભટ્ટે ભક્તદ્રોહ કર્યો એથી ભગવાનનો તેમના પર કોપ ઊતર્યો. ભગવાન સાથે કરેલું કપટ કદાચ ભગવાન સહન કરી લે, પણ ભક્તને કોઈ હેરાન કરે એ તો જરાય સહન ન કરી શકે. કંસ, રાવણ વગેરે ભગવાનના વિરોધીઓ મોક્ષપદ પામ્યા, પણ ભક્તદ્વેષી પશ્ચાત્તાપથી શુદ્ધ થઈને ભક્તને જ શરણે ન આવે તો તેની અવશ્ય અધોગતિ થાય છે. બધાં પ્રાણીઓના હિત માટે મન, વચન અને કાયાથી ઝૂઝનારા મહાત્માઓનાં મન બધાં પ્રાણીઓના અંતરમાં વ્યાપી રહેનારાં હોવાથી તેમને દીધેલા ધક્કાથી એ સર્વ ભૂતાધિવાસ હલી ઊઠે છે. એટલે જ સાધુપુરુષને છળવા જેવું બીજું પાપ નથી.

રામેશ્વર ભટ્ટ વાઘોલીથી પૂનામાં આવેલ નાગનાથનાં દર્શને જવા નીકળ્યા. નાગનાથમાં પ્રકટ દૈવત હોવાથી એ ધામઉપર રામેશ્વર ભટ્ટને ભારે આસ્થા હતી. રસ્તામાં અનઘડ સિદ્ધ નામનો એક ઓલિયો રહેતો હતો. તેણે પોતાની વાડીમાં એક વાવ બાંધી હતી. આ વાવ અને અનઘડશાહનો તકિયો આજે પણ ત્યાં જોવા મળે છે. એ વાવમાં

Scanned by CamScanner

રામેશ્વર ભટ્ટે સ્નાન કર્યું ત્યાં તો એમના આખા શરીરે બળતરા શરૂ થઈ ગઈ. કોઈએ કહ્યું કે આ પેલા ફકીરના શાપનું પરિણામ છે. ત્યારે કોઈએ કહ્યું કે તુકારામને હેરાન કર્યા તેનું આ પરિણામ છે. રામેશ્વર ભટ્ટના શરીરે બળતરા વધતી જ ગઈ. શિષ્યોએ ઠંડક માટે અનેક ઉપચારો કર્યા, પણ બધા નિષ્ફળ નીવડ્યા. એમના આખા શરીરે બળતરા વ્યાપી ગઈ. સત્પુરુષને કોઈ ત્રાસ આપે તો એના પર આપત્તિ આવ્યા વિના ન રહે.

તપ અને વિદ્યા એ બંનેની સાધના બ્રાહ્મણોને મોક્ષદાયક ખરી, પણ બ્રાહ્મણ જ્યારે ખોટી રીતે વિદ્યાનો ઉપયોગ કરે છે ત્યારે તેની અધોગતિ થાય છે. અધકચરો બ્રાહ્મણ તપસ્વી હોય તોય આફતમાં આવી પડે છે. આખરે બળતરા શાંત કરવા રામેશ્વર ભટ્ટ આળંદીમાં જઈને જ્ઞાનેશ્વરની સેવામાં લાગી ગયા.

આ તરફ તુકારામનાં ભક્તિ અને વૈરાગ્ય પરાકાષ્ઠાએ પહોંચ્યાં. હવે ભગવાનને પ્રગટ થયા વિના છૂટકો નહોતો. ભક્તિના સાચાપણાની પરીક્ષા થવાની હતી, તુકારામની ભક્તિની કસોટી થઈ રહી હતી. ખરી રીતે તો દેવના દેવત્વની જ પરીક્ષા થઈ રહી હતી. વેદ, શાસ્ત્ર, પુરાણ, સંતવચનો અને ભક્તોની આબરૂ રાખવાનું ભગવાનના હાથમાં હોય છે, એટલે ભગવાન સગુણ સ્વરૂપે પ્રગટ થઈને તુકારામને ભેટ્યા અને નદીના ઊંડા ધરામાં પડેલી વહીઓ બહાર લાવવાની ભગવાને ફરજ બજાવી. આવી વિપત્તિમાં ભગવાને તુકારામની સંભાળ લીધી ન હોત તોપણ તુકારામની નિષ્ઠા એટલી જ રહેત પણ લોકોને ભગવાનના અસ્તિત્વની અને દયાળુતાની ખાતરી થઈ ન હોત.

Scanned by CamScanner

દેહુમાં તેર દિવસ સુધી તુકારામ પથ્થર ઉપર પડ્યા રહ્યા હતા. આખરે તેમને દર્શન દઈને ભગવાને બચાવી લીધા. તુકારામે ત્રિભુવનનાથને ભક્તિબળથી ખેંચ્યા અને એ નિરાકાર સાકાર બન્યા. તેમની અસીમ ભક્તિનું સામર્થ્ય દુનિયાને દેખાયું. શ્રીહરિએ બાળવેશ ધારણ કરીને તુકારામને દર્શન દીધાં અને આલિંગન આપીને સંતોષ્યા. તુકારામને ભગવાનના સગુણ સ્વરૂપનાં દર્શન થયાં. 'પ્રહ્‌લાદની જેમ હું તારી પાછળ પણ સદાય ઊભો છું અને તારી કવિતાની વહીઓ મેં પાણીમાં પણ સુરક્ષિત રાખી છે' એવું તુકારામે ભગવાનના મુખેથી સાંભળ્યું તેથી સંતોષ થયો અને ભગવાન પણ ભક્તના હૃદયમાં અંતર્ધાન થઈ ગયા. આ વખતે તુકારામનું શરીર બહારથી નિશ્ચેતન દેખાતું હતું. શ્વાસોચ્છ્‌વાસ ધીમો પડી ગયો હતો, હલનચલન બંધ હતું. તેમના નિંદકોને થયું કે ખેલ ખલાસ છે, પણ ભાવિકોને તેમના મુખ ઉપર પ્રકાશ દેખાતો હતો અને ધીમે ધીમે નામ–જપનો અવાજ પણ સંભળાતો હતો.

આમ ચૌદમે દિવસે પરોઢિયે પ્રગટ થઈને ભગવાને લોકોને કહ્યું કે, અભંગોની વહીઓ પાણીની સપાટી ઉપર તરે છે એ તમે લઈ આવો. બધા ભક્તોને આનંદ થયો અને બધા નદીના ધરા તરફ દોડ્યા. ત્યાં થયેલા ચમત્કારનું તો વર્ણન જ શી રીતે થઈ શકે! વહીઓનું પોટલું તુંબડાની જેમ પાણીની સપાટી ઉપર લહેરાતું તેમણે જોયું! બધા આનંદની કીકિયારીઓ કરી ઊઠ્યા અને 'રામકૃષ્ણહરિ'ના નાદથી દશે દિશા ગાજી ઊઠી. બેચાર જણે તરત પાણીમાં ભૂસકો મારીને પોટલું કાળજીપૂર્વક બહાર કાઢ્યું.

આ તરફ તુકારામે આંખો ઉઘાડી ત્યાં તો ભક્તોની

Scanned by CamScanner

મંડળીને આનંદની અવધિમાં ભાન ભૂલીને વિઠ્ઠલના નામનો જયઘોષ કરતી પોતાની પાસે આવતી જોઈ. બધે આનંદ–આનંદ થઈ રહ્યો. ભાવિકોના આનંદનો પાર રહ્યો નહિ, નિંદકોનાં મોં કાળાંમેશ થઈ ગયાં. પવનના હિલોળા સાથે એક વાર વખાણ તરફ અને એક વાર નિંદા તરફ વળી જનારા અર્ધદગ્ધોની ચિત્તવૃત્તિ સ્થિર થઈ અને તે પ્રસન્ન થયા. પાંડુરંગનું આ કૌતુક સંભારતાં તુકારામના હૃદયમાં પ્રેમાવેગ કેમે કર્યો સમાતો નહોતો. તેમની આંખોમાંથી તો પ્રેમાશ્રુનો ધોધ વહેતો હતો.

આ પ્રસંગ ઉપર તેમના મુખમાંથી અત્યંત સુંદર સાત અભંગોની સરવાણી ફૂટી છે. એમાં ભગવાનના સગુણ દર્શનની નિશાની ચોખ્ખી વર્ણવી હોવાથી તેમણે ભગવાનને થોડી વાર માટે પણ ઠપકો આપવા બદલ ખેદ વ્યક્ત કર્યો છે. આ સાત અભંગો અમૃતથી ભરેલાં સાત સરોવર ગણાય છે.

મહાત્માના ચરિત્રમાં એવો મહત્ત્વનો પ્રસંગ આવે છે. એ પ્રસંગને લીધે જ એ મહાત્માના બધા સદ્‌ગુણોની કસોટી થાય છે. જે સગુણ ભક્તિથી સંત તુકારામે સેંકડો કીર્તનો અને અભંગો રચી લોકોને ભક્તિમાર્ગે વાળ્યા હતા તે સગુણ ભક્તિના ઉત્કર્ષ માટે ભગવાને સગુણ સ્વરૂપે પ્રગટ થઈને તેમની વહીઓ પાણીમાંથી રક્ષીને તેમને દર્શન દીધાં અને પોતાની ગોદમાં લીધા, તેથી તેમનો અને ભાગવત-ધર્મનો વિજય ગણાયો અને સંત તુકારામનું નામ ભક્તોની માળામાં અમર થઈ ગયું.

આ તરફ રામેશ્વર ભટ્ટ જ્ઞાનદેવની ચરણસેવા કરતા

Scanned by CamScanner

બેઠા હતા. તેમને એક રાતે થયું કે, મહાવૈષ્ણવ તુકારામનો દ્વેષ કરવાથી મારાં બધાં સુકૃત્યોનો નાશ થયો છે. વળી મેં એવા સંત સાથે કપટ કર્યું એને લીધે જ મારે આ પીડા ભોગવવી પડી છે. એટલે અંતરમાં સદ્‌ભાવ ભરીને તેમને શરણે જઈને આ ક્ષુલ્લક રોગમાંથી તો શું પણ ભવરોગમાંથી પણ હું મુક્ત થઈશ.

પાણીમાંથી ભગવાને તારેલી વહીઓ અને સાક્ષાત્ દર્શનનો અર્થ તરત જ રામેશ્વર ભટ્ટને સમજાયો. તેમની આંખો ખૂલી ગઈ. વેદાભ્યાસ અને પાંડિત્યની મહત્તા ભક્તિ પાસે કંઈ નથી અને માનવદેહનું મુખ્ય સાર્થક્ય સંતોની સંગતમાં રહીને હરિકૃપા મેળવવામાં જ છે એ તેમને સમજાઈ ગયું. તુકારામ પણ ભગવાનને પ્રિય એવી વિભૂતિ છે એમ લાગવાથી તેમનું અભિમાન ઓગળી ગયું. ભક્ત માટે ભગવાન સાકાર સ્વરૂપે આવીને તેનું રક્ષણ કરે છે, જ્યારે પંડિતોના શરીરને સાધુના શાપથી દાહ થયો હોય તે ભગવાન શમાવતા નથી એમ સમજી તેમનું મિથ્યા-ભિમાન ઓગળી ગયું. એથી તેઓ વધુ શુદ્ધ થયા અને તુકારામ વિષે તેમના મનમાં ભારે આદર પેદા થયો. તુકારામ મહારાજને શરણે એ ગયા. તુકારામને એક પત્ર લખીને પોતાની આપવીતી જણાવી અને હૃદયપૂર્વક તેમની પ્રશંસા કરી.

તેના ઉત્તરમાં તુકારામે એક અભંગ લખી જણાવ્યું કે આપણા મનને શુદ્ધ રાખીએ તો દુશ્મન પણ દોસ્ત બને છે, વાઘ અને સાપ જેવાં ક્રૂર પ્રાણીઓ પણ દુષ્ટ ભાવ છોડી દે છે, ઝેરનું અમૃત થાય છે, દુઃખ પણ સુખમાં

Scanned by CamScanner

પરિણમે છે, અગ્નિની જ્વાળા પણ શીતળ બની જાય છે. જેનું દિલ ચોખ્ખું છે તેના તરફ બધા પ્રેમ રાખે છે; કારણ કે બધાના અંતરમાં એક જ ભગવાનનો વાસ છે.

રામેશ્વર ભટ્ટે આ અભંગ ખૂબ ધ્યાનપૂર્વક વાંચ્યો. તેમાંનો બોધ તેમને ગમ્યો. તેમના તન-મનનો સંતાપ શાંત થઈ ગયો. હવે તેઓ પહેલાંના રામેશ્વર ભટ્ટ રહ્યા નહોતા. એ સંત તુકારામના ભક્ત થઈ ગયા; અને તેમની જ સાથે રહેવાની પોતાની ઇચ્છા દર્શાવી અને અજાતશત્રુ મહાત્મા તુકારામે તેમની એ ઇચ્છા પૂરી પણ કરી.

રામેશ્વર ભટ્ટે તુકારામ મહારાજ વિષે રચેલા ચાર અભંગ ખૂબ પ્રસિદ્ધ છે. તેમાં તેમણે તુકારામ મહારાજને બિરદાવ્યા છે. ભક્તોની જાતિ કે ગોત્ર કોઈએ જોવું નહિ. ભક્ત કોઈ પણ જાતનો હોય પણ એના પગે પડવામાં દોષ નથી. ધર્મને લાગેલો ક્ષયરોગ તુકારામે ધનવન્તરિ બનીને દૂર કર્યો.

તુકારામનું કાર્ય શાસ્ત્ર સાથે સંકળાયેલું છે એવું રામેશ્વર ભટ્ટને તેમના સહવાસથી જણાઈ આવ્યું. અદ્વૈત સિદ્ધાંત સ્વીકારીને તુકારામે ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો. ભગવાન અને બ્રાહ્મણોની તેમણે ભક્તિભાવપૂર્વક સેવા કરી. તેઓ શાંતિ, ક્ષમા અને દયાભર્યું જીવન જીવી ગયા. દુનિયાના અજ્ઞાનનો અંધકાર દૂર કરવા માટે સંતોરૂપી ગ્રહમંડળમાં તુકારામ સાચા સૂર્યની જેમ પ્રકાશે છે વગેરે શબ્દોથી રામેશ્વર ભટ્ટે આ અભંગોમાં તુકારામ મહારાજનાં વખાણ કર્યાં છે.

શ્રીકૃષ્ણના દર્શનનો આનંદ અખંડ અનુભવનાર શ્રી

Scanned by CamScanner

તુકારામ મહારાજ અને તેમના સ્વરૂપ સાથે અભેદ સાધનાર રામેશ્વર ભટ્ટ એ ગુરુશિષ્યને વંદન હો.

એક વાર શ્રીકૃષ્ણે બાળવેશે તુકારામને દર્શન દીધાં એટલે પછી તુકારામ ઇચ્છે ત્યારે અને ત્યાં ભગવાનને જોવા લાગ્યા એ કહેવાની જરૂર નથી. 'તમે પણ મારી જેમ જ ભગવાનને ચરણે બેસીને ધૂન લગાવો એટલે તમને પણ ભગવાન ભેટશે' એવું સ્વાનુભવ ઉપરથી તેમના કીર્તનમાં લોકોને તે કહેવા લાગ્યા. પોતાનો આશ્રમ અને કુળધર્મ છોડ્યા વિના ફક્ત હરિનું નામ લેવાથી જ ઉદ્ધાર થાય છે. અને આપણી ભાવશુદ્ધિ જાણીને, જેનું આપણે મનમાં અખંડ ધ્યાન ધરીએ તે સ્વરૂપ પ્રત્યક્ષ-પ્રગટ થાય છે. શ્રીહરિના આ સગુણ સ્વરૂપની ભક્તિ એ જ સાચી ઉપાસના છે. રામેશ્વર ભટ્ટ જેવા મહાપંડિતે ભક્તિમાર્ગ સ્વીકાર્યો અને તે તુકારામના શિષ્ય થયા, છતાં તુકારામને કદી એનો ગર્વ થયો નથી કે તેમની નમ્રતા ઓછી થઈ નથી.

Scanned by CamScanner

# ૯ : ‘ મેઘવૃષ્ટિ ’

દેહુમાં પરમાર્થની નવી વિદ્યાપીઠ શરૂ થઈ અને તેના સંચાલક તેમ જ સૂત્રધાર સંત તુકારામના ઉપદેશ સાંભળવા ગામેગામથી લોકો આવવા લાગ્યા. આવા જિતેન્દ્રિય, વિરક્ત, નિરપેક્ષ અને અનુભવી લોકગુરુ આ સ્વાર્થભરી દુનિયામાં ક્યારેક જ મળે છે. પૂરેપૂરી સાધના કર્યા પછી જ એ સાધના લોકકલ્યાણ માટે ઉપયોગમાં લેવાનો સંતોનો સ્વભાવ હોય છે.

સાધકની આટલી મોટી યોગ્યતાવાળા તુકારામમાં જરાય મોટાઈ આવી ન જાય તે માટે કોઈને પોતાનો શિષ્ય કહેવો નહિ એવી તેમણે દૃઢ ભાવના રાખી. તેમના ઉપદેશોને પણ ‘ મેઘવૃષ્ટિ ’ એવું નામ આપ્યું. તેથી તે એકાંતમાં કોઈને ઉપદેશ આપતા નહિ. જે ચિંતનસુખ પોતે ભોગવ્યું, એ બધાંને વહેંચી દીધું. કહેવાતા ગુરુનો તેમણે વિરોધ કર્યો છે.

સંત તુકારામ કહે છે કે ‘ હું જડીબુટ્ટી બતાવતો નથી, એક પછી એક ચમત્કારો કરતો નથી, ભગવાનની પૂજાની દુકાન મેં માંડી નથી. હું પંડિત નથી. ભગવાનનાં નામો અને ગુણોનું હું કીર્તન કરું છું, મને એટલી જ ખબર છે. મારો ભગવાન અને ‘ રામકૃષ્ણહરિ ’ મંત્ર બધાંને માટે ખુલ્લો છે; કારણ કે બધાં પ્રાણીઓમાં નારાયણનો વાસ છે. એ મારા અને બીજાનાં હૃદયમાં પણ હોવાથી હું ગુરુ અને બીજા શિષ્યો એવા ભેદ ન હોઈ શકે. હું ગુરુ બનીને કોઈને ઉપદેશ કરતો નથી. નારાયણની પ્રેરણાથી

Scanned by CamScanner

હું બોલું છું.'

બીજા એક અભંગમાં 'મેઘવૃષ્ટિ'ને વધુ સ્પષ્ટ કરતાં તુકારામ કહે છે: મેઘવૃષ્ટિની રીતે ઉપદેશ થાય તો એમાં સહજતાનો રંગ આવે છે, વરસાદ ખડક અને જમીન ઉપર એકસરખો વરસે છે. એ રીતના ઉપદેશથી બધાંને એક સરખી રીતે માર્ગ બતાવવાનું કામ હું કરું છું. પોતાના હિત માટે એનું આચરણ કરી શકાય.

નિંદા–સ્તુતિના ભાવથી પર થઈ શકાય એ માટે માત્ર કોઈના દિલને દૂભવવા હું કંઈ પણ બોલતો નથી.

પાણી ખેતરમાં પડીને સાર્થક થાય છે કે ગટરમાં નિરર્થક વહી જાય છે એનો વરસાદ વિચાર કરતો નથી, એ તો બધે ઠેકાણે એકસરખો જ વરસે છે. ગંગા પુણ્યશાળી અને પાપી બંનેને પોતાના નીરમાં નાહવા દે છે.

આમ બધાને એક જ સરખો બોધ આપવો એટલે એક જ પ્રકારનો ઉપદેશ કરવો એવું નથી. હરિભજનનો ઉપદેશ બધાં માટે એક છે. બાકી 'અધિકાર એવો ઉપદેશ હું કરું છું' એ ન્યાયે જેનાથી જેટલો બોજો ઊપડે તેટલો જ એના માથા પર મૂકવો. ધર્મ, નીતિ અને વ્યવહારના કેટલાક ઉપદેશો સાર્વજનિક હોય છે, જે બધાને બધી વખત લેવાના હોય છે.

તુકારામે કયો અભંગ કોને ઉદ્દેશીને કયે પ્રસંગે કહ્યો તે આજે સમજી શકાય તેમ નથી તોપણ તુકારામના શ્રોતાઓમાં સામાન્ય રીતે જે પ્રકારના લોકો હતા એ જ પ્રકારના વિવિધ લોકો આજે પણ છે અને દરેક જમાનામાં હોવાના જ. બધાએ પોતાના અધિકાર પ્રમાણે બોધ ગ્રહણ

Scanned by CamScanner

કરવો જોઈએ. સંત એક સારા વૈદ્ય જેવો છે. તેની પાસે સર્વ રોગોની દવાઓ હોય છે. દરેકે પોતાના રોગને અનુરૂપ દવા લેવી, ચરી પાળવી અને નીરોગી બનવું. સંત ભવરોગ મટાડે છે. વૈદ્યો તો પૈસાના ભૂખ્યા હોય છે, પણ સંતો પરોપકારી અને નિષ્કામ હોવાથી તેમને એમાં કોઈ પણ જાતનો સ્વાર્થ હોતો નથી, ઊલટાના તેઓ પોતાની વિવિધ શક્તિઓથી સમાજને ઉપકારક બનતા હોય છે. તુકારામના અભંગરૂપી અરીસામાં મોં જોઈને બધા પોતાનો રોગ જાતે નક્કી કરી શકે છે.

સંતો લોકોને જાગ્રત કરે છે, તેમની મોહનિદ્રા ઉડાડે છે, ધર્મનું રહસ્ય સમજાવીને ઉદ્ધારનો માર્ગ બતાવે છે, ભક્તિ અને જ્ઞાન–વૈરાગ્યનો બોધ આપીને તેમની બુદ્ધિનો વિકાસ કરે છે, જીવોને અભયદાન આપે છે અને નિજાનંદના વિશાળ સામ્રાજ્યનો અનુભવ કરાવે છે. સંતોનો ઉપકાર મા–બાપ કરતાંય વધારે છે. આવી મહાન વિભૂતિઓમાં તુકારામ એક હતા અને તેમના ઉપદેશોની મેઘવૃષ્ટિ નીચે આપણે બધા નમ્ર થઈને એ અમૃતજળને માથા ઉપર ચડાવી કૃતાર્થ થઈએ.

તુકારામનો મુખ્ય ઉપદેશ આ છે. ખરી રીતે તો તુકારામના બધાય અભંગો મેઘવૃષ્ટિ જ છે. અમૃતની એ સેરો અંતરથી ઝીલીને સૌએ પોતાના જીવનને કૃતાર્થ કરવું જોઈએ.

વિવિધ પ્રકારના લોકોને તેમણે આપેલા ઉપદેશ હવે જોઈએ :

( ૧ ) પત્ની નચાવે તેમ નાચે નહિ એ ધર્મિષ્ઠ થઈ શકે.

Scanned by CamScanner

(૨) બીજાના ઉપર ઉપકાર કરવો એ જ પુણ્ય છે અને બીજાની નિંદા કરવી તથા પીડવું એ જ પાપ છે.

(૩) મુખથી ભગવાનનું નામ બોલાય એ જ મોટો લાભ છે અને પ્રપંચ તેમ જ લોભ એ જ નુકસાન છે.

(૪) સંતસમાગમથી સમબુદ્ધિ કેળવાય એ જ સુખ છે અને વિષમ બુદ્ધિ કેળવાય એ જ દુઃખ છે.

(૫) જેની વૃત્તિ સ્વાધીન છે એ સાધના કરી શકે છે અને જેની વૃત્તિ વિષયોમાં ફસાયેલી છે તે તેમ કરી શકતો નથી.

(૬) જિતેંદ્રિય મનુષ્ય માન પામે છે અને સ્ત્રી-લોલુપ અપમાનિત થાય છે.

(૭) દરેક વાતમાંથી સાર ગ્રહણ કરીને સંતોષ પામનાર પંડિત બની શકે છે, પણ વાદવિવાદમાં રાચનાર મૂર્ખ જ રહે છે.

(૮) ગાય અને અતિથિને જમાડીને જમનાર અને પિતૃઓને તૃપ્ત કરનાર સદાચારી છે અને વ્યસનોમાં તેમ જ ઇંદ્રિયસુખોમાં જ ધનનો વ્યય કરે છે એ દુરાચારી છે.

(૯) બધાં પ્રાણીઓમાં ભગવાન જોવા એ હિત અને અહંભાવ એ અહિત.

(૧૦) હરિનો દાસ વંદ્ય છે અને વિષયોનો દાસ નિંદ્ય છે.

(૧૧) જે બધું ઈશ્વરને સમર્પી દે તે ઉદાર અને જે અંતરમાં મલિનતા રાખે એ મૂંજી.

(૧૨) વિઠ્ઠલનું નામ મીઠું અને સંસાર કડવો.

નિષ્કામ ભક્તિનો પ્રકાશ કરવા માટે તુકારામે અવતાર

Scanned by CamScanner

દીધો હતો અને એ પ્રકાશમાંથી ભક્તિવિરોધી મતવાળાઓને તેમનો સંદેશો લેવો પડ્યો; એટલું જ નહિ, પણ ભક્તિ પંથમાંના અનેક ઢોંગ પણ તેઓ દૂર કરી શક્યા. ભગવાનના ભક્તો પોતાની જાતને કહેવડાવે ખરા, પણ ભગવાનને માન કેમ આપવું, ત્યાં હાથ જોડીને નમ્રતાથી કેમ વર્તવું, ભગવાન સામે ગરબડ કે તોફાન ન કરતાં તેમની પૂજા–અર્ચા અને ભજન એકાગ્ર થઈને શી રીતે કરવાં, સારી સારી વસ્તુઓ ભગવાન પાસે કેમ મૂકવી, ભગવાન પાસે જતી વખતે મનમાંથી મેલા વિચારો હટાવીને પવિત્ર થઈને કેમ જવું એવી સાદી વાતો પણ તેમને સમજાતી નથી એ કેવી નવાઈની વાત કહેવાય! ભગવાન મેળવવા છે તો મનને મલિન કેમ રાખો છો? અભિમાન, ઠાઠ, આળસ, ચંચળતા, દોષયુક્ત વર્તન, મનના મેલ વગેરે ભગવાનના ભક્તે દૂર કરવાં જોઈએ, કેવળ બહારના વેશથી કોઈ ભક્ત થાય ખરો?

તુકારામનાં કીર્તનોમાં અને દર્શન માટે આવનારામાં મોટા ભાગના સંસારીઓ જ હશે. તુકારામે પ્રપંચ ફગાવી દીધા. એકનાથનો સંસાર અનુકૂળ પત્નીને લીધે સુખી હતો, રામદાસ તો એ પ્રપંચમાં પડ્યા જ નહિ. આ ત્રણે મહાત્માઓ વિરક્ત હતા. એ ત્રણેના જેવો બહુજનસમાજ ન થાય.

તુકારામે લોકોને ઉપદેશ દ્વારા કેવી રીતે ચેતવ્યા, પાટા ઉપરથી રોજ ઊતરી જતી ગાડીને ધર્મ અને નીતિને માર્ગે કેવી રીતે ચડાવી અને ભગવાન, ધર્મ અને સંત પ્રત્યે તેમનામાં પ્રેમ ઉત્પન્ન કરવા માટે કેવી રીતે વર્ત્યા તે હવે જોઈએ:

ડાહ્યા માણસને એક જ વાક્ય બસ છે. ચિત્તને

Scanned by CamScanner

ચંચળ કરે એ રસ્તે ન જતાં નામ જેવું કોઈ સુલભ સાધન નથી એવો નિર્ણય કરી લેવો. તમારું ચિત્ત શુદ્ધ કરો એવું હું બે હાથ જોડીને કહું છું.

પોતાની પત્ની સાથે પણ સ્વચ્છંદી ન બનવું અને પરસ્ત્રીથી દૂર રહેવું. સંસારમાં પણ ખપપૂરતો અને વિધિના પાલન પૂરતો જ સ્ત્રી–સંસર્ગ જે રાખશે તેના જ હાથે કંઈક પુરુષાર્થ થશે. વિષયીપણાથી તો સ્ત્રી અને પુરુષ બંનેના હિતનો નાશ થાય છે.

અહિંસા તો ભગવતધર્મનો પ્રાણ છે. વારકરીઓમાં કોઈ માંસાહારી નથી; હોય તો એ લુચ્ચો–લફંગો ગણાય. બધા જીવોને પોતાના જેવા જે ન માને, એને બીજું કહેવું પણ શું?

કન્યા, ગાય અને હરિકથાનો વેપાર કરનાર અધમ ગણાય છે.

સ્ત્રીઓએ પતિવ્રતાધર્મનું પાલન કરવું, શીલ સાચવવું, ધર્મકાર્યમાં પતિને અનુકૂળ થઈને વર્તવું, મહેમાનોની આગતા–સ્વાગતા, બ્રાહ્મણોનો સત્કાર, કીર્તન અને શ્રવણ કરી ઘર ચોખ્ખું રાખવું, હરિભજન ગાવામાં ગળું સંતાડવું નહિ, તેમ જ બાળબચ્ચાંને હરિભજન તરફ વાળવાં. કુળવતી સ્ત્રી પોતાની શુદ્ધતાનું રક્ષણ કરતાં મરી જશે, પણ ભ્રષ્ટ થશે નહિ.

બ્રાહ્મણોમાં પણ જે દુરાચારી, ઢોંગી અને દુષ્ટ તુકારામે જોયા, તે બધા માટે જરૂરી કોરડા વીંઝ્યા છે અને એથી કોઈ સાચા બ્રાહ્મણને ક્યારેય ખેદ થયો નથી. એવું થયું હોય તો એ બ્રાહ્મણ જ ન કહેવાય. કોઈના પણ દોષ

Scanned by CamScanner

હમેશાં નિંદનીય જ છે. તુકારામે જે પ્રહાર કર્યા છે તે દુર્ગુણ ઉપર કર્યા છે, માણસ ઉપર નથી કર્યા એ ભૂલવું ન જોઈએ.

હરિભજનને નામે ઢોંગ કરનારાને તુકારામે બરાબર ખુલ્લા કર્યા છે. એવા પેટ ભરનારા સંતોના ફંદામાં ન ફસાવા જનતાને તેમણે વારંવાર ચેતવી છે. કેટલાય કહેવાતા કીર્તનકારો, પુરાણીઓ, ગુરુ, કવિ, વિદ્વાન અને સંતોમાંથી પણ જે જે જૂઠાણું તેમને જડયું, એ તરફ તેમણે બધાંનું ધ્યાન દોર્યું છે. આવા ઉપદેશક વર્ગની સમાજને જરૂર છે એટલે તેઓએ નિર્મળ અને નિર્દોષ રહેવું જોઈએ, પણ આવી સમજણ, ચીવટ અને સત્યનિષ્ઠા ખૂબ થોડા લોકોમાં હોય છે. મોટે ભાગે એમનામાં બજારુ વૃત્તિ જ વધારે દેખાય છે. એટલે તેમનું ઢોંગીપણું છોડી દેવા અને હરિ-પ્રેમ તરફ મનને વાળવા તેમ જ સદાચાર ન છોડવાનો તુકારામે તેમને ઉપદેશ આપ્યો છે.

કીર્તનસંપ્રદાય વિષે તુકારામને ખૂબ પ્રેમ હતો એટલે કીર્તનમાં કોઈ ઢોંગી હરિદાસ ન હોય એવું તેમને સ્વાભાવિક લાગે જ. પેટ ભરવા માટે જ કીર્તન ન કરવું, કીર્તનને ધંધો ન બનાવવો એવી તુકારામની ખાસ આજ્ઞા છે. કીર્તનકાર અને પુરાણી સમાજના ગુરુ છે. તેમણે નિર્લોભ અને નિર્દંભ થઈને લોકોને હરિભક્તિ અને સદાચાર શીખવવાં જોઈએ, બોલવા પ્રમાણે વર્તવું જોઈએ. એ બધાને તુકારામ કહે છે કે, ઢોંગ કરીને લોકોને ફસાવશો નહિ, ઇંદ્રિયોને જીતીને પહેલાં તમારે આધીન કરી દો, તમે જાતે ન્યાય–નીતિથી વર્તો, બોલો તેવું તો જરૂર વર્તો, પોતે ફસાવ નહિ કે લોકોને ફસાવવો નહિ, નિષ્કામ



Scanned by CamScanner

ભાવથી હરિને ભજો અને પછી નિષ્કામ બુદ્ધિથી મનમાં અને લોકોમાં હરિનાં ગુણગાન ગાવ. જ્ઞાનનો દેખાવ કરીને દંભ પોષશો નહિ. સગુણ ભક્તિ કરો અને એ સિદ્ધ થયા વિના અદ્વૈત જ્ઞાનની વાતો કહીને લોકોને થકવશો નહિ. તમે પહેલાં તરો અને પછી લોકોને તારો. તુકારામે ખૂબ જ વેદનાપૂર્વક આ વાત કહી છે.

તુકારામના વખતમાં સાલોમાલો નામનો એક ચોર કવિ હતો. તે તુકારામના અભંગોમાંથી તુકારામનું નામ કાઢીને પોતાનું નામ મૂકી દેતો અને એ એની પોતાની કવિતા છે એવું લોકોને ઠસાવવા પ્રયત્ન કરતો.

તુકારામ જેવા ઈશ્વરમય થઈ ગયેલા સત્પુરુષ સાલો-માલો જેવા દુર્જન અને દંભી માટે તેમના અભંગોમાં કઠોર શબ્દો કાઢે એથી કોઈને આશ્ચર્ય થશે; પણ આનો જવાબ તુકારામે જ આપ્યો છે કે 'જે સન્માર્ગે હોય તે તો બધું જાણે છે જ, પણ રસ્તો ભૂલીને ઘોર જંગલમાં જઈ રહેલાને તેની ભૂલ બતાવીને તેના હિત માટે હું સાવધ કરું છું. દુનિયા મને નિંદે તોપણ શું કરવું? જ્યારે માણસ સીધી રીતે સાંભળતું નથી ત્યારે આંખ લાલ કરવી પડે છે. દરદીની દયા ખાવાથી ચાલતું નથી, કડક થઈને કડવી દવા પણ પરાણે પાવી પડે છે. માન કે દંભ માટે હું કોઈને રંજાડતો નથી એનો સાક્ષી મારો વિઠોબા સદાય હાજર છે. આટલું જ કહીને હું દોષ ખુલ્લા કરું છું એથી કોઈને દુઃખ લાગે તો હું જ પાપી છું અને બીજા બધા સારા છે. હું એ બધાની માફી માગું છું.'

આળંદીમાં એક બ્રાહ્મણ જ્ઞાનેશ્વરની સમાધિ પાસે જ્ઞાને-શ્વરની કૃપા માટે અન્નજળ છોડીને બેંતાળીસ દિવસના ઉપવાસ

Scanned by CamScanner

કરવા બેઠો હતો. જ્ઞાનેશ્વરે સ્વપ્નમાં આવીને તેને તુકારામ પાસે મોકલ્યો. તુકારામ આવા દુન્યવી મનને ધિક્કારતા હતા; છતાં જ્ઞાનેશ્વરે આપેલી આજ્ઞાને ઉથાપવી નહિ એમ સમજીને તેને ઉપદેશ દીધો. એ ઘેલા બ્રાહ્મણે ઉપદેશ સ્વીકાર્યો નહિ અને ચાલ્યો ગયો. પરમાર્થ એ તો અદ્ભુત કીમિયો છે. કોઈ ખૂબ ઝડપથી એ સ્વીકારી લે છે તો પોતાને કાંઈ કરવું નથી એવી કલ્પનાથી પેલા બ્રાહ્મણની જેમ કોઈ ઉપદેશને ફેંકી દઈ નિરાશ પણ થાય.

છત્રપતિ શિવાજી સંવત ૧૬૮૬માં જન્મ્યા. સત્તર વર્ષની નાની વયે શિવાજીએ તોરણાનો કિલ્લો જીત્યો અને તેના પર સ્વરાજ્યનું તોરણ બાંધ્યું. તે પછી છઠ્ઠે વર્ષે તુકારામે આ દુનિયામાંથી પ્રયાણ કર્યું. રામદાસ સ્વામી સંવત ૧૬૬૫માં જન્મ્યા. તીર્થોની જાત્રા કરીને સંવત ૧૭૦૨માં તેઓ કૃષ્ણા નદીને કિનારે આવ્યા ત્યારે સંવત ૧૭૦૩ અને ૧૭૦૬ વચ્ચેના ત્રણ વર્ષના ગાળામાં તુકારામ, રામદાસ અને શિવાજીનું મિલન થયું હોય એવું માની શકાય.

તુકારામ અને શિવાજીનું કાર્યક્ષેત્ર પૂના જિલ્લો હતું. તુકારામે લોકોના ઉદ્ધાર માટે ધર્મજાગૃતિનું કાર્ય સ્વીકાર્યું હતું અને આ કામ પૂરેપૂરું વિકસ્યું હતું ત્યાં જ સ્વરાજ્ય સ્થાપવાની હિલચાલ શરૂ થઈ. ભરતખંડના બધા અવતારી પુરુષોનું રહસ્ય ધર્મસંરક્ષણનું જ હોય છે. આમ બંનેનું ધ્યેય એક જ હતું.

રાષ્ટ્રનું ઉત્થાન કે રાષ્ટ્રનો મોક્ષ એ બંને ધર્મના રક્ષણથી જ થાય છે. ધર્મરક્ષણમાં વર્ણાશ્રમધર્મનું રક્ષણ એ મુખ્ય છે, કારણ સનાતન ધર્મનો પાયો વર્ણાશ્રમધર્મ છે.

બ્રહ્મતેજ અને ક્ષાત્રતેજ બંને પ્રગટ અને એકરૂપ

Scanned by CamScanner

થયા વિના રાષ્ટ્રનો અભ્યુદય અને ધર્મોદય થતો નથી. આવું બેવડું સામર્થ્ય જ્યારે રાષ્ટ્રને મળે છે, ત્યારે જ રાષ્ટ્રધર્મનો વિજય થાય છે. તુકારામે ધર્મોદયનું કાર્ય સ્વીકારી લીધું અને તે સારી રીતે પાર પડ્યું.

છેવટનાં ચાર-પાંચ વર્ષમાં સ્વરાજ્ય માટે લડનારા ક્ષત્રિયવીરોને તુકારામે પોતાની આંખે જોયા. શિવાજીને ધર્મ જેટલો જ ધર્મપ્રચારક સાધુસંતો માટે પ્રેમ હતો. સાધુસંતોની કૃપા અને આશીર્વાદની ઓથ મળ્યા વિના તું રાજકારણમાં સફળ નહિ થાય એવો માતા જીજાબાઈનો અને દાદા કોંડદેવનો તેમને આદેશ હતો. રામાયણ-મહાભારતના વીરો અને ભક્તોની કથાઓ સાંભળવી શિવાજીને બહુ ગમતી. સાધુસંતોને મળવાનું, આદરપૂર્વક બોલાવી તેમના સમાગમનો લાભ લેવો એ શિવાજીની ધર્મશીલ પ્રકૃતિ બની રહી હતી. શિવાજીને સમર્થ રામદાસનો સંપર્ક થવાથી તેમની પાસેથી ઉપદેશ મેળવ્યો એ વાત તો જાણીતી છે. આવા સંતસમાગમ-પ્રેમી શિવાજી તુકારામને મળ્યા વિના રહે જ નહિ.

તુકારામ જ્યારે લોહગામમાં હતા ત્યારે સૌ પ્રથમ શિવાજીએ તેમના કર્મચારીઓ સાથે છત્ર, ઘોડા અને જવાહિર મોકલીને તુકારામને પૂના બોલાવ્યા, પણ તુકારામ તો હતા વૈરાગી. હવે થાય શું? તુકારામે એ બધું સ્વીકાર્યા વિના જ પાછું મોકલ્યું અને શિવાજીને નવ અભંગોવાળો એક પત્ર લખીને મોકલ્યો. તેમાં આ ભાવાર્થનું લખ્યું હતું:-

હે નારાયણ! હવે મને આમાં શું કામ સંડોવે છે? આમાં તો પરમાર્થની પાયમાલી થવાની છે. મનથી જેને મેં ત્યાજ્ય ગણ્યું છે એની તને ખબર નથી? તો પછી

સામાન્ય માણસો સહજમાં ભોળવાઈ જાય તેવી લાલચ મને શા માટે? રિદ્ધિસિદ્ધિનો મોં સામે ઢગલો કરીને તેં આજસુધી કેટલાયને સુખી કર્યા છે, પણ હું તો તારાં ચરણ સિવાય બ્રહ્માંડમાં બીજા કશાને ઓળખતો નથી.

આશા કે મોહ મારામાં હવે રહ્યાં ન હોવાથી કીડી અને રાજા કે માટી અને સોનું મારે મન સરખાં જ થયાં છે. મારા દિલમાં નારાયણે વાસ કર્યો હોવાથી બીજી કોઈ કમી હવે રહી નથી. હું દરિદ્ર છું એમ સમજીને મને મદદ કરવા તું પ્રેરાયો હોઈશ પણ હું હવે રંક નથી, મારો વૈભવ ખૂબ વિશાળ છે.

ત્રિભુવન સ્વામી મારે આધીન હોવાથી તેમનું તેજ મારા શરીરમાં આવી ગયું છે. હવે મારી જ સત્તા દુનિયા પર ચાલવાની છે. અને તું મને આપી આપીને મોટાઈ પણ કઈ આપવાનો હતો? ધનને તો હું ગોમાંસ સમાન ગણું છું. કદાચ મીઠાનો પહાડ સોનાનો બને, જંગલનાં બધાં વૃક્ષો કલ્પવૃક્ષ બને, નદીઓ અને સાગરમાં અમૃત ભરાય, મોતનેય રોકી શકાય, ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકાય, રિદ્ધિસિદ્ધિ મેળવાય, યોગસાધના થાય, તેથી બહુ તો મોક્ષ મળે, પણ વિઠોબાનાં ચરણ મળવાં તો દુર્લભ છે. ઉપરની કોઈ સાધનાથી એ મળી શકતાં નથી. કીર્તનમાં આવનાર રાજા કે રંક બધા સરખા છે.

એ પછી શિવાજી તુકારામનાં દર્શન માટે લોહગામ ગયા. કીર્તન સાંભળીને ખૂબ રાજી થયા, તુકારામનાં કીર્તનોની તેમને લગની લાગી ગઈ. રાતે જમીને ઘોડાને એડી મારીને તુકારામ દેહુ હોય તો દેહુ કે લોહગામ હોય તો ત્યાં જઈને શિવાજી કીર્તન સાંભળે અને સવારે આરતી થયા

Scanned by CamScanner

પછી તેઓ પાછા પૂના પહોંચી જાય. એવો ક્રમ કેટલાય દિવસ સુધી ચાલુ રહ્યો. દિવસે દિવસે શિવાજીના હૃદયમાં વૈરાગ્યની માત્રા વધી ગઈ અને તેઓ પૂના પાછા ન ફરતાં દેહુમાં જ તુકારામ સાથે રહ્યા. જીજાબાઈને થયું કે શિવાજી રાજકારણ છોડીને સાધુના સંગમાં સાધુ થઈને જ રહેશે કે શું? તેથી જીજાબાઈ પૂનાથી દેહુ ગયાં. તુકારામે કીર્તનમાં વર્ણાશ્રમની ફરજ કહી અને ક્ષાત્રધર્મ અને રાજધર્મને બરોબર સમજાવીને શિવાજીને પોતાની ફરજ બજાવવા મોકલ્યા.

એક દિવસ તુકારામના કીર્તનમાં શિવાજી બેઠા હતા ત્યારે એક હજાર પઠાણોએ ઓચિંતો વિઠોબાના મંદિરને ઘેરો ઘાલ્યો, ત્યારે તુકારામના પુણ્યપ્રતાપે કહો કે શિવાજીની સાવધાનીથી કહો, પણ મંદિરમાંથી શિવાજીના જેવા જ એક હજાર પુરુષો બહાર નીકળ્યા. એથી સાચા શિવાજી કોઈથી ઓળખી શકાયા નહિ. આ વાત બધા જાણે છે.

એક દિવસ તુકારામનું કીર્તન ચાલતું હતું ત્યાં વારકરીઓ સાંભળવા બેઠા હતા તેમાં શિવાજી, તેના વીર લડવૈયાઓ અને મુત્સદ્દીઓ પણ બેઠા હતા. આ બંને વર્ગને સાથે ઉપદેશ દેતાં તુકારામે કહેલું કે વીરત્વ રાજકારણમાં કે પરમાર્થમાં એક સરખું જ દુર્લભ છે. પ્રપંચ, રાજકારણ અને પરમાર્થ એ ત્રણેમાં સામાન્ય જનો વધારે આવે છે. સામાન્ય જીવો તો બધે ઠેકાણે હોય છે. ગુણીજન બહુ દુર્લભ હોય છે. આ નાશવંત શરીરના બધા વિકારોથી પર રહે. વિકારોને જીતે તે વીર. બુદ્ધિમત્તા, ઉદ્યોગપરાયણતા, ઉચ્ચ ધ્યેય, પરાક્રમ, લોકકલ્યાણની વૃત્તિ એ વીરના સહજ ગુણ છે. વીર ઉદાર સ્વભાવનો

Scanned by CamScanner

હોય છે, એ શરીરને તરણા જેવું અને સોનાને પથ્થર સમાન ગણે છે. વીર વિના પ્રજાનાં દુઃખ અને કલેશ દૂર થતાં નથી, શરીર એ હું નથી એવો તાત્કાલિક નિશ્ચય કરીને વીર અવિનાશી સુખ મેળવે છે. વીર તેના માલિક પાસે સાચું કહેતાં અચકાતો નથી. અંદર–બહાર શૂરો હોવાથી એ મન અને લોકો સાથે તે હિંમતથી લડે છે, કામ–ક્રોધને દૂર હઠાવીને ધર્મનું રક્ષણ કરે છે.

તુકારામે ખૂબ સ્પષ્ટ અને નિર્ભીક શબ્દોમાં રાજ-કારણના જે સિદ્ધાંતો કહ્યા છે, તે કરતાં વધુ જોશીલી વાણીમાં સમર્થ રામદાસ સિવાય કોઈએ ક્યાંય ઉપદેશ આપ્યો છે? તેમની વાણી મેઘગર્જના જેવી ગંભીર, આકાશ જેવી નિર્મળ અને સૂર્ય જેવી ઓજસ્વી છે. તેમણે આ ઉપદેશ સ્વરાજ્યસાધનાના મહાન કાર્યનો આરંભ કરનાર શિવાજીને અને તેમના સાથીદારોને તુકારામે કીર્તન વેળા જમા થયેલી મેદની વચ્ચે આપ્યો છે. આ ભક્તશિરોમણિની વાણી જોશીલી છે એમાં તો શંકા નથી જ.

નવાઈ તો એ વાતની છે કે આવા વિજયને વરેલા મહાપુરુષને અને તેમના વારકરી સંપ્રદાયને કેટલાક પાંગળો, નબળો, રાષ્ટ્રવિઘાતક અને નિરુપયોગી કહીને નિંદે છે, પણ મનોજયની સાક્ષાત્ મૂર્તિ, પર્વત જેવા દૃઢનિશ્ચયી, જ્ઞાનવૈરાગ્યનો સાગર, પ્રાણીમાત્રના કલ્યાણેચ્છુ ભગવાનનાં ચરણ પાસે બેસીને લોકોના કલ્યાણ માટે જે આશીર્વાદ માગે એવા પીઢ અને યોગ્યતાવાળા ઈશ્વરતુલ્ય મહાત્માની જે લોકો નિંદા કરે છે, તેમણે આ સંતનું ચરિત્ર તટસ્થ રીતે વાંચવું જોઈએ.

Scanned by CamScanner

# ૧૦: સંતપત્ની જિજાઈ

તુકારામનાં પહેલાં પત્ની રુકિમણીબાઈ સંવત ૧૬૮૭ ના ભયંકર દુકાળમાં અવસાન પામ્યાં ત્યારથી તુકારામનો સંસાર એટલે જિજાઈનો સંસાર એમ જ કહી શકાય. તુકારામના જીવનના પંદરમા વર્ષ પહેલાં જ જિજાઈનું તુકારામ સાથે લગ્ન થયું અને સંતના પ્રયાણ વખતે પાંચ માસનો ગર્ભ તેને હતો, એટલે લગભગ અઠ્ઠયાવીસ વરસ-નો એમનો સંસાર ગણાય. આ ગાળામાં જિજાઈને બાળકો થયાં અને બીજાંની જેમ જ એનો સંસાર જેમ તેમ ચાલ્યો. બાવીસમે વરસે તુકારામે સંસાર તરફથી મોં ફેરવી લીધું. ત્યારથી તેમની સાથે સંસારને ક્યારેય મેળ ન મળ્યો. 'લૌકિક રીત પ્રમાણે હું સંસાર ભોગવું છું, પણ એમાં મારું દિલ લાગતું નથી; મારા શરીરનું જ મને ભાન નથી ત્યાં રિવાજ ખાતર 'આવો–બેસો' કહીને લોકોનાં માન-સન્માન હું શી રીતે સાચવું?' વગેરે વૈરાગ્યના અનેક ઉદ્ગારો તુકારામના અભંગોમાંથી મળી આવે છે.

જિજાઈનાં મા-બાપ અને ભાઈ પૂનામાં રહેતાં હતાં અને ઘરનાં સ્થિતિસંપન્ન હતાં એટલે તેમની મદદથી જિજાઈએ તુકારામને ટેકો આપવા ખૂબ પ્રયત્નો કર્યા. પોતાના ભાઈને લવાદ રાખીને તુકારામના વેપારનાં કેટલાંય દેવાંની માંડવાળ કરાવી દીધી હતી, કેટલીય વાર શરાફો પાસેથી જિજાઈએ પોતાના નામનું ખાતું પડાવી પૈસા લાવીને તુકારામને વેપાર માટે આપેલા, પણ તુકારામ સાધુતાથી રંગાઈ ગયા હોવાથી બધા ધંધામાં નિષ્ફળ

Scanned by CamScanner

ગયા. તે પછી તુકારામ પોતાના નાનાભાઈ કાન્હોબાથી જુદા થયા અને ત્યાર પછી તો જિજાઈને સંસાર ચલાવવો પણ ભારે થઈ પડ્યો. એ જ અરસામાં જિજાઈને બાળકો પણ થયાં. પતિ કશું કમાય નહિ અને ઘરમાં બાળ-બચ્ચાંની કચકચ હોય તેથી જિજાઈનો સ્વભાવ ઝઘડાખોર થઈ જાય એમાં નવાઈ નથી. જિજાઈનો સ્વભાવ સારો હોત તો તુકારામ ભંડારા ઉપર ગયા ન હોત, અન્ન-વસ્ત્રની તંગી પડતાં તેનો બધો બોજ એકલી જિજાઈ ઉપર પડ્યો ન હોત, તો જિજાઈ પણ આવી ઝઘડાખોર કે અસહન-શીલ પણ થઈ ન હોત. વિકલ્પને નહિ પણ હકીકતને જ આપણે જોવી રહી.

નસીબ કહો કે ઈશ્વરેચ્છા કહો પણ આખી જિંદગી બન્નેને સાથે સંસાર વિતાવવો પડ્યો. પાશ્ચાત્ય તત્ત્વવેત્તા અને સાધુપુરુષ સૉક્રેટિસના જેવી જ તુકારામને પણ કર્કશા પત્ની મળી હતી એમ લોકો કહે છે તોપણ જિજાઈમાં અનેક મહાન ગુણો હતા અને તુકારામના સત્સંગમાં તેનું જીવન વીત્યું હોવાથી એના જીવનની ઉત્તરોત્તર પ્રગતિ જ થઈ હતી. તુકારામના વૈરાગ્યને અને અભ્યાસને આવી જ જરૂર હોવાથી નારાયણે યોગ્ય અને જરૂરી એવી યોજના કરી હતી એમ કહેવું જોઈએ. તુકારામ અને જિજાઈનો મેળબેસાડી દેવામાં ભગવાન ભૂલ્યા છે એવું શી રીતે કહેવાય? જિજાઈના સ્વભાવમાં થોડી તીખાશ હતી અને સંજોગવશાત્ એ વધી એ વાત સાચી હોય તોપણ તેનાં સત્કર્મોને લીધે તેને આ જન્મે લોકોત્તર ભગવદ્ભક્તનો સાથ મળ્યો અને તેને ધાર્મિક અને પુણ્યશાળી વાતા-વરણમાં રહેવા મળ્યું.

Scanned by CamScanner

ભક્તોના સંસારમાં પરમાત્મા કેવા ભળી જાય છે અને તેમને કશું પણ ઓછું આવવા દેતા નથી, એ વિષે થોડીક વાતો તુકારામના ગૃહસંસારમાંથી પણ મળે છે.

તુકારામે જિજાઈની એકની એક સાડી એક અનાથ સ્ત્રીને આપી દીધી એમાંથી ધાંધલ મચી ત્યારે પાંડુરંગે જાતે જિજાઈના શરીર ઉપર શાલ ઓઢાડી દીધી અને બન્નેની લાજ રાખી. પહેલો પુત્ર મહાદેવ પથરીના દરદથી પીડાતો હતો ત્યારે ઉપચાર કરીને થાકેલી જિજાઈ પુત્રને વિઠોબાના પગ ઉપર ફેંકી દેવા મંદિરમાં ગઈ. ત્યાં મંદિરમાં પગ મૂકતાં જ મહાદેવને છૂટથી પેશાબ થયો અને એ હળવોફૂલ બની ગયો.

સંસારનો બધો બોજ ખેંચવો અને તુકારામને ભાતું પહોંચાડવા ડુંગર ઉપર આવ-જા કરવી પડે એથી જિજાઈ ક્યારેક ક્યારેક ખૂબ કંટાળી જતી. એક દિવસ રોટલો ને પાણી ભરેલો લોટો લઈને જિજાઈ ડુંગર ઉપર ચડતી હતી. તાપ ખૂબ પડતો હતો. પગમાં પગરખાં નહોતાં. કાંકરા ખૂંચતા હતા. જિજાઈ ખૂબ ત્રાસી ગઈ. ત્યાં તો એક મોટો કાંટો એના પગમાં પેસી ગયો. જિજાઈને તમ્મર આવી ગયાં. પાણીનો લોટો પણ ઢોળાઈ ગયો. પગમાંથી લોહીની સેર છૂટી, કેટલીય વાર પછી એ શુદ્ધિમાં આવી અને કાંટો કાઢવા લાગી, પણ કોઈ પણ હિસાબે કાંટો નીકળતો નહોતો.

પોતાના નસીબને અને આવા ધણીને પનારે પાડનાર બાપને દોષ દેતી દેતી બનવાકાળ બની ગયાથી સંતોષ માનતી જિજાઈ કાંટો કાઢવા ખૂબ મથી પણ તે

Scanned by CamScanner

તો નીકળ્યો જ નહિ. કાંટો પગના તળિયાની આરપાર નીકળીને ઉપર સુધી આવી ગયો હતો. બાપે કેવા શ્રીમંતાઈના ભપકાથી એનું લગ્ન કરેલું, ભાઈ મોટી જાત્રામાં કેવી હોંશથી એને સાથે લઈ ગયા હતા વગેરે સુખના દિવસો યાદ કરીને અને તુકારામને ઘેર ભોગવવાં પડતાં દુઃખો સાથે તેને સરખાવીને પેટ ભરીને એ રડી. આ બાજુ તુકારામની ભૂખ વિઠોબાને લાગી એટલે તેમને જિજાઈની પણ દયા આવી. કારણ કે જિજાઈ પણ પોતાનો પતિવ્રતા ધર્મ પાળતી હતી. સ્વધર્મનું આચરણ કરનાર પર ભગવાનને પ્રેમ હોય છે. જિજાઈ સામે પીતાંબરધારી રુક્મિણીપતિ પ્રગટ થયા, પોતાના સંસારને સળગાવી દેનાર વિઠોબાની શ્યામસુંદર સગુણ મૂર્તિ સામે જોતાં જ જિજાઈને સંતોષ થવાને બદલે સંતાપથી તે ઘેરાઈ ગઈ. પોતાને આ દશાએ પહોંચાડનાર આ કાળિયો જ છે, એમ સમજીને એણે મોં ફેરવી લીધું. જિજાઈનું આ વર્તન જોઈને ભગવાનને પણ મજાક કરવાનું મન થયું.

રાવણ, કંસ, શિશુપાલ વગેરે માટે જે ભગવાન દુશ્મન હોવા છતાં તારક બન્યા, એ જ ભગવાન પોતાના પરમ ભક્તની માયાથી પોતાની સાથે નજર મેળવી દે એમાં શી નવીનતા ગણાય? કોઈ પણ બહાને મન ભગવાન તરફ લગાડવાનું પ્રાણીમાત્રનું કર્તવ્ય હોઈ, જિજાઈએ જ્યાં આંખ માંડી ત્યાં તેને શ્રીકૃષ્ણ દેખાવા લાગ્યા. છેવટે મારે આ મૂઆ કાળિયાનું મોં જોવું નથી એમ નિશ્ચય કરીને તેણે બંને હાથ વડે આંખો ઢાંકી દીધી ત્યાં તો એ જગદાત્મા અંતરમાં દેખાવા લાગ્યા! પુત્રીની જેમ

Scanned by CamScanner

ભગવાને તેના શરીર પર હાથ ફેરવ્યો. તે પછી ભગવાને પોતાના ખોળામાં જિજાઈનો પગ લીધો અને જરા પણ પીડા ન થાય એ રીતે કાંટો કાઢી નાખ્યો. ભગવાન અને જિજાઈ તુકારામ પાસે ગયાં. બંનેને સાથે જોઈને તુકારામની નવાઈનો પાર ન રહ્યો. ત્રણે જણ સાથે બેસીને જમ્યાં. ભગવાને હાથ વડે જમીન ખોતરી તો અંદરથી પાણીનું નિર્મળ ઝરણું વહેવા લાગ્યું.

તુકારામ અને જિજાઈ એ બેમાં ગુનેગાર કોણ? કેટલાકને મતે વિવાહિત પત્ની અને બાળબચ્ચાંનું ભરણ–પોષણ કરવાની તુકારામની ફરજ હતી અને એ ફરજ તેમણે બરોબર નથી બજાવી એટલે તુકારામ જ સાચા ગુનેગાર છે. આ વિષે વિચાર કરતાં લાગે છે કે દુનિયાને ઉપદેશ દેનાર તુકારામને આ ફરજ દેખાતી નહોતી એમ કહી શકાય નહિ.

તુકારામગાથામાં આવેલા સાત અભંગો ઉપરથી જિજાઈએ તુકારામ ઉપર મૂકેલા આક્ષેપો જોઈએ :

(૧) એ જાતે કાંઈ ધંધો કરીને પૈસા કમાતા નથી. પરણીને મારા પતિ થયા પણ બાળકોના ભરણપોષણની બધી વ્યવસ્થા મારે જ કરવી પડે છે.

(૨) એમના પેટની એમને ચિંતા નથી, અને અમારી પણ એ ફિકર કરતા નથી.

(૩) એ જાતે કાંઈ મેળવતા નથી, પણ ઘેર અનાજ આવે તો છોકરાંનેય ખાવા દેતા નથી. અનાજ અને કપડાં, માગે તેને આપી દે છે. તેઓ બીજાનાં પેટ ભરે પણ અમારે ભૂખ્યાં રહેવું પડે છે.

Scanned by CamScanner

(૪) તેઓ ઘરમાં તો રહેતા જ નથી. ઊઠીને જંગલમાં ચાલ્યા જાય છે. ત્યાંથી તેમને શોધી લાવવા પડે છે.

(૫) બધાને ભેગા કરીને ઘોંઘાટ મચાવી મૂકે છે, સુખે ઊંઘવા પણ દેતા નથી. એમની સોબતથી બીજા પણ સંસારથી વિરક્ત બની બેઠા છે અને તેમની પત્નીઓ પણ મારી જેમ રડતી ઘેર બેઠી છે!

જિજાઈના બધા આક્ષેપો આવા જ છે. એ ખોટા છે એવું તુકારામ પણ કહેતા નથી. એ સાત અભંગોમાંના છેલ્લામાં તુકારામે તેના જવાબો આપ્યા છે.

સંસારને મિથ્યા માન્યા પછી તુકારામ સંસારના સંબંધો, કર્તવ્યો તેમ જ સુખદુઃખો વિષે ઉદાસીન થઈ જાય એમાં એમનો દોષ પણ શો? જાગ્રત થયેલા પુરુષ અને સ્વપ્નમાં રાચતી સ્ત્રી–બંને સાથે થઈ જાય અને તેમાંથી જે પરિણામ આવે એ જ તુકારામ–જિજાઈના સંસારનું પરિણામ આવ્યું કહેવાય. ઊંઘતી સ્ત્રીની લાગણીઓની જાગ્રત પુરુષ ઉપર જરાય અસર પડતી નથી, ઊલટાનો જાગ્રત પુરુષ ફક્ત એ સ્ત્રીને જગાડવા પ્રયત્ન કરે છે અને તેવો પ્રયત્ન તુકારામે જિજાઈને આપેલા 'પૂર્ણબોધ'થી કર્યો છે.

તુકારામે દુનિયાને ઉપદેશ આપ્યો છે તેમાં જિજાઈ પણ આવી જ જાય છે; છતાં જિજાઈને જ સંબોધીને જે બાર અભંગો દ્વારા 'પૂર્ણબોધ' આપ્યો છે, તે જિજાઈની ફરિયાદોના જવાબો માટે પૂરતો છે.

પાંડુરંગ આ શરીરનો માલિક છે. એ ભલો છે. દયાળુ શાહુકારની જેમ તે એના કુળને ભૂખે મરવા દેતો નથી. તે આપણી પાસેથી એંસી ટકા વસૂલ કરે છે. મેં

Scanned by CamScanner

આજ સુધી દસ ટકા આપ્યા છે. સિત્તેર ટકા બાકીના એ માગે છે. હૃદયમાં બેસીને એ તકાદો કરે છે.

એંસી ટકા એટલે એંસી તત્ત્વો.

ભગવાન સિવાય બીજું છે પણ કોણ? તું મારા વિચારો સાથે ભળી જઈશ એટલે આપણો વિરોધ મટી જશે. વાસનાનો ત્યાગ કર, શંકા છોડી દે. મારું માને તો તું તારું દિલ વિશાળ કર. હું તો જલદી વૈકુંઠમાં જવાનો છું. તું પણ મારી સાથે ચાલ. આપણું ત્યાં સન્માન થશે. ઘરબાર બ્રાહ્મણને આપી દે. હું અને બધું મારું એ ભાવ છોડ. ભૂખ–તરસ, ધનલોભ, મમત્વ વગેરે છોડીને હું કેવો સુખી થયો છું તે જો.

તુકારામે જિજાઈને આ છેવટનો ઉપદેશ દીધો. આ ઉપદેશ નકામો ગયો નથી. જિજાઈનું આચરણ નિષ્કલંક, પવિત્ર અને પતિવ્રતાધર્મને અનુરૂપ હતું. પતિને જમાડ્યા વિના એ કોઈ દિવસ જમી નહોતી. દેખીતી રીતે પતિને એ વગોવતી હશે તોપણ તેનો પતિપ્રેમનો ઝરો સ્વચ્છ હતો. તુકારામ ઉપર તેને અપાર પ્રેમ હતો. પતિ વિષે તેનો કકળાટ નિષ્કપટ અને નિર્મળ હતો. તુકારામના ઉપદેશોનું તેના મન ઉપર સુંદર પરિણામ આવ્યું. ઉપદેશ સાંભળ્યા પછી બીજે દિવસે ઘરબાર બ્રાહ્મણોને દાનમાં આપી દીધાં અને બધા પાશમાંથી તે મુક્ત થઈ. પ્રેમ વિના ઝઘડો થતો નથી. ઝઘડાના સાચાપણા ઉપરથી લડનારાંને નિષ્કપટ પ્રેમની, શુદ્ધ આચરણની અને સચ્ચાઈની પ્રતીતિ થાય છે.

જિજાઈને કાશી, ભાગીરથી અને ગંગા એ ત્રણ

Scanned by CamScanner

દીકરીઓ અને મહાદેવ, વિઠ્ઠલ અને નારાયણ એમ ત્રણ દીકરા મળીને કુલ છ સંતાનો થયાં. તેમાં કાશી સહુથી મોટી અને નારાયણ નાનો. તુકારામના પ્રયાણ વખતે નારાયણ જિજાઈના પેટમાં હતો એટલે એ નાના પુત્રે પિતાને જોયા જ નહોતા. છોકરાંઓને સાચવવા માટે એક દાઈ રાખેલી હતી. તુકારામ ભંડારા કે ભામનાથના ડુંગરો-માં ભજનમાં લીન થઈ જતા ત્યારે ભૂખ–તરસને વીસરી જતા. જિજાઈ તેમને શોધી કાઢીને ખવડાવતી અને ઘેર પણ લઈ આવતી. જિજાઈએ દીકરીઓને ગરીબ સાથે જ પરણાવી હતી. એક દિવસ તુકારામ બહાર ગયા હતા ત્યારે બહાર જે છોકરાઓ રમતા હતા તેમાંથી બે છોકરા-ઓને જોઈને જિજાઈ ઘરમાં લઈ આવી અને બ્રાહ્મણને બોલાવીને પોતાની બે મોટી દીકરીઓ સાથે ફેરા ફેરવી દીધા! કોઈ જાતની મિજબાની કે પહેરામણી કશું ન મળે. એ છોકરાઓનાં મા–બાપ સારાં હતાં અને તુકારામનાં ભક્ત હતાં એટલો જિજાઈને સંતોષ થયો. નાની દીકરી ગંગાનાં લગ્ન પાછળથી થયાં. તુકારામની વચલી દીકરી ભાગીરથી મહાન પિતૃભક્ત અને ભગવદ્ભક્ત હતી. તુકારામે પ્રયાણ પછી જેઓને દર્શન દીધાં તેમાંની ભાગીરથી પણ એક હતી. તુકારામના પુત્રોમાં સૌથી નાનો નારાયણ ખૂબ કાર્યશીલ નીકળ્યો. દેહુ વગેરે ગામ તેને જ મળ્યાં. નારા-યણનું લગ્ન દેહુના ઇંગળે પટેલની પુત્રી સાથે થયું. તે પછી પણ તુકારામના વંશજો આ ઇંગળે પટેલના વંશજો સાથે લગ્ન કરતા. અત્યારના દેહુમાં તુકારામના મોટા ભાગે વંશજોનાં જ ઘર છે.

Scanned by CamScanner

# ૧૧ : સદેહે વૈકુંઠપ્રયાણ

તુકારામે સદેહે વૈકુંઠ જવાનો નિર્ધાર કરી લીધો હોવાથી અને પોતાની ઉત્તરક્રિયા પાછળથી કોઈને કરવાની રહેશે નહિ એટલે તુકારામે જીવતાં જ પોતાની ક્રિયા પોતે કરી લીધી અને બધાં બંધનોમાંથી છૂટા થઈ ગયા. દુનિયાને બિવડાવનાર કળિકાળને નાથ્યો. આમ તુકારામે મૃત્યુને મારી નાખ્યું.

ક્ષણભંગુર સંસારસુખ ત્યાગીને જે અવિચળ પરમાત્મ-સુખ તેમણે પ્રાપ્ત કર્યું, એ તેમની ભૂમિકાએ પહોંચેલા સંતો અને સજ્જનો જ સમજી શકે. આમાં જ્ઞાન અને ઉપાસના ચોખ્ખાં દેખાય છે. આ જ્ઞાન માત્ર દ્વૈત કે કેવલ અદ્વૈત નહોતું. એનું કારણ જ્ઞાન અને ભક્તિ એકરૂપે હતાં. શ્રીહરિના રંગથી તુકારામ પૂરેપૂરા રંગાઈ ગયા હતા. શરીરનું ભાન તો ભૂલ્યા જ હતા. તુકારામનો પ્રયાણનો સમય આવ્યો. શ્રોતાઓ ભાગ્યશાળી થઈ ગયા. તુકારામનું કાર્ય પૂરું થઈ ગયું.

રાતે તુકારામ કીર્તન કરવા ઊભા થયા. દેહુમાં ગોપાળપુરામાં નાંદુરગીના ઝાડ નીચે કીર્તનની શરૂઆત થઈ. એક વખતના અભંગો જાણીતા જ છે, તુકારામે તે દિવસે નામસંકીર્તન ભક્તિની પરાકાષ્ઠા બતાવી, પ્રેમામૃતના ભોજનથી સંતો અને સજ્જનોને તૃપ્ત કરી દીધા. નામ-ભક્તિના ઉત્કર્ષ માટે જ તુકારામનો અવતાર હતો.

ભગવાનના નામની મહત્તા ગાતાં ગાતાં જ તુકારામ વૈકુંઠમાંથી આ મૃત્યુલોકમાં આવેલા મહા વિષ્ણુ અને

સનકાદિ સંતો, નારદ અને ગરુડ આદિ માયા લક્ષ્મી વગેરે વૈકુંઠવાસી ભક્તજનો સાથે તન્મય થઈ ગયા. જાગ્રત અવસ્થામાં જેનું ધ્યાન ધરીએ છીએ તે જ આંખ મિંચાતાં સામે આવીને ઊભું રહે છે. તે રીતે જીવનભર જેની ઝંખના હોય છે એ જ મહા પ્રયાણ વખતે અંતરમાં પ્રત્યક્ષ થાય છે.

ભગવાનને જલદી લાવવા માટે તેમણે ગરુડને પ્રાર્થના કરી. તે પછી તુકારામના શરીરે શ્રેષ્ઠ ચિહ્નો પણ જણાવા લાગ્યાં. તુકારામની વૈકુંઠ જવાની ઉત્કંઠાએ ખૂબ તીવ્ર સ્વરૂપ પકડ્યું. એકલા તુકારામ જ વૈકુંઠમાંથી આવેલા વિષ્ણુ ભગવાનને જોઈ શક્યા. અને એ ભગવાનનું વર્ણન કરતાં કરતાં જ તુકારામ અદૃશ્ય થઈ ગયા. તેમનો દેહ કોઈને દેખાયો નહિ.

સંવત ૧૭૦૬ના ચૈત્ર વદ બીજ ને શનિવારે સૂર્યોદય પછી ચાર ઘડીએ ૪૧ મે વરસે તેમનું પ્રયાણ થયું. બીજને દિવસે તેઓ અંતર્ધાન થયા, પાંચમને દિવસે તેમની કરતાળ, તંબૂરો અને કામળો હાથ લાગ્યાં. પાંચ દિવસ સુધી ભક્તોની મંડળીએ કીર્તન-ભજનનો મહોત્સવ કર્યો. તુકારામ સદેહે વૈકુંઠ ગયા છે એટલે તેમની પાછળ ક્રિયાકાંડ કરવાનું કોઈ કારણ નથી, એવું સાતમને દિવસે રામેશ્વર ભટ્ટે શાસ્ત્રોમાં જોઈને કહ્યું અને બધાએ તે માન્ય રાખ્યું. ત્યારથી ચૈત્ર વદ બીજથી પાંચમ સુધી સંતના પ્રયાણનો મહોત્સવ દેહુમાં દર વરસે થાય છે.

સદેહે વૈકુંઠ શી રીતે જવાય એ પ્રશ્ન વિચારવા જેવો છે, પણ બીજા મહાપુરુષોના પણ આવા જ દાખલા છે. મુક્તાબાઈ આમ જ સૌની નજર આગળ અદૃશ્ય થયાં હતાં.



Scanned by CamScanner

કબીર સાહેબે ૧૦૧ વર્ષ જીવીને એક દિવસ શિષ્યોને ગુલાબની શય્યા તૈયાર કરવા કહ્યું અને તે ઉપર શાલ ઓઢીને સૂતા. થોડી વાર પછી લોકોએ શાલ ઊંચી કરી તો શું દીઠું? ગુલાબનાં ફૂલોના ઢગલા સિવાય કાંઈ ન મળ્યું. આ વાત કેટલાય હિંદુ અને મુસલમાન લેખકોએ જાતે જોયેલી લખી રાખી છે. શીખ ધર્મના સંસ્થાપક ગુરુ નાનકનો અંત પણ આ રીતે જ આવ્યો છે. તેમની અંતિમક્રિયા હિંદુ વિધિ મુજબ કરવી કે મુસ્લિમ વિધિ પ્રમાણે એવો શિષ્યોમાં વાદ ચાલતો હતો ત્યાં એક જણે મૃતદેહ ઉપરથી કપડું ઊંચું કર્યું તો ત્યાં કશું જ હતું નહિ અને વાદ ત્યાં જ પૂરો થયો!

બધા સાધુસંતો, રામાયણ–મહાભારત જેવા મહાગ્રંથો, કાળિદાસ જેવા કવિવર અને બીજા ધર્મગ્રંથો પણ એક મતે સદેહે વૈકુંઠ જવું અને જતાં જતાં કીર્તન કરતાં જ અદૃશ્ય થવું એ વાતને સાચી ઠેરવે છે; છતાં આ સત્ય-કથા ઉપર વિશ્વાસ ન આવે તેઓ તુકારામના અભંગોનો વિશ્વાસ અને આદરપૂર્વક અભ્યાસ કરે અને તેમાંનો તેમનો ભગવત્પ્રસાદ મેળવવા તેમણે સ્વાનુભવથી જે રસ્તો બતાવ્યો છે એ માર્ગે તેઓ ચાલે.

Scanned by CamScanner

# ૧૨ : શિષ્ય સમુદાય

તુકારામે ગુરુપદ ન સ્વીકારતાં મેઘવૃષ્ટિથી ઉપદેશ કરવાનો ચાલ પસંદ કર્યો; કારણ કે મેઘ તરફ એકીટશે તાકી રહેનારા ચાતકો આ દુનિયામાં પેદા થાય છે એટલે એમાં મેઘ પણ બિચારો શું કરે? તેમનું કીર્તન સાંભળવા હજારો લોકો આવતાં અને સંતોષ પામીને જતાં, પણ તેમાંથી કેટલાંક તુકારામને મન, વચન અને કાયાથી અનુસરવા લાગ્યાં. એવા ચૌદ સદ્ભાગી જીવોનાં નામ દેહુના એક જૂના મકાન ઉપર એક સાથે આપેલાં છે. આ ચૌદ શિષ્યોમાંથી સાત બ્રાહ્મણ અને સાત બ્રાહ્મણેતર હતા. આ જોતાં તુકારામ બ્રાહ્મણોને ધિક્કારતા હતા એવી દલીલ રહેતી નથી. આવો ભેદભાવ વારકરી સંપ્રદાયમાં ક્યારેય પેઠો નથી. બધા શિષ્યો તુકારામના કૃપાછત્ર નીચે આનંદથી ભગવાનના ભજનમાં મસ્ત હતા અને બધાનો પરસ્પર પ્રેમ પણ અવર્ણનીય હતો. પાછળથી બીજા ત્રણ શિષ્યોની વિગત મળેલી છે એટલે કુલ સત્તર શિષ્યોનો ટૂંક પરિચય અહીં છે:

**૧. મહાદાજી પંત કુલકર્ણી દેહૂકર:** દેહુના આ જોશી પહેલેથી તુકારામના ભક્ત હતા. તેમના અને તુકારામના કુટુંબના સંબંધો પરાપૂર્વથી ચાલ્યા આવેલા. તુકારામના સંસારનું એ ધ્યાન રાખતા. જિજાઈને જરૂર વખતે મદદ કરતા. વડીલ તરીકે બધી કાળજી લેતા. એક ખેતરનું રખોપું કરવા અર્ધો મણ દાણા લેવાનું નક્કી કરીને તુકારામ રહ્યા, પણ ભગવાનની ભક્તિમાં લીન થઈ ગયા ત્યાં તો ખેતરમાંથી બધું અનાજ પંખીઓએ સાફ કરી

Scanned by CamScanner

નાખ્યું. ખેડૂતે પંચ પાસે ધા નાખી. પંચે તપાસ કરી તો દસ ખાંડી દાણા નીકળ્યા. તેમાંથી પાંચ ખાંડી તુકારામને મળે એવો પંચે ચુકાદો આપ્યો. પણ તુકારામ તો અર્ધા મણથી એક દાણો વધારે લેવા તૈયાર નહોતા. ત્યારે મહાદાજી પંતે લોકોની સંમતિ લઈ એ અનાજ પોતાને ઘેર મુકાવ્યું અને વિઠ્ઠલ મંદિરના જીર્ણોદ્ધાર વખતે એ બધું અનાજ વાપરવામાં આવ્યું.

**૨. ગંગારામ મવાળ કડૂસકર :** વડીલોપાર્જિત મિલકત અને શરાફીનો ધંધો કરનાર આ બ્રાહ્મણની અટક 'મહાજન' હતી. પણ તેમના મૃદુ અને સૌમ્ય સ્વભાવને લીધે તુકારામ તેમને 'મવાળ' કહેતા. એક વાર ખોવાઈ ગયેલી ભેંસ શોધવા ગંગારામ ભામનાથ ડુંગર ઉપર ગયા ત્યાં ભજનપ્રેમથી રંગાયેલા તુકારામે તેમને કહ્યું કે, ઘેર જાવ, તમારા વાડામાં ભેંસ બંધાયેલી હશે. ગંગારામે ઘેર જઈને જોયું તો ખરેખર ભેંસ બાંધેલી હતી. ચાર દિવસથી ખોવાયેલી ભેંસ ઘેર આવી એ સાધુ પુરુષના વચનનો મહિમા જણાય એવું તેમને લાગ્યું. ત્યારથી ગંગારામ તુકારામ ઉપર મુગ્ધ બની ગયા.

**૩. સંતાજી તેલી જગનાડે :** ગંગારામ અને આ સંતાજી બન્ને તુકારામના લહિયા હતા. તુકારામના અભંગોની સંતાજીને હાથે લખેલી વહીઓ તળેગાંવમાં એના વંશજો પાસે છે. બન્ને વચ્ચે નક્કી થયેલું કે એમાંથી જે મરે તેની પાછળ બીજો માટી ઢાંકે. તુકારામ અદૃશ્ય થયા. પછી કેટલાંક વરસો પછી સંતાજીનું અવસાન થયું. તેમને દાટવા માટે બધા આપ્તજનો માટી નાખી થાકયા

Scanned by CamScanner

તોપણ તેમનું મોં ઢંકાય જ નહિ. અંતે અધીં રાતે તુકારામે માટીની એક મૂઠી નાખી ત્યારે એ કાયા ઢંકાઈ.

ભંડારાની તળેટીમાં સુદુંબર ગામમાં સંતાજીની સમાધિ છે.

**૪. ગબર શેઠ–સુદુંબ્રેકર :** આ વણિક સુદુંબર ગામમાં રહીને ધંધો કરતા હોવા છતાં તુકારામની સેવામાં રહેતા. તુકારામ પછી તેમનું અવસાન થયેલું. મરતી વખતે રામેશ્વર ભટ્ટ અને કાન્હોબાને મુખેથી તુકારામના અભંગો સાંભળતાં તુકારામના ધ્યાનમાં એવા મગ્ન થઈ ગયા હતા કે, છેવટે તુકારામે પ્રગટ થઈને તેમના કપાળે તિલક કર્યું અને ગળામાં હાર પહેરાવ્યો.

**૫. માલાજી ગાડે ચેવલવાડીકર :** તુકારામની ભક્ત પુત્રી ભાગીરથીના આ પતિ હતા. તુકારામે માલાજીને ગીતા આપી હતી. તુકારામના પ્રયાણસ્થળે ભાગીરથીની મૂર્તિ આજે પણ છે.

**૬ : કાન્હોબા :** તુકારામનો આ નાનો ભાઈ પહેલાં જુદો થયો હતો, પણ પછી તુકારામની છાપ તેના મન ઉપર પડી અને શિષ્ય થયો. તુકારામના પ્રયાણ વખતે કાન્હોબાએ રચેલા કરુણ રસપૂર્ણ અભંગો ખૂબ પ્રસિદ્ધ છે.

**૭. મલ્હાર પંત ચિખલીકર :** તુકારામની ભજનમંડળીમાં આ પણ એક નિષ્ઠાવાન શિષ્ય હતા.

**૮. કોંડો પંત લોહોકરે પુણેકર :** તુકારામના શિષ્યે એક દિવસ કાશીની જાત્રા કરવા જવાની ઇચ્છા દર્શાવી. તુકારામના અનેક ભક્તો કાશીમાં હોય એમ સમજીને તેમને ભલામણ કરવા વિનંતી કરી. તુકારામે પોતાના આસન

Scanned by CamScanner

નીચેથી એક સોનામહોર કાઢીને કોંડો પંતને આપી અને તે વટાવીને રોજ એક પૈસો રહેવા દઈને બીજા પૈસા જાત્રાના ખર્ચ માટે વાપરવા કહ્યું. રાખી મૂકેલા એક પૈસાની બીજે દિવસે સોનામહોર બની જતી. આ વાત કોઈને જણાવવાની તુકારામે ના પાડી હતી. જાત્રાએ જતી વખતે તુકારામે તેની સાથે ત્રણ અભંગ મોકલેલા તેમાં ગંગા, કાશી વિશ્વેશ્વર અને વિષ્ણુપદની પ્રાર્થના કરેલી છે. જાત્રા કરીને પાછા આવ્યા પછી કોંડો પંતને થયું કે આપેલી સોનામહોર તુકારામ પાછી માગી લે તો? એટલે સોના-મહોર રસ્તામાં ખોવાઈ ગયાની ખોટી વાત તુકારામને કહી અને કોંડો પંતે ઘેર જઈને જોયું તો સોનામહોર હતી જ નહીં. આથી એ ખૂબ પસ્તાયો અને માફી માગીને તુકારામ પાસે પોતાની એ ભૂલ માફ કરાવી.

**૯. રામેશ્વર ભટ્ટ :** તુકારામના એક વખતના હરીફ પાછળથી તેમના ભક્ત બની ગયા હતા. રામેશ્વર ભટ્ટના ભાઈના વંશજો આજે પણ વાઘોલીમાં રહે છે. રામેશ્વર ભટ્ટ તુકારામના શિષ્ય બન્યા પછી વારકરી મંડળમાં તે પણ રહેતા અને તુકારામની પાછળ રહીને તાલ દેતા. તુકારામ સાથે તેઓ દસ–બાર વર્ષ રહ્યા હતા. તેમની સમાધિ વાઘોલીમાં જ હતી.

**૧૦. શિવબા કાસાર :** લોહગામ તુકારામનું મોસાળ હતું એટલે ત્યાં પણ તેઓ કીર્તન માટે અવારનવાર જતા. તેમાં ઘણા લોકો એકઠા થતા પણ લોહગામનો આ શિવબા ત્યાં જતો નહિ; એટલું જ નહિ, પણ ઘેર રહીને તુકારામની નિંદા કરતો. પણ પાછળથી તે એવો ભક્ત

Scanned by CamScanner

બની બેઠો કે એની પત્નીના ગુસ્સાનો પાર ન રહ્યો. એક દિવસ શિવબાની ઇચ્છાથી તુકારામની તેને ઘેર પધરામણી થઈ ત્યારે શિવબાની પત્નીએ તુકારામને નવડાવતાં તેમના ઉપર ઊકળતું પાણી રેડ્યું. તેમના શરીર ઉપર ફોલ્લા પડી ગયા તોપણ તેઓએ સ્ત્રી પર જરાય ગુસ્સે ન થયા. પણ ભગવાન એના ભક્તને આવાં વીતક વિતાડનાર ઉપર ગુસ્સે થયા અને તે સ્ત્રીને આખા શરીર પર કોઢ નીકળ્યો. છેવટે રામેશ્વર ભટ્ટની સૂચના પ્રમાણે એક દિવસ જ્યાં તુકારામ ઉપર ધગધગતું પાણી રેડવામાં આવેલું, એ જગ્યાનો કાદવ લઈને શિવબાએ એની પત્નીના આખા શરીર પર લગાવ્યો ત્યારે એની કાયા સારી થઈ ગઈ. ત્યારથી એ ખૂબ પસ્તાઈ અને શિવબાની જેમ જ તુકારામની સાચી ભક્ત બની ગઈ.

**૧૧. નાવજી માળી:** લોહગામનો આ માળી તુકારામનો ભક્ત બન્યા પછી ઉત્તમ ફૂલોનો હાર બનાવીને તે તુકારામના ગળામાં પહેરાવતો. એ ભજનકીર્તનમાં ખૂબ પાવરધો હતો એટલે કીર્તનમાં આવે કે તુકારામની ખુશીનો પાર નહોતો રહેતો.

**૧૨. આવાજી પંત લોહગાંવકર:** લોહગામના બધા શ્રોતાઓમાં વધુમાં વધુ એકાગ્ર એવા આ જોશી કુલકર્ણી હતા. એક દિવસ કીર્તનમાં આવાજી પંત મગ્ન હતા અને અર્ધી રાતે એમનો દીકરો મરી ગયો. એમની પત્નીએ પુત્રનું શબ તુકારામ સામે મૂકીને તુકારામને ગાળો દેવા લાગી, પણ સંતે તો ભગવાનને આવાહન કર્યું અને ભક્તનાથ ભક્તના પુત્રને ભગવાનને બેઠો કરવો પડ્યો.

Scanned by CamScanner

**૧૩. કોંડ પાટિલ ખાંદવે :** લોહગામમાં તુકારામ જાય ત્યારે તેમનો ઉતારો આમને ઘેર રહેતો.

**૧૪. કચેશ્વર બ્રહ્મે :** નાનપણમાં ખૂબ રખડી ચૂકેલો આ બ્રાહ્મણ ખૂબ વિદ્વાન હતો. કોઈએ એને દેહુ જવાનું કહ્યું તેથી તે આવીને તુકારામનો શિષ્ય બની ગયો.

**૧૫. બહિણાબાઈ :** તુકારામના શિષ્યમંડળમાં બહિણાબાઈનું મહત્ત્વ વિશેષ છે. તુકારામ વિષે અને તેમના ઉપદેશો વિષે બહિણાબાઈએ જે અભંગો લખ્યા છે તેના પરથી તુકારામનું જીવન અને કવન વધુ ખાતરી-વાળું મેળવી શકાયું છે. બહિણાબાઈનું નામ તુકારામના અને રામદાસના એમ બન્નેના શિષ્યમંડળમાં છે.

બહિણાબાઈને બારમે વરસે સ્વપ્નમાં તુકારામે ઉપદેશ આપ્યો અને હાથમાં ગીતા આપી. બીજી વાર સ્વપ્નમાં તુકારામનાં દર્શન થયા પછી એ તેના પતિ સાથે દેહુ આવી અને તુકારામનાં પ્રત્યક્ષ દર્શન થયાં.

**૧૬. મંબાજી :** તુકારામને દુશ્મન તરીકે ગણતો મંબાજી શરૂમાં પરમાર્થ નહિ પણ પરધન ભેગું કરતો. તુકારામના વિઠ્ઠલમંદિરની અડોઅડ જ મંબાજીનું ઘર હતું. એ ઘરમાં મંબાજીએ સુંદર બગીચો બનાવ્યો હતો. એક દિવસ તુકારામની ભેંસ એ બગીચામાં પેઠી ત્યારથી મંબાજીએ ત્યાં કાંટાની વાડ કરી દીધી. અગિયારસને દિવસે લોકોની ખૂબ ભીડ થતી એથી બધાંને કાંટા ન વાગે એટલે તુકારામે એ વાડના બધાં કાંટા કાઢી લીધા. આથી મંબાજીના ગુસ્સાનો પાર ન રહ્યો. તેણે એ જ કાંટાના ઝાંખરાંથી તુકારામને મરણતોલ માર્યા, પણ તુકારામ ન

Scanned by CamScanner

ગુસ્સે થયા કે ન વેદનાનો એક અક્ષર સરખો બોલ્યા.

અગિયારશ આવી. મંબાજી કીર્તનમાં આવ્યા નહિ એટલે તુકારામ જાતે તેને ઘેર બોલાવવા ગયા. તેને પગે પડીને કહ્યું : 'બધો દોષ મારો જ છે. મેં ઝાડ ભેંસ પાસે બગડાવ્યાં ન હોત તો તમે કાંટા નાખ્યા ન જ હોત. આ મહેનત કરવાથી તમારા હાથ દુખવા આવ્યા હશે.' એવું મીઠી ભાષામાં કહીને તુકારામ તેના હાથ દબાવવા લાગ્યા. આ સૌજન્યથી મંબાજી થોડી વાર માટે તો શરમાઈ ગયો અને તુકારામ સાથે તરત જ કીર્તનમાં ગયો.

મંબાજીની આ વાત જાણીતી છે જ, પણ એનો ક્રોધી અને દ્વેષી સ્વભાવ બહિણાબાઈને પણ હેરાન કરી ગયો હતો તેની પણ એક વાત મળે છે.

મંબાજીને ઘેર બહિણાબાઈનો ઉતારો રહેતો એટલે તુકારામ જેવા શૂદ્રને બદલે તે પોતાનો ઉપદેશ સાંભળવા સમજાવવા લાગ્યો. આથી મહાદાજી પંતને ઘેર બહિણાબાઈનો ઉતારો ફેરવાઈ ગયો.

**૧૮. નિળોબા રાય પિંપળનેરકર :** તુકારામના શિષ્યમંડળમાં નિળોબા જેવી યોગ્યતાવાળું બીજું કોઈ નહોતું. નારાયણ તુકારામનો પુત્ર–વારસ ગણાય, તેમ નિળોબા વિદ્યા–વારસ હતો. તુકારામના ચરિત્રની પુનરાવૃત્તિ જેવું જ નિળોબાનું ચરિત્ર હતું. વારકરી સંપ્રદાયમાં જ્ઞાનેશ્વર, નામદેવ, એકનાથ, તુકારામ અને નિળોબા એ પંચાયતન સર્વમાન્ય અને સર્વપ્રિય છે.

નિળોબાના ચરિત્ર ઉપરથી જણાય છે કે તુકારામના જમાનામાં એની હસ્તી નહોતી. એ પરસ્પર મળ્યા પણ

Scanned by CamScanner

નહોતા. તુકારામના પ્રયાણ પછી પચીસ-ત્રીસ વરસે તેને સ્વપ્નમાં તુકારામે ઉપદેશ દીધો. મૂળ પિંપળનેરનો પણ શિરૂર આવીને વસેલો એ જોશી કુળકર્ણી હતો. અઢારમે વરસે સંસારનો બોજ માથે પડ્યો હતો. સુશીલ પત્ની હતી, પણ મંદિરની સેવા ઉપરથી એકાએક મન ઊઠી ગયું. સેવા કરતી વખતે ચાર ચાર વખત મંદિરના વહીવટદારોએ બોલાવ્યા છતાં; એ સેવા પૂરી કરીને જ ગયો એ માટે ખૂબ સાંભળવું પડયું.

ત્યારથી સંસાર પ્રત્યે વિરક્તિ આવી ગઈ. ઘરબાર બધું છોડીને વૈરાગી થયો અને અનેક જાત્રાઓ કરી ચૂક્યો. તુકારામ માટે જબરી લગની લાગી. છેવટે દાણોપાણી છોડીને બેઠો ત્યારે સ્વપ્નમાં તુકારામે ઉપદેશ આપ્યો. અભંગવાણી અને કીર્તનથી એ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવા લાગ્યો. તેનું કીર્તન સાંભળીને કેટલાય વારકરી સંપ્રદાયમાં ભળી ગયા. પંઢરપુરની જાત્રા તેણે ચાલુ રાખી. તુકારામની પાછળ વારકરીના ભક્તિપંથનો પ્રચાર નિળોબા જેટલો કોઈએ કર્યો નથી. ભાગવતધર્મનો ઝંડો ખરેખર તેણે આખા મહારાષ્ટ્રમાં ફરકાવ્યો.

જ્ઞાનેશ્વરે જેનો પાયો નાખ્યો, નામદેવે જેનો વિસ્તાર કર્યો, એકનાથે જેના પર ધજા ચડાવી અને છેવટે તુકારામ જેનો કળશ બન્યા એ ભાગવતધર્મના મંદિરની અખંડ અને અભંગ ઇમારત પંઢરપુરના વિશાળ ક્ષેત્રમાં ભગવાન વિઠ્ઠલની કૃપા છાયા નીચે ઊભી છે. આપણા આ ભાગવત ધર્મનો જયજયકાર હો!

Scanned by CamScanner

'સસ્તુ' સાહિત્ય' એટલે ઊચામાં ઊચું સાહિત્ય

# વિવિધ વિષયનાં વાંચવા લાયક પુસ્તકો

## ધર્મગ્રંથો

| | |
|---|---|
| મહાભારત–૭ ગ્રંથો | ૬૪–૦૦ |
| શાંતિપર્વ–( મહાભારત ભાગ ૬ ઠ્ઠો ) ... | ૧૦–૦૦ |
| શ્રીહરિવંશ અથવા ઉત્તર મહાભારત ... | ૧૦–૦૦ |
| મહાભારતસાર ... | ૪–૦૦ |
| વિષ્ણુપુરાણ ... | ૫–૦૦ |
| શ્રીમદ્ ભાગવત (બે ભાગ) | ૧૨–૫૦ |
| શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ ... | ૪–૦૦ |
| એકાદશ સ્કંધ–એકનાથી | ૬–૦૦ |
| એકાદશ સ્કંધ (શ્રીમદ્ ભાગવતનો) ... | ૨–૫૦ |
| શ્રીમાર્કંડેયપુરાણ ... | ૬–૫૦ |
| ભગવતી (દેવી) ભાગવત | ૮–૫૦ |
| વાલ્મીકિ રામાયણ | ૧૨–૫૦ |
| તુલસીકૃત રામાયણ | ૧૨–૫૦ |

*

| | |
|---|---|
| ઈશ ને કેન ઉપનિષદ (શાંકરભાષ્ય સાથે) | ૧–૨૫ |
| કઠોપનિષદ ,, ,, | ૧–૨૫ |
| પ્રશ્નોપનિષદ ,, ,, | ૧–૦૦ |
| મુંડકોપનિષદ–શાંકરભાષ્ય | ૧–૦૦ |
| ઐતરેય ઉપનિષદ-શાંકરભાષ્ય | ૦–૭૫ |
| તૈત્તિરીય ઉપનિષદ ,, | ૧–૫૦ |
| છાંદોગ્ય ઉપનિષદ ,, | ૫–૦૦ |
| બૃહદારણ્યક ઉપનિષદ ,, | ૮–૦૦ |
| શ્વેતાશ્વતર ઉપનિષદ ,, | ૧–૫૦ |
| સો ઉપનિષદો ... | ૫–૦૦ |
| ઉપનિષદ–નવનીત ... | ૨–૫૦ |
| મહાવાક્યરત્નાવલી ... | ૧–૦૦ |

*

| | |
|---|---|
| ઉપદેશસાહસ્રી ... | ૪–૦૦ |
| શ્રીદક્ષિણામૂર્તિસ્તોત્ર | ૧–૫૦ |
| વિવેકચૂડામણિ ... | ૧–૦૦ |
| મણિરત્નમાળા ... | ૧–૫૦ |
| સૌંદર્યલહરી ... | ૦–૪૦ |
| સ્તોત્રસંગ્રહ ... | ૧–૫૦ |
| મોહમુદ્ગર–દશ રત્નો | ૧–૦૦ |
| શતશ્લોકી–ચાર રત્નો | ૦–૭૫ |
| આત્મા–અનાત્માવિવેક | ૦–૩૫ |
| પ્રબોધસુધાકર–તત્ત્વબોધ | ૦–૫૦ |
| હસ્તામલકસ્તોત્ર અને વાક્યસુધા ... | ૦–૧૫ |
| પ્રશ્નોત્તરમાળા ને જીવન્મુક્ત-આનંદલહરી ... | ૦–૧૯ |

*

Scanned by CamScanner

| | |
|---|---|
| યોગવાસિષ્ઠ મહારામાયણ (બે ગ્રંથોમાં) | ૧૫–૦૦ |
| વૈદિક–વિનય (ત્રણ ભાગ) | ૭–૫૦ |
| અધ્યાત્મ વાર્તાલાપ | ૪–૦૦ |
| વૃત્તિપ્રભાકર ... | ૫–૦૦ |
| વેદાંતસિદ્ધાંતમુક્તાવલી | ૨–૦૦ |
| શ્રીપંચદશી–વિદ્યારણ્ય કૃત | ૫–૦૦ |
| પંચદશી ... | ૨–૦૦ |
| યુક્તિપ્રકાશ ... | ૧–૫૦ |
| બ્રહ્મસિદ્ધાંતમાલા ... | ૪–૦૦ |
| તત્ત્વાનુસંધાન ... | ૪–૦૦ |
| પંચીકરણ ... | ૨–૦૦ |
| પાતંજલ યોગસૂત્ર... | ૧–૫૦ |
| આત્મરામાયણ ... | ૧–૫૦ |
| શ્રીવેદાંતમાર્ગદર્શિની | ૨–૦૦ |
| વેદાંતશબ્દકોશ ... | ૦–૫૦ |
| હઠયોગપ્રદીપિકા ... | ૧–૫૦ |
| જીવન્મુક્તિવિવેક ... | ૧–૫૦ |
| જ્ઞાનવાણી ... | ૨–૦૦ |
| યોગાભ્યાસ અને આસનવિધિ ... | ૦–૬૦ |
| સનત્સુજાતનો ઉપદેશ અર્થાત્ મૃત્યુનું રહસ્ય... | ૦–૭૫ |
| કપિલ અને દેવહૂતિ | ૦–૬૨ |
| ષટ્પદી (વેદાંતપ્રક્રિયા) | ૦–૩૫ |
| વિચારસૂર્યોદય ... | ૦–૨૫ |
| બળવાન બનો ! ... | ૦–૭૫ |
| ત્રીજી આંખ ... | ૧–૦૦ |
| જ્ઞાનનાં ઝરણાં ... | ૦–૨૫ |
| વિચારમાળા ... | ૦–૫૦ |
| લઘુયોગવાસિષ્ઠસાર ... | ૦–૫૦ |
| મોક્ષનો માર્ગ ... | ૦–૫૦ |
| દૃગ્દૃશ્યવિવેક ... | ૦–૧૨ |
| અંતર–નિરીક્ષણ ... | ૧–૦૦ |
| જ્ઞાન અને કર્મ ... | ૦–૨૫ |
| નારદનાં ભક્તિસૂત્રો | ૦–૧૯ |
| શાંડિલ્ય ભક્તિસૂત્ર ... | ૦–૩૭ |

*

| | |
|---|---|
| અષ્ટાધ્યાયી રુદ્રી ... | ૧–૫૦ |
| શ્રીવિષ્ણુસહસ્રનામ... | ૦–૪૦ |
| જપ અને નામસ્મરણ | ૧–૨૫ |
| ભીષ્મસ્તવરાજ ... | ૦–૧૫ |
| હરિપાઠ ... | ૦–૧૫ |
| કંઠાભૂષણમ્ ... | ૦–૨૫ |
| ગંગામાતા ... | ૦–૫૦ |
| સંધ્યાપદ્ધતિ ... | ૦–૫૦ |
| શ્રીચંડીપાઠ ... | ૧–૫૦ |
| નિત્યપાઠ ... | ૧–૦૦ |
| શિવમહિમ્નઃ સ્તોત્ર | ૦–૭૫ |
| નારાયણકવચ ... | ૦–૬૦ |
| હનુમાનચાલીસા ... | ૦–૧૫ |

*

Scanned by CamScanner

વ્રતરાજ ... ૧૫–૦૦
સુભાષિતરત્નભાંડાગાર ૧૨–૦૦
સ્વાધ્યાયસુધા ... ૪–૦૦
મનુસ્મૃતિ ... ૫–૦૦
ધર્માલાપ-વાર્તાલાપ બે ગ્રંથો ૫–૦૦
બાલવિલાસ ... ૧–૫૦
વાટના દીવડા ... ૧–૫૦
હિંદુધર્મની બાળપોથી ૦–૬૨
ધર્મદર્શન ... ૧–૦૦
હિંદુધર્મ (એક પુસ્તકરૂપે) ૧–૨૫
હિંદુધર્મ અને સદાચાર ૦–૨૫
હિંદુધર્મ ... ૦–૨૫
હિંદુધર્મના પાયા ... ૦–૨૫

વિદુરનીતિ ... ૧–૦૦
સુભાષિત નીતિમંજરી ૧–૫૦
ચારુચર્યા ... ૦–૨૫
નીતિશતક ... ૦–૪૦
યક્ષ અને યુધિષ્ઠિર ૦–૬૦
વૈરાગ્યશતક ... ૦–૪૦
વિજ્ઞાનશતક ... ૦–૫૦
નવસંહિતા ... ૦–૩૭
વ્યવહારમાળા ... ૦–૫૦
સત્સંગમાળા ... ૦–૪૦
સંતોષસુરતરુ ... ૦–૩૦
સૂક્તાવલિ ... ૦–૪૦

*

ષોડશ ગ્રંથો ... ૧–૫૦
ધમ્મપદ–ધર્મનાં પદો ૧–૨૫
સમાધિશતક ... ૦–૪૦

શિક્ષાપત્રી ... ૦–૨૫
જપજી ... ૦–૬૨
ગોરખનાથ ... ૦–૩૭

*

ભગવદ્ગીતા–શાંકરભાષ્ય ૪–૦૦
ભગવદ્ગીતા–નીલકંઠી ૩–૦૦
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા ૬–૦૦
ભગવદ્ગીતા (મોટા અક્ષરોમાં) ... ૧–૨૫
ભગવદ્ગીતા–બાળબોધમાં ૦–૫૦
ભગવદ્ગીતા–ગુજરાતીમાં ૦–૫૦

જ્ઞાનસત્રગીતા–બાળબોધમાં ૧–૨૫
જ્ઞાનસત્રગીતા–ગુજરાતીમાં ૧–૨૫
પંચરત્નગીતા–કાચું પૂંઠું ૧–૫૦
ગીતામાં જીવનની કળા ૩–૦૦
શ્રી રામગીતા ... ૧–૭૫
ઉત્તરગીતા ... ૦–૩૭
ગીતાસંકલન ... ૦–૧૯

*

Scanned by CamScanner

| | |
|---|---|
| દેવો, ઋષિઓ અને પ્રતાપી પુરુષો ... ... | ૨–૦૦ |
| મહાન શીખ ગુરુઓ | ૨–૫૦ |
| ભારતના વીરપુરુષો | ૩–૦૦ |
| શિવાજી છત્રપતિ ... | ૧–૫૦ |
| સૌરાષ્ટ્રના સંતો ... | ૧–૫૦ |
| સોરઠી સ્ત્રીસંતો ... | ૧–૨૫ |
| સોરઠના સિદ્ધો ... | ૧–૫૦ |
| વીર દુર્ગાદાસ ... | ૧–૫૦ |
| બેન્જામિન ફ્રેંકલિન | ૧–૨૫ |
| બૂકર ટી. વૉશિંગ્ટન | ૧–૫૦ |
| મહાત્મા ટૉલ્સ્ટૉય ... | ૧–૨૫ |
| જોન ઑફ આર્ક | ૦–૭૫ |
| પિતામહ ભીષ્મ ... | ૧–૦૦ |
| ભક્તચરિત્ર ... | ૩–૦૦ |
| મહર્ષિ દધીચિ અને બીજાં બે આખ્યાનો | ૦–૫૦ |
| ગૌતમ બુદ્ધ ... | ૧–૫૦ |
| ચૈતન્ય મહાપ્રભુ ... | ૧–૦૦ |
| સ્વામી સહજાનંદ ... | ૨–૦૦ |
| સાક્ષાત્કારને પંથે તુકારામ | ૨–૦૦ |
| સ્વામીશ્રી વિવેકાનંદ | ૨–૦૦ |
| મહર્ષિ દયાનંદ ... | ૧–૫૦ |
| સ્વામી શ્રદ્ધાનંદ ... | ૧–૫૦ |
| સ્વામી ભાસ્કરાનંદ | ૧–૨૫ |
| સ્વામી બ્રહ્માનંદ ને શિવાનંદ ... | ૧–૩૭ |
| યોગીશ્વર યાજ્ઞવલ્ક્ય | ૦–૬૦ |
| શ્રીરામચંદ્ર દત્ત અને નાગમહાશય ... | ૧–૦૦ |
| સંત જ્ઞાનેશ્વર અને મહાત્મા એકનાથ | ૦–૩૭ |
| સ્વામીશ્રી નિત્યાનંદ | ૦–૫૦ |
| મહાત્મા દાદૂ દયાળ | ૦–૫૦ |
| શ્રીમત્ શંકરાચાર્ય | ૧–૦૦ |
| શુકદેવજી અને બીજાં આખ્યાનો ... | ૦–૫૦ |
| દેવર્ષિ નારદ ... | ૦–૩૧ |
| ગુજરાતના ભક્તો ... | ૦–૭૫ |
| ભક્ત પીપાજી ... | ૦–૪૦ |
| સંત મૂળદાસ ... | ૦–૩૭ |
| મેકણ દાદા ... | ૦–૫૦ |
| શ્રીશુકદેવજી ... | ૦–૩૫ |
| ગોસ્વામી તુલસીદાસ | ૦–૪૦ |
| ભક્ત પ્રહ્લાદ ... | ૦–૪૦ |
| શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૦–૪૦ |
| બાળકોના વિવેકાનંદ | ૦–૨૫ |
| સ્વામી રામતીર્થ (સંક્ષિપ્ત) | ૧–૦૦ |
| સ્વામી રામતીર્થ–નાનું | ૦–૨૫ |
| સુમુખ તથા નૃસિંહકુંવર | ૦–૩૭ |
| પ્રહ્લાદ આખ્યાન ... | ૦–૫૦ |
| સંતોની ફૂલવાડી ... | ૦–૫૦ |
| નાનભટ્ટ બાપા ... | ૦–૨૫ |
| જડભરત ... | ૦–૧૯ |
| મહાત્મા મસ્તરામજી | ૦–૪૦ |

Scanned by CamScanner

મહાત્મા સરયૂદાસ ૦–૫૦
કબીરસાહેબ ... ૦–૪૦
નાનક ... ૦–૩૭
સુદામાચરિત્ર ... ૦–૨૦
જ્ઞાનેશ્વર ને ચાંગદેવ ૦–૪૦
ભક્ત અંબરીષ ... ૦–૨૫
સતી સાવિત્રી ... ૦–૨૫

*

રામ ઝરુખે બૈઠકે ... ૨–૦૦
તડકી-છાંયડીનાં ફૂલગુલાબ ૨–૦૦
સમર્પણ ... ૧–૫૦
ત્રણ વરદાન ... ૨–૦૦
અનાવરણ ... ૨–૫૦
ચાણક્ય ને ચંદ્રગુપ્ત ૩–૫૦
અમર અજવાળાં ... ૧–૦૦
દિવ્ય વાર્તાઓ ... ૧–૦૦
કમળકુમાર ... ૦–૭૫
ઉત્તરરામચરિત ... ૧–૫૦
શકુંતલા ... ૦–૬૨
કથાસરિત્સાગર ... ૧–૦૦
ભોજપ્રબંધ ... ૨–૦૦
મોહિની અને બીજી વાતો ૧–૦૦
બનાવટી ફૂલો ... ૧–૦૦
નવ્વાણુનો ફેર અને
બીજી વાતો ... ૧–૦૦
સંત બળરામ અને પતિતા ૦–૭૫
બોધદાયક કથાઓ... ૧–૫૦
રંગ અને દીવા ૧–૫૦
બિરબલ અને બીજા ૨–૦૦
ગુજરાતી સાહિત્યમાં
શ્રેષ્ઠ હાસ્યપ્રસંગો ૨–૦૦
હાજીબાબાનાં સાહસો ૨–૫૦
ઇન્સાન મિટા દૂંગા
અને બીજી વાતો ૧–૨૫
પાપીની દશા ... ૦–૭૫
લોભનો થોભ ... ૦–૧૯
આગગાડી અને નવું
રેલવે સ્ટેશન ... ૦–૨૫
સમ્રાટ શ્રેણિક ને દેવી નંદા ૦–૨૫
પ્રકાશનાં પગલાં ૦–૭૫
હાસ્યતરંગ ૦–૭૫
જગતમાં જાણવા જેવું ૧–૨૫
ઇતિહાસને અજવાળે ૧–૦૦
ગામડું બોલે છે ૧–૦૦
મારો ભારત દેશ ૦–૭૫
સાહસકથાઓ ૧–૦૦
પટલાઈના પેચ ૨–૦૦
ગ્રામરચના ૧–૫૦
પ્રકૃતિનાં લાડકવાયાં
પંખીઓ ૨–૦૦
ગૃહ, ગૃહિણી અને ગૃહસ્થ ૧–૫૦
મહાત્મા ટૉલ્સ્ટૉય ૧–૨૫
ભીમનાં પરાક્રમો ૧–૫૦

*

Scanned by CamScanner

| | |
|---|---|
| શ્રીરામકૃષ્ણકથામૃત | ૬–૦૦ |
| હરિરેવ જગત્ ... | ૨–૫૦ |
| ઉપદેશસારસંગ્રહ ... | ૧–૫૦ |
| સંતગુરુનો પરિચય | ૨–૦૦ |
| સંતોની અનુભવ–વાણી | ૨–૦૦ |
| સદ્બોધસરિતા ... | ૧–૫૦ |
| સંતની વાતો ... | ૧–૫૦ |
| મેનાવતી–ગોપીચંદ તથા ભર્તૃહરિ–વિક્રમ | ૦–૨૫ |
| જેસલ–તોરલ તથા જાલંધર–ગોપીચંદ | ૦–૨૫ |
| મદાલસા અને અલર્ક | ૦–૩૦ |
| શ્રીરામકૃષ્ણ ઉપદેશ | ૦–૪૦ |
| વિવેકાનંદનાં વચનામૃતો | ૦–૫૦ |
| પરવાળાં ... | ૦–૨૫ |
| ગીતાંજલિ ... | ૦–૪૦ |
| પુરોગામી ... | ૦–૨૫ |
| પ્રવાસી ... | ૦–૩૭ |

*

| | |
|---|---|
| અર્થતંત્રની આંટીઘૂંટી | ૧–૦૦ |
| આપણે ફરી ન વિચારીએ ? | ૨–૦૦ |
| આત્મનિરીક્ષણ અને સંકલ્પ ... | ૧–૦૦ |
| સંસારનાં સુખ ... | ૨–૦૦ |
| સુખ, સામર્થ્ય ને સમૃદ્ધિ અને વિચારોના ચમત્કાર ... | ૩–૫૦ |
| સાહિત્ય પ્રવેશિકા ... | ૨–૫૦ |
| ગ્રામરચના ... | ૨–૦૦ |
| વ્યક્તિ–ચિત્રો ... | ૧–૫૦ |
| શુભસંગ્રહ–ભાગ ૨ જો | ૩–૦૦ |
| ,, –ભાગ ૯ મો | ૩–૦૦ |
| પલટાતા રંગ ... | ૧–૫૦ |
| સ્વામીશ્રી અખંડાનંદજીના પત્રો ... | ૧–૨૫ |
| વ્યાયામ અને સૂર્યનમસ્કાર | ૦–૭૫ |
| ભારતીય શિલ્પકળા | ૦–૩૭ |
| હિંદુસ્થાની સંગીત | ૦–૫૦ |

*

| | |
|---|---|
| શ્રીસુબોધકથાસાગર | ૨–૫૦ |
| શ્રીસુબોધરત્નાકર ... | ૧–૫૦ |
| બોધક વાર્તાઓ ... | ૧–૫૦ |
| દૃષ્ટાંતશતક ... | ૧–૨૫ |

**વધુ પુસ્તકોની વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો:**

# સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

સ્વામી અખંડાનંદ માર્ગ, ભદ્ર, પો. બૉ. નં. ૫૦, **અમદાવાદ**
અને ૧૪૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨

Scanned by CamScanner

# સંતવાણી—ભજનો

તુકારામગાથા—ભાગ ૨જો
પાન ૪૫૦ : કિં. ૩—૦૦

ભજનસાગર—ભાગ ૧, ૨
પાન ૮૭૨ : કિં. ૫—૦૦

ભજનસંગ્રહ
પાન ૨૧૬ : કિં. ૧—૦૦

તુલસીસતસઈ
પાન ૨૩૨ : કિં. ૧—૫૦

મીરાંબાઈનાં ભજનો
પાન ૧૧૨ : કિં. ૦—૭૫

નરસિંહ મહેતાનાં ભજનો
પાન ૯૬ : કિં. ૦—૭૫

પરિચિત પદસંગ્રહ
પાન ૪૦૦ : કિં. ૨—૦૦

વલ્લભ ભટ્ટની વાણી
પાન ૪૩૬ : કિં. ૩—૦૦

પ્રીતમદાસની વાણી
પાન ૧૮૪ : કિં. ૧—૫૦

કાવ્યમાધુર્ય
પાન ૭૨૮ : કિં. ૩—૦૦

કબીરનાં આધ્યાત્મિક પદો
પાન ૧૬૮ : કિં. ૧—૨૫

આપણી કવિતાનો
અ
પાન ૨૦૦ : કિ

દલપતરામની કવિ
પાન ૧૯૨ : કિ

ભક્તકવિ દયારામ
પાન ૮૦ : કિં. ૦—૪૦

નિષ્કુલાનંદની વાણી
પાન ૪૮ : કિં. ૦—૩૦

કબીરની સાખીઓ
પાન ૬૪ : કિં. ૦—૨૫

શામળના છપ્પા
પાન ૧૭૬ : કિં. ૧—૦૦

છોટમની વાણી
પાન ૮૮ : કિં. ૦—૭૫

અક્ષરમાળા
પાન ૮૦ : કિં. ૦—૩૭

સાંખ્યસાર અને યોગસાર
પાન ૭૨ : કિં. ૦—૩૭

શ્રીરામનામભજનાવલિ
પાન ૧૧૨ : કિં. ૦—૪૦

સંત દાદૂ
પાન ૬૪ : કિં. ૦—૨૫

ઋષિરાજનાં પદો
પાન ૬૪ : કિં. ૦—૪૦

પ્રબોધબાવની
પાન ૮૦ : કિં. ૦—૨૫

કેશવકૃતિ
પાન ૬૪ : કિં. ૦—૩૦

કવિ દીનદયાળગિરિ
પાન ૪૮ : કિં. ૦—૨૫

રાય
: કિં. ૦—૧૫

પદો
: કિં. ૦—૪૦

ા ચાબખા
પાન ૧૧૨ : કિં. ૦—૫૦

ધીરા ભગતનાં પદો
પાન ૮૦ : કિં. ૦—૫૦

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ**

Serving JinShasan
031320
gyanmandir@kobatirth.org

Scanned by CamScanner